પૂ. મલયાશ્રીજી મ. ને ભેટ

卐 તાલધ્વજ ગિરિમંડન શ્રી સુમતિનાથાય નમઃ 卐

સ.....મા.....ધિ.....સ્થ.....સ્વ.....ર્ગ.....ત

પૂ. સા. શ્રી અંજનાશ્રીજી સ્મારક
ગ્રંથમાલા નં. ૨

— શ્રી —

# રાસમાળા સંગ્રહ
## ભાગ ૨ જો

[૧–શ્રી કયવન્ના શાહનો રાસ
તથા
[૨–શ્રી ધન્ના શાલિભદ્રનો રાસ]

સં....પા....દિ....કા

પરમ શાંતમૂર્તિ-અપ્રમત્ત સંયમમૂર્તિ-પૂ. સાધ્વીજી
શ્રી અંજનાશ્રીજી મ.ના શિષ્યરત્ના-વિદુષી
પૂ. સાધ્વીજી શ્રી વિદ્યાશ્રીજી મહારાજ

પ્ર....કા....શ....ક

પૂ. શ્રી શાસનકંટકોદ્ધારકસૂરિજી જૈનજ્ઞાન મંદિર
જી. ભાવનગર, વાયાઃ તલાજા, મું. ઠળીયા (સૌરાષ્ટ્ર)

તલ્લાજાતીર્થમંડન શ્રી શાંતિનાથાય નમઃ

પૂ. સમાધિસ્થસ્વર્ગત-

## સાધ્વીજી શ્રી અંજનાશ્રીજી સ્મારક
## ગ્રંથમાલા નં. ૨

શ્રી

M. 2613
3.6.91

# રા....સ....મા....ળા....સં....ગ્ર....હ

# ભાગ ૨ જો

૧ શ્રી કયવન્ના શાહનો રાસ

તથા

૨ શ્રી ધન્ના-શાલિભદ્રનો રાસ.

સં....પા....દિ....કા.

પરમ શાંતમૂર્તિ-અપ્રમત્ત-સંયમમૂર્તિ પૂ. સાધ્વીજી
શ્રી અંજનાશ્રીજી મ.ના શિષ્યરત્ના પૂ. વિદુષી
સાધ્વીજી શ્રી વિદ્યાશ્રીજી મહારાજ

પ્ર...કા....શ....ક

પૂ. શ્રી શાસનકંટકોદ્ધારકસૂરિજી જૈન જ્ઞાનમંદિર
જી. ભાવનગર વાયા તલાજા મુ. ઠળીયા

70613

# સહાયકોની શુભ નામાવલી

## પૂ. સાધ્વીજી શ્રી વિદ્યાશ્રીજી મ.ના ઉપદેશથી

રૂા. ૧૦૩૦ અનેક સદ્‌ગૃહસ્થો તરફથી — તલાજા

રૂા. ૧૦૫૦ શેઠશ્રી ડોસાભાઇ અભેચંદની પેઢી તરફથી નવ રીમ કાગળોના — ભાવનગર

રૂા. ૨૦૧ પૂ. વિદુષી સાધ્વીજી શ્રી રેવતીશ્રીજી મ.ના ઉપદેશથી-શ્રી તીર્થ-રંજન વિહારની આરાધક બહેનો તરફથી — અમદાવાદ

રૂા. ૫૦૧ પૂ. વિદુષી સાધ્વીજી શ્રી મૃગેન્દ્રશ્રીજી મ.ના ઉપદેશથી છાપરીયા શેરી-મોટા ઉપાશ્રયની આરાધક બહેનો તરફથી — સુરત

રૂા. ૩૦૦ પૂ. વિદુષી સાધ્વીજી શ્રી મલયાશ્રીજી મ૦ના ઉપદેશથી ખાનપુરની બહેનો તરફથી — અમદાવાદ

રૂા. ૧૦૧ પૂ. સા. શ્રી ગુણોદયાશ્રીજી મ.ના ઉપદેશથી શ્રાવિકા સંઘના જ્ઞા — ઠળીયા

---

વીર સં. ૨૫૧૨ — વિ. સં. ૨૦૪૨

વસંત પંચમી

સને. ૧૯૮૬ — કિ. રૂા. ૫=૦૦ — કોપી ૫૦૦

પ્રાપ્તિ સ્થાન
શ્રી શાસનકંટકોદ્ધારકસૂરિજી
જૈન જ્ઞાનમંદિર જી. ભાવનગર
મુ. ઠળીયા ૩૬૪૧૪૫

મુદ્રક:
પ્રવીણચંદ્ર બી. શેઠ
શ્રી વિશાલ પ્રિન્ટરી
મુ. સોનગઢ ૩૬૪૨૫૦

પરમ શાંતમૂર્તિ-અપ્રમત્ત સંયમ મૂર્તિ-
પૂર્ણ સમાધિસ્થ સ્વર્ગત-સ્થવિર

# પૂ. સાધ્વીજી શ્રી અંજનાશ્રીજી મહારાજ



જન્મ :- વિ. સં. ૧૯૬૩ના પો. શુ. ૧૩ (ત્રાપજ)

દીક્ષા :- વિ. સં. ૧૯૯૧ના ફા. વ. ૧૩ સોમ (ઠળીયા)

વડીદીક્ષા :- વિ. સં. ૧૯૯૧ના વૈ. શુ. ૬ (પાલીતાણા)

સ્વર્ગવાસ :- વિ સં. ૨૦૪૧ના અ. શુ. ૫ રવિ (તળાજા)

# પ્રકાશકીય નિવેદન

પૂ. સાધુ-સંતો-મહંતો-સતા અને સતીઓ આદિનાં પુણ્ય-જીવન વૃત્તાંતોને આપણાં ગ્રંથકારોએ વિદ્વદ્ભોગ્ય એવી ગીર્વાણ-ભાષામાં કાવ્યો તથા ચરિત્રાદિરૂપે ગુંથીને અમરત્વ સમર્પેલ છે; પરંતુ સમાજના બધાજ જીવો, સંસ્કૃત-પ્રાકૃતભાષાના જાણ હોઈ શકે જ નહિ. આથી તેવા અનભિજ્ઞ આત્માઓ પણ તે પુણ્યપુરૂષોનાં ઉજ્વલ અને આદર્શ જીવનચરિત્રોને સહેલાઈથી અવગાહી શકે, ગાઈ શકે, ગવરાવી શકે અને શ્રોતાઓને પણ આનંદી શકે તે માટે ચાલુ ગુજરાતી ગેયભાષામાં વિક્રમની ૧૫મી થી વીશમી શતાબ્દિ સુધીમાં થએલાં આપણાં પૂજ્ય ગુરૂભગવંતોએ રાસા-ચોપાઇ-લાવણી-છંદ-વિવાહલા આદિ વિવિધરૂપે સાહિત્ય નિર્માણ કરીને આપણાં ઉપર મહાન ઉપકાર કરેલ છે.

આ લોકોપભોગ્ય વિશાળ સાહિત્ય સર્જનમાંથી થોડું ઘણું જ સાહિત્ય પ્રસિદ્ધ થવા પામ્યું છે અને ઘણું ખરૂં તો હજુ અપ્રકટ જ રહેલ છે! પ્રકટ થએલ સાહિત્યમાંનો જાજો ભાગ, શ્રાદ્ધરત્ન ભીમશી માણેકે પ્રાપ્ત પ્રતોના આધારે યથામતિ સંશોધન કરીને પહેલ વહેલાં પ્રસિદ્ધ કરેલ. તેવીજ રીતે પૂ. આગમોદ્ધારક આ. શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મ. શ્રી સ્થાપિત શ્રી દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર ફંડ-સુરત, પં. શ્રી જિનવિજયજી, વોરા લલ્લુભાઈ મોતીચંદ શાહ આદિ દ્વારા પણ જુદું જુદું સાહિત્ય પ્રસિદ્ધ થવા પામેલ છે.

આ બધું પ્રસિદ્ધ થએલ સાહિત્ય આજે મળવું પણ દુર્લભ થયેલ છે, અને જે છે તે પણ જીર્ણપ્રાયઃ પરિસ્થિતિમાં છે. આથી તેના ઉદ્ધારની જરૂર હતી જ; તેવામાં નવામતી પૂ. આ. શ્રી વિજયજિનેન્દ્રસૂરિજી મ.શ્રીએ પોતાની 'હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા' તરફથી સંશોધન કરવાપૂર્વક નવી આવૃત્તિરૂપે થોડા ઘણાં રાસા બહાર પાડયાં છે, જે પ્રશંસનીય છે.

'તો પછી તમો, તેનું તે સાહિત્ય કેમ ફરી છપાવો છો ?' તેવી થતી આશંકા અંગે જણાવવું જરૂરી છે કે "પૂ. દીર્ઘ ચારિત્રી, સુગૃહીત નામધેયા, પૂર્ણસમાધિસ્થ સ્વર્ગતા એવા 'પૂ. સાધ્વીજીશ્રી અંજનાશ્રીજી સ્મારક ગ્રંથમાલા' તરફથી પ્રકાશિત થતા રાસમાલા સંગ્રહ અંગેના આ પ્રાચીન સાહિત્યનું કાર્ય એવી વિશિષ્ટ કોટિનું છે કે તે તે મુદ્રિત અને અમુદ્રિત રાસાઓને પ્રાપ્ય હસ્તલિખિત પ્રતિઓ સાથે મેળવી તેમાંનાં ઉપયોગી પાઠોને મુદ્રિત અનુપયોગી પાઠોને સ્થાને જ દાખલ કરીને, બીજા પાઠાંતરોને તથા કઠીન અર્થોને ફુટનોટમાં આપવાપૂર્વક તેમજ શકય તેટલું શુદ્ધ બનાવવા પૂર્વક અતિપરિશ્રમે તૈયાર થતો આ રસથાળ, પૂ પ્ર. શ્રી મુનીન્દ્રસાગરજી મ. તથા પૂ. પં. શ્રી નરેન્દ્રસાગરજી મ. આદિ પૂજ્યો તરફથી પીરસાય છે." જેથી આજ સુધીની છપાએલી અને અત્યારે છપાતી એવી આવૃત્તિઓમાં 'સુસાધ્વીજી શ્રી અંજનાશ્રીજી સ્મારક ગ્રંથમાલા'નું પ્રકાશન, સહુથી આગવું સ્થાન ભોગવશે તેનું અમો ગૌરવ લઈએ છીએ.

## દીર્ઘચારિત્રી-શાંતમૂર્તિ-સ્થવિર-સુસાધ્વીજી

# શ્રી અંજનાશ્રીજી મહારાજની

# જીવન-સુવાસ

ભાવનગર જિલ્લાના ત્રાપજ નામે ગામના વારૈયા કુટુંબમાં વિ. સં. ૧૯૬૩ના પોશ શુદિ ૧૩ના શુભદિને તેમનો જન્મ થયેલ તેમના પિતાશ્રીનું શુભ નામ વારૈયા કલ્યાણજી દયાળભાઈ અને માતુશ્રીનું નામ હેમીબેન હતું. ચરિત્રનાયિકાનું નામ અનુપમા (અનોપ) રાખવામાં આવેલ. બાલ્યાવસ્થામાં ગુજરાતી પાંચ ચોપડીનો અભ્યાસ કરેલ; પરંતુ માતાપિતાના ધર્મસંસ્કારો તો ગળથુથીમાંથી જ સારા મળવા પામેલ હતા.

ક્રમે યૌવનાવસ્થાને પામેલી પોતાની પુત્રીની સગાઇ ધર્મનિષ્ઠ પિતાએ ધર્મીષ્ઠ કુટુંબ તરીકે પ્રખ્યાત એવા ઢળીઆ નિવાસી દીપચંદ જેરાજભાઈના સુપુત્ર શા. હરીચંદભાઈની સાથે કરી બોલ બોલેલ. આ વાતની મુંબઈ રહેલા ધર્મનિષ્ઠ શ્રીયુત હરીચંદભાઈને ખબર પડતાં પોતાના ભાવિ સસરાને જણાવી દીધેલ કે-'મારી સંયમ લેવાની ભાવના હોવાથી હું રાજીખુશીથી કહું છું કે-આ સગાઇ ફોક કરશો.'

જેના જવાબમાં ધર્મરંગે રંગાયેલા વારૈયા કલ્યાણજીભાઇએ પણ જણાવી દીધું કે-'દીકરી એકવાર દેવાય અને મારી દીકરી અનુપમાના બોલ તમારી સાથે બોલાઈ ગયા છે તે ફોક નહિ થાય. માટે એક વખત દીકરીનો હાથ ઝાલી લ્યો પછી તમારે જ્યારે ચારિત્ર લેવું હોય ત્યારે ખુશીથી લેશો.'

આમ પરિસ્થિતિ ઉભી થતાં સં. ૧૯૭૮માં તેઓના લગ્ન થયાં અને સં. ૧૯૮૪ સુધીના સંસારવાસમાં પરમાનંદ તથા મનસુખ નામે બે પુત્ર અને વિમલા નામે એક પુત્રીની પ્રાપ્તિ થયેલી. તેમાં નાના ચાલાક પુત્રનું અચાનક અવસાન થતાં હકી-ચંદભાઈનો વૈરાગ્ય વધુ તીવ્ર બન્યો. અને તેથી સહધર્મચારિણી અનુપમાનું સ્નેહબંધન ઢીલું પાડવા માટે હંમેશાં સંસારની અસારતા તથા ત્યાગ-વૈરાગ્યની વાતો સમજાવવા માંડી. પરિણામે છ વરસના ટુંકા લગ્ન ગાળામાં દંપતિએ ચતુર્થવ્રત પણ ઉચ્ચરી લીધેલ. તેમજ સગાંસબંધીઓનાં પણ પ્રેમબંધનને ઢીલું પાડવા અને ભવિષ્યમાં ચારિત્રમાર્ગમાં પોતાના આત્માની વધુ સ્થિરતા થાય તે માટે બધી ઇન્દ્રિયોમાં બળવાન એવી રસના ઇન્દ્રિય ઉપર કાબુ મેળવવારૂપ છએ વિગઈઓનો પોતે ત્યાગ કર્યો !

પોતાના સ્વામીને રંગ-રાગ અને મોજશોખને બદલે ત્યાગ-વૈરાગ્યમાં ઝુલતાં જોઈને અનુપમાએ પણ ઉગતી યૌવનાવસ્થામાં પોતાની વાસનાઓ અને મોજશોખો ઉપર નિયંત્રણ મૂકી દીધું ! એટલું જ નહિ પરંતુ બાળ-બચ્ચાંઓ સાથે પોતે પણ વૈરાગ્ય-ભાવમાં આવી ગયાં ! તે એટલે સુધી કે-પોતાનો સ્વામી, સં. ૧૯૮૭ના કારતક વદ ત્રીજના શુભ દિને મુંબઈમાં દીક્ષા ગ્રહણ કરવા ઘરેથી પ્રયાણ કરે છે ત્યારે આ આદર્શ નારી અનુપમાએ ૭ કાલસોયી દીકરી વિમળાના હાથે સ્વામીના ભાલે કુંકુમનું તિલક કરાવીને પોતાનાજ હાથથી રૂા. ૧૦૧ અને શ્રીફળ સ્વામીના હાથમાં મૂકી સંયમમાર્ગની અનુમતિ આપી !

ત્યારબાદ નાની કુમળીવયની એટલે ૧૧ વર્ષની પુત્રી વિમળા અને ૮ વર્ષની વયના પુત્ર પરમાણંદની સાથે સં. ૧૯૯૧ના ફાગણ વદ ૧૩ને સોમવારના રોજ પોતાના સાસરીયાં-ઢળીઆ ગામમાં પોતાના જ સ્વામીના હાથે પ્રવ્રજ્યા અંગીકાર કરીને સાધ્વીજી શ્રી અંજનાશ્રીજીમ૦, સાધ્વીજી શ્રી વિદ્યાશ્રીજી તથા મુનિ શ્રી નરેન્દ્રસાગરજી નામે જગવિખ્યાત બન્યા.

ચારિત્ર સ્વીકાર્યા બાદ જેમ બને તેમ વધુ નિર્મળતા થાય

તેમ શક્તિ અનુસાર તપ-ત્યાગ-સ્વાધ્યાય-સાધુ આચારોનું દૃઢ ચિત્તે પાલન તેમ જ વિષયકષાયથી અલિપ્ત રહેવાનું રાખેલ. તેમના પરિચયમાં આવેલા કોઈને પણ પૂછો તો એક જ અવાજ સાંભળવા મળશે કે-'જ્યારે જાઓ અને જૂઓ ત્યારે સાધ્વીજી શ્રી અંજનાશ્રીજી મહારાજ, પ્રસન્નચિત્ત અને પોતાની આત્મ સાધનામાં જ મગ્ન.'

આવાં સંયમીજીવનમાં માસખમણ ૧૬-૧૫-૧૧-૮ ઉપવાસની તપસ્યા, વીશ સ્થાનકની આરાધના, નવપદજીની નવેય ઓળી, ૫૨ અજવાળા, પર્વતિથિ આરાધના, રત્ન પાવડીના છઠ્ઠ-અઠ્ઠમ આદિ વિવિધ તપશ્ચર્યાઓ કરેલ છે. છેલ્લાં ચાર-પાંચ વર્ષથી પગનાં બબ્બે વખતનાં ફ્રેકચરના કારણે તેમજ નવ વર્ષથી લાગુ થયેલા કેન્સરની અસહ્ય પીડાને કારણે સંથારાવશ હોવા છતાંય જ્યારે જુઓ ત્યારે પ્રસન્નમુખ મુદ્રા ! તેઓશ્રીને શાતા પૃચ્છા આવનારા પૂ. આચાર્ય વર્યો, સાધુઓ કે સાધ્વીજીઓને પણ છેવટની ઘડી સુધી કેન્સર રોગની જાણ થવા પામી ન હતી ! આવી તેમની સહન શક્તિ અને સમભાવ હતો ! !

આવા પુણ્યશાળી ચરિત્રનાયિકા સાધ્વીજી મહારાજને છેલ્લા ૧॥ મહિનામાં તો કેન્સર રોગે જોર પકડયું ! ક્ષણ પણ બેસી ન શકાય તેવી પરિસ્થતિ હોવા છતાં તલાજા શ્રી સંઘની વિનંતિથી પોતાના વિશાળ સાધ્વીજી સમુદાયને લઈ ને ૨૦૪૧ના જેઠ વદી ૧૦ના રોજ પૂ. ગુરૂદેવો સાથે વાજતે ગાજતે ચાતુર્માસ માટેના પ્રવેશમાં લગભગ કલાક બેસીને શહેરમાં ફર્યા. પ્રવેશ બાદ ડોકટરની સતત ટ્રીટમેન્ટ ચાલુ હોવા છતાંય દર્દ જરાય શાંત ન થતાં દિન પ્રતિદિન ગંભીર રૂપ પકડતું ગયું. તેની અસહ્ય વેદનામાંય તલાજા શ્રીસંઘે તેઓશ્રીની ગજબની સહનશીલતા અને સમતાભાવ નજરે નીહાળેલ છે.

જીરનયાત્રાના અંતિમ દિવસે એટલે કે-અશાડ શુદિ ૫ ને રવિવારે સવારે ૧૦॥ વાગે તેઓ પોતાની લાડકવાયી પુત્રીનું સ્વીજી શ્રી વિદ્યાશ્રીજીનો હાથ પકડીને-'વિદ્યા ! હવે હું જાઉં છું, તને અને બધી સાધ્વીને મારો મિચ્છામિ દુક્કડં'. એમ સ્પષ્ટ જણાવેલ,

અને ત્યારબાદ ચરિત્રનાયિકા પૂ. બા મહારાજના ભત્રીજા અને પુત્ર મુનિ આવતાં બંનેને ઓળખીને પુત્રમુનિને કહે છે કે- 'મને ધારણાપચ્ચક્ખાણ કરાવ.' આથી સમય પીછાણીને પુત્રે 'સંથારો-દવા અને પ્રવાહી' સિવાયના સર્વના પચ્ચક્ખાણ કરાવી આરાધના ચાલુ કરાવી હતી.

આ આરાધના, પ્રસન્ન ચિત્તે સાંભળતા હતા અને ખમાવવાના સ્થાનોને શારીરિક શક્તિ ન હોવા છતાંય આત્મબળે હાથ ભેગા કરી માથે અડાડવા પૂર્વક 'મિચ્છામિદુક્કડં' દઇ ખમાવાતા તેમજ પાપસ્થાનકોને, આલોચના સ્થાનકોને વોસીરાવતા જતા હતા. આ અવસરે આરાધનાકારક શિષ્યાઓનું ગળું સ્નેહ તથા પ્રેમવશે રૂંધાતું તો તુરત જ અંતિમ અવસ્થાની ઘડીઓ ગણાઈ રહી હોવા છતાં સજાગ એવા તેઓશ્રી મક્કમ થઈને 'કેમ બોલતાં અટક્યાં ? ચાલુ રાખો' એમ પ્રેરણા આપી-આપીને ૨।। કલાકની ચાલુ સતત આરાધનામાં ચતુર્વિધ શ્રીસંઘે આપેલા વ્રત-તપ-જપ-ત્યાગ-યાત્રા-સ્વાધ્યાય આદિની અનુમોદના કરતાં કરતાં અપૂર્વ સમાધિમય દશામાં દીર્ઘચારિત્રી-સ્થવિર અને 'પૂ. બા. મહારાજ' ના લાડીલા નામે પ્રખ્યાતિ પામેલા સુસાધ્વીજીશ્રી અંજનાશ્રીજી મ૦શ્રીનો આત્મા, બપોરે ૧-૫૫ મીનીટે નશ્વર દેહનો ત્યાગ કરી સ્વર્ગે સીધાવ્યો !

દશ જ દિવસની સ્થિરતા દરમ્યાનમાં તલાજા શ્રીસંઘે તથા તીર્થકમિટિએ ખડે પગે સેવાનો લાભ ઉઠાવ્યો, એટલું જ નહિ પણ એક મહાન્ આચાર્યમ૦ની પાલખી નીકળતી હોય તેવી રીતે પાલખી સાથે સ્મશાનયાત્રામાં ૧૫૦૦થી૧૭૦૦ ભાઈ-બ્હેનો જોડાએલ. ચરિત્રનાયિકા પૂ૦ ગુરૂણીજીના સ્વર્ગવાસના સમાચાર ફોનથી મળી જતાં ભાવનગર-પાલીતાણા-ઠળીઆ-ત્રાપજ-તણસા-દેવળીયા સોનગઢ-દાઠા-મહુવા-પીપરલા-પાવઠી-કામરોળ વગેરે ગામોના ભાઈ બ્હેનો પણ સમયસર સ્મશાનયાત્રામાં જોડાવા પામ્યા હતા.

આમ પચાસ વર્ષના દીર્ઘ સંયમપર્યાયવાળા પ્રાતઃસ્મરણીયા એવા પૂ. બા મહારાજના સ્વર્ગવાસ પછી તલાજા શ્રીસંઘે પદ્માવતીપૂજન તથા શાંતિસ્નાત્ર સહિતનો અષ્ટાહ્નિકા મહોત્સવ કરેલ

અને તે અવસરે જીવદયાની છૂટે મને થયેલી ટીપમાંથી પૂ. બા. મ૦ની સ્વર્ગવાસની કાયમી તિથિ નિમિત્તે રૂા. ૧૦૦૧ છાપરીઆળી પાંજરાપોળમાં, ૫૦૧) સમઢીયાળા પાંજરાપોળમાં, ૫૦૧) પાલીતાણા પાંજરાપોળમાં, રૂા. ૧૦૭૧) તળાજા સંઘમાં તેમજ રૂા. ૧૦૦૧) પૂ. આ૦દેવશ્રી હંસસાગરસૂરીશ્વરજી મ૦ની સ્વર્ગારોહણ તિથિની કાયમીતિથિ તરીકે છાપરીઆળી પાંજરાપોળમાં ભરાવેલ. તેવી જ રીતે જોરાવરનગરના શ્રીસંઘે લખતર પાંજરાપોળમાં પૂ૦બા.મ૦ની કાયમી તિથિ નોંધાવીને પૂજ્ય બામહારાજશ્રી પ્રતિના અંતરંગ ભક્તિભાવનાનું ચિત્ર ખડું કરેલ.

દીર્ઘસંયમી-શાંતમૂર્તિ-ચારિત્ર પરાયણા-પ્રાંતઃ સ્મરણીયા પૂ૦ ગુરુણીજી મ૦નું નામ અમર રાખવાના ઉદ્દેશથી પૂ. સાધ્વીજી શ્રી અંજનાશ્રીજી સ્મારક ગ્રંથમાળા’ ચાલુ કરીને તેનાં મણકાઓ રૂપે પૂર્વ મહર્ષિઓનાં રચેલા અને હાલ અપ્રાપ્ય બનેલા એવા મુદ્રિત અને અમુદ્રિત પ્રાચીન રાસાઓનું પ્રકાશન કરવાનું અમારી સંસ્થાઓ નિર્ધારેલ છે. આવા અમારા ભવોદધિ તારક અને સંયમરક્ષા માટે અનેક ધગશ ધરાવનારા પૂ. ગુરૂણીજી શ્રી અંજનાશ્રીજી મહારાજશ્રીને અમારા કોટિ કોટિ વંદના.

લી.

આપના વિરહથી તરફડતી

આપની બાલશિષ્યાઓ.

# રાસ-રાસકાર અંગે કિંચિત્ વક્તવ્ય

'પૂ. સાધ્વીજી શ્રી અંજનાશ્રીજી સ્મારક ગ્રંથમાળા' તરફથી છપાતા 'રાસમાળા સંગ્રહ'ના પ્રથમ ભાગમાં કર્મ સત્તાની કેવી જાલીમતા છે? તેના કેવાં કટુ પરિણામો-ફળો છે? તે સૂચવતા એવા 'મહાસતી અંજનાસુંદરીનો રાસ, ગૌતમ-પૃચ્છાનો રાસ, કર્મવિપાકનો રાસ તથા લીલાવતી-સુમતિવિલાસનો રાસ' એમ ચાર રાસાઓ પ્રકટ કરવામાં આવેલ છે.

હવે 'રાસમાળા સંગ્રહ'ના આ બીજા ભાગમાં દાનધર્મની મહત્તા, દાનધર્મનાં પ્રતાપે ઉત્તમ ફળની પ્રાપ્તિને સૂચવતા તેમજ વ્યાપારીઓ નૂતનવર્ષના પ્રારંભે પોતાના ચોપડામાં કંકુના અક્ષરોથી જે—"કયવન્ના શેઠનું સૌભાગ્ય હજો, ધન્ના-શાલિભદ્રની ઋદ્ધિ હજો." ઇત્યાદિ લખે છે તે—શ્રી કયવન્ના શાહનો રાસ તથા ધન્ના શાલિભદ્રનો રાસ આપવમાં આવેલ છે. જેના વાચન - શ્રાવણથી શ્રોતાઓ દાનધર્મને તથા તેના પ્રભાવને અને તેનાથીપ્રાપ્ત થતાં ઐહિક-પારત્રિક સુખોને પીછાણી શકે - પામી શકે અને આત્મ કલ્યાણ સાધી શકે.

કયવન્ના શેઠના રાસ અને ચોપાઈઓ જુદા જુદા ગચ્છના મળીને ૧૧ કર્ત્તાઓનો ઉલ્લેખ મળે છે. જેમાં મડાહડગચ્છીય મતિસુંદરસૂરિજીના શિષ્યની ૧૫૬૪માં બનાવેલી કૃતિ, સહુથી પ્રાચીન છે. ત્યારબાદ ૧૬મી શતાબ્દિમાં થયેલ જિનચંદ્રસૂરિજીની પાટે નયરંગ-વિમલવિનય-ધર્મમંદિર-પુણ્યકલશ સૂરિના શિષ્ય જયરંગે (જેતસી-જયંતસિંહ) સં. ૧૭૨૧માં આ રાસની રચના કરી

છે. જે ભીમસી માણેક તરફથી પૂર્વે છપાયેલ. તેનો 'શાસન-કંટકોદ્ધારક જૈનમંદિર-ઠળીયા'ના હસ્તલિખિત જ્ઞાનભંડારની પ્રત નં. ૪૮૨, પાના ૯, "સં. ૧૭૬૫ વર્ષે શ્રાવણ શુદિ ૨ સોમે વા. શ્રી મુનિવીજે ગણિશિષ્ય મતિવિજયગણિ તત્ શિષ્ય મુનિ.... વિજયેન લિખિતમ્" પ્રતના આધારે પાઠાંતરો મેળવી શુદ્ધ કરીને છપાવેલ છે.

તેવી જ રીતે દાનધર્મનો મહિમા જણાવતો 'ધન્ના-શાલિભદ્રનો' બીજો રાસ પ્રગટ કરવામાં આવેલ છે. આ રાસના અનેક કર્તાઓ છે. તેમાં ખરતરગચ્છીય શ્રી જિનસિંહસુરિના શિષ્ય શ્રી મતિસારની કરેલી આ કૃતિ આજ સુધી અમુદ્રિત હોઈને તેને પ્રસિદ્ધિનું પ્રથમ સ્થાન આપેલ છે. આ પ્રતના પણ સંશોધનમાં 'પૂ. શાસનકંટકોદ્ધારક જૈન જ્ઞાનમંદિર-ઠળીઆ'ના હસ્તલિખિત જ્ઞાનભંડારની ચાર પ્રતિઓ ઉપયોગમાં લેવામાં આવી છે. જે પ્રતનંબરો પુષ્પિકા સાથે નીચે જણાવવામાં આવે છે.

નં. ૪૭૮ પાના ૫૭-'सकलपंडितोत्तम पं. श्री प श्री चंद्रगणिशिष्य पं. श्री सुजाणगणि श्री आणंदचंद्रगणि चरण सेवी अभीचंद्रगणिना लिपीकृतं श्री देवासनगरे.'

નં. ૪૮૮ પાના ૧૪—'लिषितं ऋषि नेणसीजी लिषितं हेमचंद्र. सूरितिर्थि दरे.'

નં. ૫૨૯ પાના ૧૯-'१८२० वर्षे असाढ वद १ दिने लषितं पं. सौभाग्य विजयवाचनार्थं सिरोहीनगरे ॥ श्री श्री श्री श्री ॥

નં. ૧૧૫૧ પાના ૧૯—"संवत १७५८ वरषे ज्येष्ट वदि १० दिने शनिवारे श्रीपत्तनगनरे लिषितमस्ति शुभं भवतु कल्याणमस्तु ॥

# શ્રી કયવન્ના શાહનો રાસ.

॥ દુહા ॥

સ્વસ્તિશ્રી સુખસંપદા, દાયક અરિહંતદેવ;
સેવ કરું સુદ્ધે મનેં, નામ જપું નિત્યમેવ ॥૧॥

સમરું સરસતિ સ્વામિની, પ્રણમું સદ્‌ગુરુ પાય;
કયવન્ના ચોપાઇ કહું, દાન ધરમ દીપાય ॥૨॥

પ્રથમ વહી ધુર માંડીયે, ગૌતમ સ્વામિની લબ્ધિ;
સુરગુરુસમ શ્રી અભયકુમાર, મંત્રીસરની બુદ્ધિ ॥૩॥

અખુટ અત્રુટ ભંડાર સબ, શાલિભદ્રની ઋદ્ધિ;
કયવન્ના સૌભાગ્ય તિમ, નામ લીયે ઋદ્ધિ સિદ્ધિ ॥૪॥

વારે શ્રી મહાવીરને, શ્રી શ્રેણિકને રાજ;
ભોગી ભ્રમર નર એ થયો, સાધ્યા આતમ કાજ ॥૫॥

## ઢાળ પહેલી

### કરજોડી આગળ રહી....એ દેશી

નગરી રાજગૃહી ભલી, સુર નગરી સમ સોહે રે; રાજા રાજ્ય પ્રજા સુખી, સુરનરનાં મન મોહે રે.... નગરી. ॥૧॥ ધનદત્ત શેઠ વસે તિહાં રિદ્ધેં સમૃદ્ધેં સનૂરો રે; કોટી ધ્વજ વ્યવહારિયો, રાજા માને પૂરો રે....નગરી. ॥૨॥ ચંદ્રવદની મૃગલોચની, સતી વસુમતી તસ નારી રે; દેવ ધરમ ગુરુ રાગિણી, નમણી ખમણી સારી રે....નગરી. ॥૩॥ ગાલિ રાલિ મુખથી ન નીસરે, ઊંચે સાદે ન બોલે રે; કુલવંતી સોભાગિણી, તેહને કોઇ ન તોલે રે....નગરી. ॥૪॥ સુખ-

લીલા ભર વિલસતાં, ઉપન્યો ગર્ભ ઉદ્યોતી રે; સૂર્ય-બિંબ જ્યું પૂરવે, છીપ સોહે જેમ મોતી રે....નગરી. ॥૫॥ નિશિભર સૂતી નિંદમેં, ચંદ્ર સુપન તેણે દીઠું રે; જઇ જણાવ્યું નાથને, ફલ ભાંખ્યું પીયુ મીઠું રે....નગરી. ॥૬॥ ત્રીજે માસે દોહલો, ઉપજે ગર્ભ પ્રભાવે રે; ચોરી ચુગલી નવિ સુણે, તપ જપ શીયલ સુહાવે રે...નગરી. ॥૭॥ દેવગુરુ વાંદે સાસતા, ધર્મે અમારિ પલાવે રે; જિન પૂજા યાત્રા વલી, દાન માને સુખ પાવે રે...નગરી. ॥૮॥ અધરણી આડંબરે, કીધી શેઠે તાજી રે; તાજે જાજે ભોજને, સઘલા કીધાં રાજી રે....નગરી. ॥૯॥ હવે પૂરે માસેં હુવે, ગ્રહ આયા ઉંચરાશે રે; શુભ લગન વેળા ઘડી, પુષ્ય નક્ષત્ર ચંદ્ર પાસે રે નગરી. ॥૧૦॥ તિણ વેલા તિણે વસુમતી, બેટો સખરો જાયો રે; તેજે કરી તનુ દીપતો, સૂરજ જેમ સવાયો રે...નગરી. ॥૧૧॥ રંગ રલી વધામણાં, મંગલ ગાવે ગોરી રે; નાનાવિધ નાટક કરે, બાંધ્યા તોરણ કોરી રે...નગરી. ॥૧૨॥ કુલ દીપક સુત જનમીયો, વાગ્યા તાલ કંસાલો રે; પહેલી ઢાલ પૂરી થઇ, જયતસી રંગ રસાલો રે...નગરી. ॥૧૩॥

॥ દુહા ॥

દસુઠણ દેવાંગના, કરી સઘલાં વિધિ કામ;
માવિત્રે દીધું ભલું, કયવન્નો તસ નામ ॥૧॥

દિનદિન વાધે ચંદ્ર જ્યું, ચઢતે ચઢતે વાન;
પાંચ ધાવે પાલી જતો, લાડ કોડ બહુમાન ॥૨॥

આઠ વરસનો તે થયો, ભણે નિશાલ પોશાલ;
સકલ કલા શીખી ભલી, વિદ્યાનો બહુ ખ્યાલ ॥૩॥

સોભાગી શિર સેહરો, રૂપે દેવકુમાર;
ભણી ગણી પંડિત થયો, યૌવનવય સુવિચાર ॥૪॥

## ઢાળ બીજી

**થાહરા મહોલા ઉપર મેહ, ઝબુકે વિજલી હો લાલ.**

વસુમતી સતી એક દિવસ કે, ગજગતિ મલપતી હો લાલ કે ગજપતિ મલપતી, આઇ પ્રીતમ પાસ, બોલે જેમ સરસતી હો લાલ, બો૦; સ્વામી સુણો અરદાસ, પૂરો આશ માહરી હો લાલ પૂ; પરણાવો કૃતપુણ્ય, બેટી જુઓ શાહરી હો લાલ બેટી. ॥૧॥ વહુઅર વિણ ઘરવાસ, સુનો રન જાણીયેં હો લાલ, સુ.; વહુઅર પડે મુજ પાય, તો વિકસે પ્રાણીઓ હો લાલ તો વિ૦; વહૂ પરણે જો પુત્ર, દેખું હું પોતરો હો લાલ. દેખું; રહે આપણું થિર નામ, વલી વંશ ગોતરો હો લાલ. વલી. ॥૨॥ ધનદત્તેં માની વાત, જોશી તેડી કરી હો લાલ–જોશી., સાગરદત્ત વડ શાહ, માંગી તસ દીકરી હો લાલ. માંગી૦; કુંવરી જયસિરિનામ, રૂપેં દેવકુંવરી હો લાલ. રૂપેં., પરણાવી ધરી પ્રેમ, આર્ય-કારજ હો લાલ આર્ય. ॥૩॥ કુલવંતી ગુણવંતી, શીલે સીતા સતી હો લાલ. શીલે., ચોસઠ કલાની જાણ, વાણી અમીરસ વરસતી હો લાલ વાણી૦; નારીને ભરતાર જોડી સરખી જડી હો લાલ, જોડી., હર ગૌરી રાધા કૃષ્ણ, કામ રતી પરગડી હો લાલ. કામ. ॥૪॥ હર્ષિત હુઆં માવિત્ર, સુજશ જગ વિસ્તર્યો હો લાલ. સુજ., દીધો મહેલ આવાસ, ચિત્રામણે ચિતર્યો હો લાલ. ચિત્રા૦; જાણે દેવ વિમાન, દીસે એ દૂસરો હો લાલ. દીસે., જગમગ જલકે જોત, ધૂનો વલી ધૂંસરો

હો લાલ ધૂનો. ॥૫॥ વિચ હિંડોલા ખાટ, સોને રતને જડી હો લાલ. સોને૦, જસકે હીરા લાલ, મોતી જડી પરવડી હો લાલ. મોતી૦; રંગ રમી દિન રાત, હિંચે વીંદ વીંદણી હો લાલ-હિંચે૦, ચૂઆ ચંદન ચંપેલ, સુવાસ મહકે ઘણી હો હાલ. સુવા; સજ્જન પુરિજન લોક, સહુ સંતોષીયા હો લાલ-સહુ; તાજાં કરી પકવાન, ભલી પરે પોષીયા હો લાલ-ભલી૦; કીયો સખરો વિવાહ, શોભા જસ મહમહે હો લાલ૦; બીજી જયતસી ઢાલ, કહી મન ગહગહે હો લાલ, કહી. ॥૭॥

॥ દુહા ॥

વલી ઓઝા પંડિત કને, શીખે શાસ્ત્ર વિચાર;
રહે વિષયશું વેગલો, કયવન્નો સુકુમાર ॥૧॥
વિદ્યાશું રાતો રહે, મનમેં નહી વિકાર;
દેખી જયસિરિ દિન ઘણું, સાસૂને કહે સાર ॥૨॥

## ઢાળ ત્રીજી

**રાગ સારંગ થારી અંગીરી કસ ચંગ, સગુણા સાવટું મારુજી એ દેશી**

માહરો નાહ નગીનો જાણે, સુગંધો કેવડો સાસુજી; સોભાગી વડભાગી, નહીં કો એવડો. સા૦ ॥૧॥ એ પીતલીયો દેવ, રંગીલો સાહિબો સા૦; મુજશું વાત ન ચિત્ત, નહી કોઇ સાહિબો સા૦ ॥૨॥ બોલે ન મીઠા બોલ, ન ખોલે હિયડલો સા૦; પીઉડો ન કરે સાર, દુઃખી રહે જીવડો સા૦ ॥૩॥ મુજશું ન કરે રાગ, વૈરાગી સારીખો-સા૦; ભોગ સજાઇ છોડી, જોગીસર સારીખો સા૦ ॥૪॥ કરે વિદ્યા અભ્યાસ, એ પોથી પંડીયો-સા૦; ન રહે ઘરમાં જાણી, વટાઉ હિંડીયો સા૦ ॥૫॥ હું તો સુંગધી જાઇ, ભમર નહી

ભોગીયો-સા૦, મુજને ન માને નાહ, રહે વિયોગીયો સા૦ ॥૬॥ જલે સુરંગી દેહ, સુ યૌવન જાગીયો-સા૦; હું કુલવંતી નારી, નાહ નીરાગીયો સા૦ ॥૭॥ હૂઈ ચિંતાજોર, કે કાલી કોયલી સા૦; સખી સાહેલી સાથ, હસે હું દોહલી. સા૦ ॥૮॥ નયણે નાવે નિંદ, કે સૂતાં સેજડી, સા૦; જાંખર થઇ જૂરી જૂરી, હું રન ખેજડી, સા૦ ॥૯॥ રાચે ન રૂપ સરૂપ, ખલ ગુલ સારિખો સા૦, સમજે ન સંસાર વાત, જોયો મેં પારિખો, સા૦ ॥૧૦॥ એ નહીં છેલ છબીલ, બયલમાં પૂતડો સા૦, ન રૂચે સરસ સવાદ, જાણે ભૂઈ ભૂતડો સા૦ ॥૧૧॥ જાતાં ન કહે જાઓ, આવો નહીં આવતાં, સા૦; નહીં નયણાનું હેજ, ન ખાતાં પીવતાં, સા૦ ॥૧૨॥ આપણી જાંઘ ઉઘાડ, કરું નહીં લાજતી-સા૦, થાં આગે કહી વાત, બીજાશું ભાજતી, સા૦ ॥૧૩॥ વહુઅરના બહુ બોલ, શેઠાણી સાંભળી સા૦; શેઠ ભણી કહે વાત, કે દુઃખભર આકુલી-સા૦ ॥૧૪॥ કરો કોઇ દાય ઉપાય, જ્યું દુઃખ દૂરેં હુવે-સા૦; આજ લગેં ભોલો એ, વહૂને દૂહવે-સા૦ ॥૧૫॥ બોલે શેઠ વિમાસ, વ્યસન કોણ શીખવે, સા૦; એ અણશીખી વાત, સહૂનેં સંભવે, સા૦ ॥૧૬॥ કુણ શિખવે ગતિ હંસ, ભમર ભોગી ભલા, સા૦; મોર પીંછ ચિત્રામ, ચોર ચોરી કલા, સા૦ ॥૧૭॥ સુણીને શેઠની વાણી, રીસાણી સુંદરી, સા૦ જયતસી ત્રીજી ઢાળ, કહી એ છંદરી સા૦ ॥૧૮॥

॥ દુહા ॥

વચણ ઘણાં શેઠે કહ્યા, પણ સમજે નહીં નાર;
હઠ જાલે નારી જિકો, નવિ મૂકે નિરધાર ॥૧॥

નટ વિટ લંપટ લાલચી, જૂઆરી ને લડાક;
વ્યસની તેડયા ધનદત્તે, જેહ ચલાવે ચાક ॥૨॥
મોહવશે ધનદત્ત ભણે, કયવન્નો સુકુમાલ;
માલ ઘણો લઈ શીખવો, વ્યસન કલા તતકાલ ॥૩॥

## ઢાળ ચોથી

રાગ કેદારો—નદી યમુના કે તીર, ઉડે દોય પંખીયા

કુમર પાસેં રહે આયકે, દિન ને રાતડી; વ્યસનેં પાડે પાસ, કરે રંગ વાતડી ॥૧॥ કરે માંહોમાંહે ગોઠ, મલી સહુ ગોઠીયા; ખાવે પીવે દિન-રાત, છુટા જિમ પોઠીયા ॥૨॥ કથા કવિત્ત કલ્લોલ, દૂહા ગૂઢાવલી; હાસ્ય તમાસા ખેલ, ખુશી ખેલે રલી ॥૩॥ આવી ચોવટા માંડી, સારિ પાસા રમે; ઉડે હોડાહોડ કોડા-કોડી ધન ગમે. ॥૪॥ હારે જીતે એક, ખેલી વલી જૂગટો; કરે મદિરા પાન, પડે જિમ ઉવટા ॥૫॥ એક આલાપે રાગ, કાફી નટ કાન્હડા; તન નન રીરી રીરી કરે તાન માનડાં. ॥૬॥ ચટપટ તાલ કંસાલ, ધપ મપ માદલાં, ઢમઢમ ઢમકે ઢોલ, ગાજે જિમ વાદલાં, ॥૭॥ તતથેઇ નાચે પાત્ર, હાથ લટકાવતી; છેલનેં પાડે પાસ, આંખ મટકાવતી. ॥૮॥ પીવે ભાંગ તમાકું, તણાવલી છોતરાં; નરક તણા વ્યાપાર, જાણે દાહોત્તરા ॥૯॥ ગટગટ પીવે દૂધ, દહીનાં માટકાં; ભરે કસુંબા ઘૂંટ, ભરી ભરી વાટકાં ॥૧૦॥ અમલમેં જાણે કોઇ, ઘેરે છે ભૂતડાં; લુલી લુલી પડે મુખ લાલ, ખરા તે વિગૂતડા. ॥૧૧॥ હવે રહે તિયાર સાથ, માતો મદમાં નરો; કયવન્નો હુઓ જેમ, યોગીનો વાનરો ॥૧૨॥ વિણસેં મીઠો દૂધ, બિંદુ કાંજી તણે; કસ્તૂરી કપૂર, લણસ પરિમલ હણે, ॥૧૩॥ ગંગા જલ લૂણ સંગે,

સહી ખારો હુવે; કુરંગી સંગી ચંદ્ર, કલંકી જન ચવે, ॥૧૪॥ નટ વિટ સાથે કુમાર, આવ્યો વેશ્યા ઘરે; દેવદત્તા તિહાં દેખી, આગત સ્વાગત કરે ॥૧૫॥ ભક્તિ યુક્તિ હાવભાવ, મુખે જી જી કરે; વેશ્યા ધૂતારી નારી, દીઠાં તન મન હરે ॥૧૬॥ પાડે મૃગ જ્યું પાસ, બોલે વિકસી હસી; મ કરો ઈશુરો સંગ, ચતુર કહે જય-તસી ॥૧૭॥

॥ દુહા ॥

ચંદ્રવદની મૃગ લોયણી, રૂપે ગોરી રંભ;
કયવન્નો ભોગી ભમર, દેખી ધરે અચંભ ॥૧॥

## ઢાળ પાંચમી

રાગ સોરઠ, મલાર મિશ્ર, ચાલણુરી વરીયાં નહીં હો લાલ, ધણવારી લાલ ચલણ ન દેશું એ દેશી.

કર જોડી વેશ્યા કહે હો લાલ; હું થારે બલિહાર હો, કયવન્ના શાહ ભલેં રે પધાર્યા આજ; હું દાસી છું તાહરી હો લાલ, થેં મુંજ પ્રાણ આધાર હો, કય. ॥૧॥ એ મંદિર એ માલિયાં હો લાલ, એક હિંડોળા ખાટ હો કય; તન મન ધન એ થાહરાં હો લાલ, હસો વસો ગહગાટ હો. કય૦ ॥૨॥ હાવ ભાવ વચનેં કરી હો લાલ, ચોરી લીયો તસુ ચિત્ત હો, કય૦; કયવન્નો વેશ્યા ઘરે હો લાલ, મોહી રહ્યો ધરી પ્રીત હો કય૦ ॥૩॥ દાસી નિજવર મૂકીને હો લાલ, અણાવે ધન કોડી હો, કય૦; મનવંછિત લીલા કરે હો લાલ, એ બિહું સરખી જોડી હો, કય૦ ॥૪॥ ઘર કુટુંબ સહુ વિસર્યાં હો લાલ, પરણી મૂકી વિસાર હો કય૦; માવિત્ર મૂકયાં આપણાં હો લાલ, ધિગ્ધિગ્ કામ વિકાર

હો, કય૦ ॥૫॥ ખાણાં પીણાં ખેલણાં હો લાલ, રંગ રાતાં ધન જોડિ હો, કય૦; માવિત્ર તસુ ધન મોકલે હો લાલ, વરસા વરસ એક કોડિ હો કય૦ ॥૬॥ બાર વરસ વોલ્યા તિકેં હો લાલ, માવિત્રે કરી નેહ હો કય. દાસી મેલી સુત તેડવા હો લાલ, આવો આપણે ગેહ હો. ॥૭॥ માવિત્ર હૂઆં ડોસલાં હો લાલ, કરો ઘર ઘરણીની સાર હો કય૦; કયવન્નો માને નહીં હો લાલ, દાસી પાછી ગઈ હાર હો, કય૦ ॥૮॥ વેશ્યાશું રાતો રહે હો લાલ, જેમ ભમરો વનરાજિ હો કય૦; છોડયાં માવિત્ર આપણાં હો લાલ, છોડયાં સહુ લાજ કાજ હો કય૦ ॥૯॥ બૂડયાં તે નર બાપડા હો લાલ, જે કરે વેશ્યાશું રંગ હો કય૦; પાંચમી ઢાલે વેશ્યા તજો હો લાલ, જેમ પામો જયરંગ હો, કય૦ ॥૧૦॥

॥ દુહા ॥

દાસી ઉદાસીન મને, વાત કહે ઘર આય;
કુમર વેશ્યાએ ભોળવ્યો, આવણ વાત ન કાંય. ॥૧॥

વાત સુણી માતા હવે, કરે વિવિધ વિલાપ;
આપ કમાયા કમ્મડા, કરે ઘણો પશ્ચાતાપ. ॥૨॥

## ઢાલ છઠ્ઠી

રાગ દેશાખ, ઘરે આવો મન મોહનાં હો ઘોટા-એ દેશી

તું જીવન તું આતમા હો બેટા, તું મુજ પ્રાણ આધાર બેટા; સાસતણી પરેં સાંભરે હો બેટા, તું વસે હિયડા વાર બેટા. ૧ ઘરેં આવો રે મન મોહના બેટા—એ આંકણી–તિલભર જીવ રહે નહીં બેટા, કિમ જાવે જમવાર બેટા; એકરસો આવી આંગણે બેટા; કર માયડીની સાર બેટા; ઘરેં૦ ॥૨॥ તું મુજ અંધા

લાકડી બેટા તું કલેજાંની કોર બેટા; આંત્રલૂહણું તું માહરે બેટા, કિમ હોયે કઠિણ કઠોર બેટા, ઘરે૦ ॥૩॥ કુણ કહેશે મુજ માયડી બેટા, કુણને કહીશું પૂત બેટા; એકે જાયા બાહિરો સહિ બેટા, નહિ રહે ઘરનું સૂત બેટા, ઘરે૦ ॥૪॥ તું પુત્ત ભોજનનેં સમે બેટા, હિયડે બેસે આય બેટા; જો માતા કરી લેખવે બેટા, તો ઘર આય વસાય બેટા ઘરે. ॥૫॥ સાલે સાલતણી પરેં બેટા, એ ઘર આહીઠાણ બેટા; પ્રાણ હોંશે હવે પ્રાહુણાં બેટા. તું મન જાણ મ જાણુ બેટા ઘરે. ॥૬॥ હું ડોસી તુજ તાતડો બેટા, નયણ ગમાયાં રોય બેટા; ઘર સુનું કરી ગયો બેટા, રહ્યો પરદેશી હોય બેટા. ઘરે. ॥૭॥ બાલપણે હું જાણતી બેટા, કરશે બુઢાપણ સેવ બેટા; છોરૂં કછોરૂં હુવે બેટા, ન ગણે તું મા ગુરુદેવ બેટા. ઘરે. ॥૮॥ જો બાલપણ સાંભરે બેટા, શીયાલાની રાત બેટા; તો છોડે નહી માતનેં બેટા. ચઢયું કલંક વિખ્યાત બેટા. ઘરે૦ ॥૯॥ પાળી લાલી મ્હોટો કિયો બેટા, ધોયાં મળને મૂત્ર બેટા; સગાઇ ઠગાઇમાં ગણી બેટા, તું મહારે ઘરનું સૂત્ત બેટા, (પાઠાંતરે–ખૂત્તો વેશ્યાશું વિગુત્ત બેટા) ઘરે૦ ॥૧૦॥ વહૂ રતન એ તાહરી બેટા, સુગુણ સતી સુકુલીણ બેટા; કોયલ જ્યું કાલી હુઇ બેટા, વિરહિણી જૂરી જૂરી ક્ષીણ બેટા ઘરે, ॥૧૧॥ નીચનો સંગ કરાવીયો બેટા. તે ફલ લાગાં એહ બેટા; પાણી પીને ઘર પૂછવું બેટા, હૂઓ ઉખાણો તેહ બેટા. ઘરે૦ ॥૧૨॥ જો વિહડે પેટ જ આપણું બેટા, તો કલિ ઉથલ હોય બેટા; એ ઉખાણો ઇહાં કણે બેટા, તે૦ સાચો હૂઓ જોય બેટા. ઘરે૦

॥૧૩॥ હું પાપિણી સરજી અછું બેટા, દુઃખ દેખણને કાજ બેટા; દુઃખીયાને ઉતાવલું બેટા, મરણ ન દે મહારાજ બેટા. ઘરે૦ ॥૧૪॥ આપ કમાઈ એ સહી બેટા, ઈહાં નહીં કિણરો દોષ બેટા; પાપી જીવ રહે નહીં બેટા સાસુ હુવે તિહાં શોષ બેટા, ઘરે૦ ॥૧૫॥ દેવગુરુ શીખ માને નહીં બેટા, માને નહિ માવિત્ત બેટા; ઢાળ છઠ્ઠી કહે જયતસી બેટા, એ વ્યસનીની રીત બેટા ઘરેં૦ ॥૧૬॥

॥ દુહા ॥

જૂરી જૂરી પિંજર હુઆં, બૂઢા પણ માવિત્ર;
પણ પાછો આવ્યો નહી, કયવન્નો ધરી પ્રીત ॥૧॥

માત પિતા બેહુ થયાં, કાલ ધરમ વ્યવહાર;
કયવન્ના નારી ઘરેં, પાલે કુલ આચાર ॥૨॥

નારી ધન મૂકે તિહાં, તિમહિ જ પતિને સાર;
ધન વિત્યું તબ આભરણ, મૂકે સતી શણગાર ॥૩॥

ઘરેણાં ગાઢાં દેખીને, અક્કા કરે વિચાર;
ઘર ખાલી હૂઓ એહનો, નહી કમાવણ હાર, ॥૪॥

કરે ઘર બેઠી કાંતણું, લહી આપણો પ્રસ્તાવ;
વિરહિણી નારીનો સહી, એહિજ મૂલ સ્વભાવ ॥૫॥

અનુક્રમે અક્કાએ સુણી, મરણ વાત માવિત્ત;
હિવે સ્વારથ અણપૂગતે, જો જ્યોં કરે કુરીત ॥૬॥

## ઢાળ સાતમી

### અલબેલાની દેશી

હવે તે અક્કા ડોકરી રે લાલ, બેટીનેં કહે તેડિ સુવિચારી રે; કયવન્નો નિર્ધન હુઓ રે લાલ, છાંડ તું એહની કેડિ–સુ૦ માને૦ ॥૧॥ માને વાત તું માહરી

રે લાલ, મ કરે એહનો સંગ, સુ૦; રહેજે રીશ ભરી રુંશણે રે લાલ, કરજે રંગ વિરંગ....સુ૦ માને૦ ॥૨॥ માલ વિના એ મુઆ જિસ્યો રે લાલ, દીઠો ન આવે દાય....સુ૦; અખટ્ઠ એ અસુહામણો રે લાલ, કાઢીશ કૂટી ધકાય.... સુ૦ મા. ॥૩॥ વ્યસનીને વેષ રચી વલી રે લાલ, મરે ન છોડે મંચ સુ૦; સ્વારથ વિણુ કિણુ કામનો રે લાલ, ઠાલો ઠીંકર સંચ સુ૦ મા. ॥૪॥ કિણુ કિણુનેં ચીતારસ્યાં રે લાલ, લખ આવે લખ જાય, સુ૦; નાઈ મુંડે નવ નવા રે લાલ, વેશ્યા ઠગિ ઠગિ ખાય....સુ૦ મા. ॥૫॥ કહે બેટી સુણો માતજી રે લાલ, એ સુકુલીણ સુજાત. સુ૦; નેહ ન છૂટે એહનો રે લાલ, પડી પટોલે ભાત....સુ૦ મા. ॥૬॥ મન માન્યો એ માહરે રે લાલ, બીજો નાવે દાય....સુ૦; જેમ નયણાં વિચ પુતલી રે લાલ, તિમ તન મનનેં સુહાય....સુ૦ મા. ॥૭॥ લાગો રંગ મજીઠનો રે લાલ, છોહ લાગી જીમ ભીંત–સુ૦; વલગી રહે વેલી રુંખશું રે લાલ, જીમ કાગલશું ચીત્ત....સુ૦ મા. ॥૮॥ કરતાર ભરતાર એ સહી રે લાલ, ન રહે ઇણિ વિણુ જીવ સુ૦; છોડું નહી હું જીવતી રે લાલ, સાચો રંગ સદીવ સુ૦ મા. ૯ એક દિન જો અલગો રહે રે લાલ, તો નયણે નાવે નીંદ સુ૦, કૂડ કહું તો આખડી રે લાલ, હું વીંદણી એ વીંદ....સુ૦ મા. ॥૧૦॥ રહે રહે છાની છોકરી રે લાલ, ડોકરી બોલે એહ સુ; નાચણીરો કિશ્યોરાચણો રે લાલ, જયાંના ગીતાં તેહ....સુ૦ મા. ॥૧૧॥ રીશ ત્રિશૂલો ચોડીયાં રે લાલ, કરી આંખ્યો રાતી ચોલ, સુ૦; ગાળો રાંડ બોલે ઘણી રે લોલ, જાણે કૂટો ઢોલ સુ૦ મા. ॥૧૨॥ ડોસી પોસી

પાપિણી રે લાલ, ન ચલે બેટી જોર, સુ૦; બડ બડ બૂઢી બોલતી રે લાલ, સોષણી માંડયો સોર, સુ૦ મા. ॥૧૩॥ કચવન્ના ઉપરેં વહે રે લાલ, કરે ઠોબારણ જોર સુ૦; બેટી રોવે તે દેખીને રેં લાલ, જ્યું પગ દેખી મોર....સુ૦ મા. ॥૧૪॥ સતી કૂતી જેહવી રે લાલ, ખૂતી લોભ લબકક સુ૦; અક્કા ઓબલકા આણતી રે લાલ, કરે તડક્ક ભડક્ક....સુ૦ મા. ॥૧૫॥ પાપિણી સાપણી જ્યું ઉછલે રે લાલ, લાગુ જાણે ભૂત્ત, સુ૦; કહે પડયો રહે તું ઘરે રે લાલ, રોગી સોગીરો સૂત્ત, સુ૦ મા. ॥૧૬॥ ઘર શૂરો મઠ પિંડીયો રે લાલ, વાત કહે અદ્દભૂત સુ૦; બલીના બાહી ઉથલે રે લાલ, ખાધો પીતા ધન સુત્ત....સુ૦ મા. ॥૧૭॥

યતઃ વસ્ત્રહીનો હ્યલંકારો, ઘૃતહીનં ચ ભોજનં;
કંઠ હીનં ચ ગાંધર્વં, ભાવહીના ચ મિત્રતા ॥૧॥

ધૂતાધૂત્ત ભંડા ભંડઃ, બેલા માંહિ બયલ;
એતા છંદા ચાલવે, તો તું નાહ છયલ ॥૨॥

લુખો સુકો ભાવે નહી રે લાલ, તાજાં ધાન્ય ઘૃત-ઘોલ સુ૦; અમલ આછાં રૂડાં લુગડાં રે લાલ, જોઈજે તેલ તંબોલ....સુ૦ મા. ॥૧૮॥ સરશે વરશે તો વિના રે લાલ, જો આપણે ઘર બાર, સુ૦; માવિત્ર મૂઆં તાહરા રે લાલ, કર ઘર કુલ આચાર....સુ૦ મા. ॥૧૯॥

॥ દુહા ॥

સંવન તિહા ન જાઈ યે, જિહાં કપટકા હેત;
જયાલોં કલી કણેરકી, તન રાતા મન શ્વેત ॥૧॥

હંસા તો તબ લગ ચુગે, જબ લગ દેખે લાગ;
લાગવિહૂણા જે ચુગે, હંસ નહી તે કાગ. ॥૨॥

બગ ઉડાયા બાપડા, ક્ષણુ સરોવર ક્ષણુ તીર;
હંસ ભમરા સબ કિમ સહે, અમરસ જાહ શરીર ॥૩॥

લીહ નહીં લજ્જા નહીં, નહી રંગ નહી રાગ;
તે માણુસ તિમ છંડિયે, જીમ અંધારે નાગ ॥૪॥

કડુઆં ફલાં કુમાણુસા, જાસ અવગુણુ જાહી;
આંડી દીજે ભૂંય ઘણી, દૂર વસીજે જાઈ ॥૫॥

## ઢાળ પૂર્વલી

ઇમ સુણીને નીસર્યો રે લાલ; અમરષ આણી શરીર સુ૦; તેજી ન સહે તાજણો રે લાલ, હંસ સહે નહી છીરસુ. મા૦ ॥૨૦॥ આંખ ઉઘાડી ચિંતવે રે લાલ, ધિગ્ ધિગ્ વેશ્યા નેહ સુ૦; ગિરિવાહલાં વાદલ છાંહજ્યું રે લાલ, અંતે દીખાવે છેહ....સુ૦ મા, ॥૨૧॥

॥ દુહો ॥

વેશ્યા નેહ જૂઆર ધન, કાંતી અંબર છાર;
પાછલો પહોર અપૂત ધન, જાતા ન લાગે વાર. ॥૧॥

## ઢાળ પહેલાની

ધનદત્તનું ઘર પૂછતો રે લાલ આવે મારગ માંહ, સુ૦; નગરશેઠ મળ્યો તિસે રે લાલ, કુમાર પૂછે વલી રાહ....સુ૦ મા૦ ॥૨૨॥ શેઠ કહે તું જાણે નહીરે લાલ, તું પરદેશી લોક સુ૦; જુનું હૂઓ ઘર તેહનું રે લાલ, નામ ગયું વલી ફોક....સુ૦ મા૦ ॥૨૩॥ શેઠ–શેઠાણી બે મૂઆં રે લાલ, નિવડયો પુત્ત કપુત્ત સુ૦; ધન ખાધું સઘલું તિણે રે લાલ, વેશ્યાસેંતી વગૂત....સુ૦ મા૦ ॥૨૪॥ નિજ શ્રવણે અવગુણ સુણ્યા રે લાલ, ધિગ્ ધિગ્ મુજ અવતાર રે સુ૦; નયણે બે હું આસું જરે લાલ, જાણે મોતીહાર....સુ૦ મા૦ ॥૨૫॥ તીરથભૂત પિતા કહ્યો

રે લાલ, વળી વિશેષે માત સુ૦; ન કરી સેવા ચાકરી રે લાલ, ભલી ન કીધી વાત....સુ૦ મા૦ ॥૨૬॥ ઇમ ચિંતવતો આવીયો રે લાલ, નિજ ઘર બાર કુમાર સુ૦; શિર ધૂણી સોચે ઘણું રે લાલ, જોતો પોલ પ્રકાર સુ૦ મા૦ ॥૨૭॥ પડયા પછી પણ પાધરે લાલ, ચાલે ચતુર સુજાણ સુ૦ વ્યસન સાતે તજો સાતમી રે લાલ ઢાલે જયતસી વાણ....સુ૦ મા૦ ॥૨૮॥

॥ દુહો ॥

ધણી વિહુણા ધવલ ઘર, ઢહ હૂઆ ઢમ ઢેર;
હૂઓ આમણ દુમણો, દેખિ દેખિ ચઉ ફેર. ॥૧॥

જીણ ઘરમેં વલિ હિસતા, જાજા દાસી દાસ;
ગઢ મઢ શોભા વઈ ગઈ, દેખી હૂઓ ઉદાસ. ॥૨॥

યતઃ-જિણ કે ખંધે કૂદતે, કરતે લાડ હજાર;
લાડણહારે રહ ગએ, ગયે લડાવણ હાર. ॥૩॥

હવે એકાંતે બારણે, ઉભો રહી અડોલ;
કુંઅર કાને સાંભલે, નિજ નારીનાં બોલ. ॥૪॥

કહે કામિની સુડા ભણી, ઉઠી ઉઠી પ્રભાત;
રંગ રંગીલા સુઅડા, સુણ સુણ મોરી વાત. ॥૫॥

## ઢાળ આઠમી

રાગ ગોડી સોરઠ મિશ્ર સુવડાની દેશીમાં

સુણ સુણ સૂવટીયા, સૂવટીયાભાઇ, તું છે ચતુર સુજાણ હોરે હાં, રૂપ રુડું રળીયામણું સુ.; સુ. મીઠી તોરી વાણિ હોરે હાં, બોલે જીભડી પડવડા. સુ૦ ॥૧॥ નીલી થારી પાંખ હોરે હા, ચાંચ રાતી તીંખી તાહરી, સુ. સુ; રુડી થારી આંખ હોરે હાં, રાતી માતીરંગ વાટલી, સુ. ॥૨॥ સુ. સોને મઢાવું તાહરી ચાંચ હોરે હાં, દૂધે પખાલું તાહરી પાંખ, સુ૦સુ; તુને બિછાવું

હાથ હોરે હાં, વિનતડી સુણ્ માહરીસુ. ॥૩॥ સુ. માનીશ તુજ ઉપગાર હોરે હાં, જાયે જિહાં પિયું માહરો, સુ; સુ. ઉડે પાંખ પસારી હોરે હાં; મ કરે ઢીલ તું મારગેં, સુ. ॥૪॥ સુ૦ કહેજે મુજ સંદેશ હોરે હાં, અબલા તુજ ઘર એકલી, સુ સુ; છે વિરહિણી ને વેશ હોરે હાં, જૂરી જૂરી જંખર ભંખરી સુ. ॥૫॥ સુ૦ તજીયાં, તેલ તંબોલ હોરે હાં, ખાના પીના ખેલણુ સુ;સુ૦ છાંડયા અંગ રંગરોલ હોરે હાં, પીઠી અંજણુ મંજણા સુ, ॥૬॥ સુ૦ તોડયા હીર ચીર હાર હોરે હાં, લાગે શણગાર અંગાર સરીખા સુ;, સુ. વિરહા કરવત ધાર હોરે હાં, રસ કસ ખારા વિષ હુઆ સુ. ॥૭॥ સુ૦ સુવે નહી સુખ સેજ હોરે હાં, નયણે નાવે નીંદડી સુ; સુ. ધરતી પીયુશું હેજ હોરે હાં, દુઃખ ધરતી ધરતી સુવે, સુ. ॥૮॥ સુ. વલી કહે જે તુજ નારી હોરે હાં, તુમને કહ્યા છે બોલડાં, સુ; સુ. તેં લોપી કુલકાર હોરે હાં, લહેણાથી દેણે પડી, સુ. ॥૯॥ સુ૦ તે પાંચારી સાખ હોરે હાં, હું પરણી હુતી જોઈને સુ; સુ. તજી ન અવગુણ દાખ હોરે હાં, કલંક ચઢાવ્યા મેહણાં, સુ. ॥૧૦॥ સુ૦ મેં તુજને ભરતાર હોરે હાં, કલ્પતરૂ જ્યું આદર્યો, સુ;સુ. આંક એરંડ અનુસાર હોરે હાં, ઊંચો નીચ પરે નીવડયો, સુ. ॥૧૧॥ સુ. ગાંઠે બાંધ્યો તાણ હોરે હાં, રતન અમૂલખ જાણીને, સુ; સુ. પણ હુએ પથ્થર જાણ હોરે હાં, પાંચ હુઓ કાચ સારિખો, સુ. ॥૧૨॥ સુ૦ હંસ હુઓ જાણે કાગ હોરે હાં, સોનો શીસો નિવડયો, સુ; સુ. વેશ્યાશું કરિ રાગ હોરે હાં, નામ ગમાયો આપનો, સુ. ॥૧૩॥ સુ૦ કાં સરજી કિરતાર હોરે હાં, કંત વિહૂણી કામિની

સુ. સુ. દુઃખિણી કોઇ કોઇ નારી, હોરે હાં પણ સંઘલી છે મો સુખે સુ. ॥૧૪॥ સુ૦ કિણને દીજે દોષ હોરે હાં, ઘાટ કમાઇ આપણી, સુ. સુ. કેહો કરું અપશોષ હોરે હાં, લહિણું લાભે આપણું સુ. ॥૧૫॥

॥ દુહો ॥

વાલુમતણો વિછોહ કિરતાર તું કદિ ભાંજશે;
હવે ને કદી સંયોગ, કરશે તે નિરખુંપ કહો. ॥૧॥
કોકિલ મેઘ જયું મોર ધ્વનિ, દક્ષિણ પવન જું દુતિ;
ચંદ્ર કિરણ સંઓલ રસે, વિરહી એ મ મઠે તિ ॥૨॥
દુઃસહ વેદન વિરહકી; સાચ કહે કવિ માલ;
જિણકી જોડી વિછડી, તિણકા કવણ હવાલ ॥૩॥
એક આંખ્યાં દીઠાં હવે, વાલા હવે પરદેશ;
સજ્જન દુર્જન બિ હવે, હિયડાં કાડું કરશે. ॥૪॥
ઉપર આંબા મોરીયા, તલે નિઝરણા ઝરંત;
સાજન પાખે દીહડા, તાઢા તોહી તપંત. ॥૫॥
છાતી માંહે સાલ, ક્ષણ ક્ષણમેં ખટકે ઘણાં;
કરસ્યાં કવણ હવાલ, મલિયાં વિણ મટશે નહી. ॥૬॥
જો જસ લીનો હોય, સો સાહેબ વશ રંજીયે;
ઘણું અંધારું તોય, મોર લવે ધન ગજ્જીયે. ॥૭॥
ભેદા લગરી ભૂખ, ભૂછલિએ ભાંજે નહી;
દેખી જે તો દુઃખ જોગાં જાણી તલમિલે. ॥૮॥
જો ભેટું કિરતાર, કરું વિનંતી આપણી;
અઈહો સરજણ હાર, એજમ ચુંહી જાયસી. ॥૯॥
વયણા તણા વિચાર, ભાખતાં ભેદ્યા નહીં;
સાવજડા સંસાર, પ્રાતલીયા પાલઉત નહીં. ॥૧૦॥
મુખકે કહે કહાવને, કાગલ લખી ન જાત;
આપને મનશું જાનીયો, મેરે મનકી વાત ॥૧૧॥

## ઢાળ પૂર્વેલી

કહેજો મુજ આશીષ હોરે હાં, કોડી વરસ પ્રભુ જીવજો. સુ૦; સુ. મત કરજો મન રીશ હોરે હાં, ભલું જાણો કરજો જિકું સુ. ॥૧૬॥ સુ૦ હું થાહારી બલિહાર હોરે હાં, કહીં સંદેશને લાવજો, સુ૦; સુ. વાટ જોવા ઉભી બાર હોરે હાં, કુશલેં વેગા આવજો, સુ. ॥૧૭॥ સુ૦ સતીય શિરોમણિ જાણ હોરે હાં, સીતા સતી જીમ નિર્મલી, સુ૦; સુ૦ જયતસી કરે સુવખાણ હોરે હાં, શીલે લીલા ઢાલ આઠમી સુ. ॥૧૮॥

॥ દુહો ॥

દીધી આપણી બાંહ, ચોરી ચડી કર મેલતાં;
પણ જિમ તનરી છાંહ તિમ નવિ રાખી તો કન્હે ॥૧॥
ફુરકે ડાબું અંગ, તિણ અવસર નારી તણો;
ચિંતે આજ સુરંગ, સહી મલશે મુજ વાલહો. ॥૨॥

## ઢાળ નવમી

રાગ મારુ, સોરઠમિશ્ર, નલરાજાને દેશ હોજી પ્લવંગ.
હું તો પલાણીયા...એ દેશી.

બેઠી કાંતણ ઠાણ હોજી, નારી મન નિશ્ચલ કરી લાલ, ના૦; સુણિ સુણિ વિરહિણી વાણી હોજી, કુમાર વજાહત અતિ હુઓ લાલ કુ. ॥૧॥ કુમર ગયો ઘર માંહે હોજી, શોચ ધરંતો શંકતો લાલ, શો૦; ચંદ્ર ગ્રહ્યો જ્યું રાહુ હોજી, મુખ વિલખે છબી શોભતી લાલ, મુખ૦ ॥૨॥ શંકાણી સુકુલીણી હોજી, સતીય શિરોમણી ચિંતવે લાલ, સ૦; એ પર પુરુષ પ્રવીણ હોજી, કિમ આવ્યો વહી આંગણે લાલ...કિમ. ॥૩॥

જા તું તાહરે ઠામ હોજી, પૂઠી અપૂઠી કરી કહે લાલ, પૂ૦; નહીં પર પુરુષારો કામ હોજી એ ઘર છે સતીયા તણું લાલ. એ૦ ॥૪॥ સરણાઇ સુંહડા હોજી, કેશરી કેશ ભુયંગમણિ લાલ, કે૦; ચડશે હાથ મૂઆ હોજી, સતીય પયોધર કૃપણ ધન લાલ સ૦ ॥૫॥ બીજા નર સહુ વીર હોજી, બોલું ન બોલ બીજાસેંતી લાલ, બો૦; સગી નણદીરો વીર હોજી, કૂડ કહું તો આંખડી લાલ, કુ૦ ॥૬॥ હું પ્રિયા છું તેહ હોજી, કયવન્નો બોલે હસી લાલ. કય.; તું રાખી રેહ હોજી, ચંદ્ર નાનો તે ચાઢીયો લાલ ચંદ્ર ॥૭॥ દીઠો ઘાટ સુઘાટ હોજી, સાસુરો જાયો સહી લાલ, સા; હુએ રંગ ગહગાટ હોજી, કામિની તન મન વિકસીંયા લાલ, કા૦ ॥૮॥ જિમ અતિ વૂઠે મેહ હોજી, નવ નવ રંગ ધરતી ધરે લાલ, ન૦; જયશ્રી તિમ પીયું નેહ હોજી, નવમી ઢાલ જયરંગ ભણે લાલ ન. ॥૯॥

## ઢાળ દસમી

રાગ ધન્યાશ્રી અયોધ્યા હે રામ પધારીયા..... એ રાગ

આજ વધાવો માહરે, આજ જાગ્યું હે સખિ માહરૂં ભાગ્ય કે; પીયુડો હે ઘરેં આવીયો........એ.... આંકણી. દુઃખ દોહગ દૂરેં ટલ્યો, આજ પાયો હે સખિ સુખ સૌભાગ્ય કે...પી૦ ॥૧॥ સુરતરુ ફલીયો આંગણે, આજ દૂધેં હે સખિ વુઠાં મેહકે પી૦; મુહ માંગ્યા પાસાં ઢલ્યાં, આજ ઉલ્લસી હે સખિ દેહ સનેહ કે.... પી૦ ॥૨॥ તપ જપ વ્રતની આખડી, આજ હુઆં હે સખી પૂરણ સુસ કે...પી૦; તૂઠા ગુરુ નેં દેવતા, આજ પૂગી હે સખિ મનની હુંશ કે...પી૦ ॥૩॥ ધન્ય વેલા ધન્ય એ ઘડી, આજ ધન્ય ધન્ય હે સખિ દિવસ

ઉમાહ કે, પી૦; બાર વરસનેં છેહડે, મુજ મલીયો હે સખિ વિછડયો નાહ કે....પી૦ ॥૪॥ મોતીયડે વધાવીયો, ગોરી ગાવે હો સખિ મલિ મલિ ગીત કે પી૦; વર માંડણે ઘર માંડીયું, રંગ ચીતરયાં હે સખી ભીંત સચિત કે....પી૦ ॥૫॥ વિચ વિચ દીયા ઓલંભડા, સહુ કાઢિ હે સખિ મનની ભાસ કે પી૦; નાહ મલ્યો આજ માહરો, રંગ રલીયાં હો સખિ લીલ વિલાસ કે....પી૦ ॥૬॥ રંગમાં મીઠા રૂપણો, જાણે દુધમાં હે સખિ સાકર દ્રાક્ષ કે પી૦; અલીયા ગલીયાં પૂઠલાં, હસી બોલ્યા હે સખિ મધુરી ભાષ કે....પી૦ ॥૭॥ સાજન સહુ આવી મલ્યાં, હુઓ હર્ષિત હે સખિ કુટુંબ અપાર કે, પી૦; બાંધ્યાં તોરણ બારણે, શોભા વધી હે સખિ, નગર મઝાર કે....પી૦ ॥૮॥ મનવાંછિત સુખ ભોગવે, દીયે દાનનેં હે સખિ આદર માન કે, પી૦; ગહ મહ ઘર વસતી હુઇ, ઘર સોહે હે સખિ પુરુષ પ્રધાન કે....પી૦ ॥૯॥ જયશ્રી શીલ શોભા ભલી, ગુણ ગાવે હે સખિ સહુ નર નાર કે, પી૦; દશમી ઢાલ કહી જયતસી, શીલ સરિખું હે સખિ કો ન સંસાર કે....પી૦ ॥૧૦॥

॥ દુહા ॥

જયશ્રી સમ નારી ન કો, કયવન્નો સમ ભરતાર;
જોડી બિહું સરખી જુડી, તુઠો શ્રી કિરતાર. ॥૧॥

હવે વેશ્યાની દીકરી, વડિ અક્કા ઘર છોડિ;
આવી વરઘર પૂછતી, હુઈ જયશ્રીની જોડી. ॥૨॥

બિહું નારી સરખી જોડી, વધતો પ્રેમ સનેહ;
કયવન્નો સોભાગીયો, લોક કહે ધન્ય એહ. ॥૩॥

આંખ બિંદુ સમ નારી બે, માને ચતુર સુજાણ;
પણ હાલ કુસુમ જયશ્રી તણો, હાથે ઘર મંડાણ. ॥૪॥
હવે જયશ્રીના ભાગ્યથી, સુત ઉપન્યો ગર્ભવાસ;
ઉપવન્નાને પણ હુઓ, આવ્યે પૂરા માસ. ॥૫॥

## ઢાળ ૧૧મી

રાગ – સોરઠી રહો રહો રહો વાલહા...

માહ નગીનો એક દિને, દેખી અતિ દિલગીર લાલ રે; જયશ્રી નારી મલપતી, આવી પ્રીતમ તીર લાલ રે; ॥૧॥ પૂછે પદ્મિણી પ્રિય ભણી, હસતા દેખી સદૈવ લાલ રે; આજ ન બોલો કયું હસી, થે પ્રીતમ મુજ જીવ લાલ રે–પૂછે. ॥૨॥ ચિંતા કાંઇ નવી વસી, કાં તો મુજશું રીશ લાલ રે; આજ નિહેજો વાલ હો, હઠા વિશ્વાવીશ લાલ રે–પૂછે૦ ॥૩॥ ખાસી દાસી હું તાહરી, ખું ન પડયા ધો શીખ લાલ રે; વિણ બોલ્યા જીવું નહી, ન ભરું પાછી વીખ લાલ રે–પૂછે. ॥૪॥ પ્રીતમ કહે સુણ પદ્મિણી, તોશું કેહી રીશ લાલ રે; તું ઘર મંડણ માહરે, હીયડે રહે નિશ દિશ લાલ રે...પૂછે. ॥૫॥ તોશું મન મોહી રહ્યું, ભમર જ્યું ફૂલ સુગંધ લાલ રે; ચિંતા ધનની મુજ મને, દોહિલો છે ઘર બંધ લાલ રે....પૂછે. ॥૬॥ કુલ ઘર મ્હોટું આપણું, વડ વડાં કીધાં કામ લાલ રે; પાંચે મેં પરગટ ભલા, બાપ–દાદાના નામ લાલ રે....પૂછે. ॥૭॥ આવ્યો એયા પછી પ્રાહુણો, રાઉલ દેવલ કાજ લાલ રે; ખરચ વરચ કીધા વિના, ન રહે ઘરની લાજ લાલ રે...પૂછે. ॥૮॥ દીને યાચક જસ ભણે, સેવ કરે સહુ કોય લાલ રે; ઢલકતી ઢાલ અગ્યારમી, સુણતાં જયરંગ હોય લાલ રે...પૂછે. ॥૯॥

॥ દુહો ॥

એકણ દીધે બાહરો, નામ ન લેવે લોય;
ભીખારી લેવણ ચઢે, ઇમ ઓલે સહુ કોય. ॥૧॥

## ઢાળ બારમી

રાગ:- ગોડી. કેદારો. જંબુદ્વીપના ભરતમાં રે.....

દામ નહી ગાંઠ માહરે, દામે કરે સહુ કામો રે; દામો તૂસે દેવતા, દામ વધારે મામોરે, ॥૧॥ દામ ભલો સંસારમાં, દીધાં દોલત્ત, હોય રે; ગ્રહ ગોચર પીડા ટલે, દામ વશે સહુ કોયરે....દા. ॥૨॥ રૂપૈયે માને રાજવી, રુપૈયે હવે ધૃત ઘોલો રે; રૂપૈયે ધરમ કરમ હુવે, રૂપૈયે સદા રંગ રોલો રે....દા૦ ॥૩॥ દોકડા વાલા જગતમાં, દોકડે માદલ વાજે રે; દોકડે સ્નાત્ર પૂજા હુવે, દોકડે જિન ગુણ ગાજે રે....દા૦॥૪॥ દોકડે માને ભારજા દોકડે લાડી હાથ જોડે રે; દોકડા પાખે લોભણી, રુઠી કડકડા મોડે રે....દા૦ ॥૫॥ પૈસા આઇ માઈ કહ્યા રે, પૈસા કામણગારા રે; પૈસો વાણુજ કરે વળી, પૈસે જિમણ સારાં રે....દા૦ ॥૬॥ રુણ ન કરું શિર માહરે, રણથી રહે મુખ કાલો રે; રણથી નાવે નીદ્રડી, રણથી સહીયે ગાલો રે....દા૦ ॥૭॥ નારી મંડણ નાહલો, ધરતી મંડણ મેહો રે; પુરુષા મંડણ ધન સહી, ઇણુ માં નહી સંદેહો રે....દા૦ ॥૮॥ ખૂટયું ધન ખાતાં સહી, ઘરમેં સબલી ખોટો રે; વણ-જ વ્યાપાર ન કો ચલે, દુઃભર પેટને કોટો રે.... દા. ॥૯॥ હું જાઇશ પરદેસડે, ધન ખાટીશ એક ચિત્તો રે; ઘરમાં છે બિહુ બેનડી, રહેજો રૂડી રીતો રે. દા. ॥૧૦॥ જયશ્રી સુણી પ્રિય બોલડા, ગેરણાં ગાંઠાં

ઉતારી રે; પિયુ આગલ મૂકી કહે, એ કાયા માયા તાહરી રે....ઢા. ॥૧૧॥ ખાઓ પીઓ ખરચો વળી, માંડો વણજ વ્યાપારો રે; નાહ કહે ધન્ય તું સતી, તું મુજ પ્રાણ આધારો રે....ઢા. ॥૧૨॥ ઘરણું ગાંઠું વેચતાં, લાજ ઘટે હુવે ખુવારી રે; હું ચાલીશ તિણે તજું વસું, ઘરની માંડ છે સારી રે....ઢામ૦ ॥૧૩॥ તિણે નારી મનાવી નાહલે, ચાલણનો કીયો સંચો રે; માથે ભાગ્ય ને છાંહડી, ન ટલે કર્મ પ્રપંચો રે....ઢા ॥૧૪॥ તિણે અવસર પરદેશમેં, ધનપતિ સારથવાહો રે; ફેરે ઇમ ઉદ્ઘોષણા, નગરીમાંહે ઉચ્છાહો રે.... ઢા ॥૧૫॥ ધન ખાટણ જો મન હુવે, તો આવો મુજ સાથો રે; વણિજ ભલા પરદેશમાં, ચડશે બાહુ મન હાથોરે....ઢા૦ ॥૧૬॥ કયવન્નો સુણી વાતડી, મનમાં હરખિત હુઓ રે; સમજી ઘરણી પણ હવે, ચાલણરો દીયો દૂઓ રે....ઢા૦ ॥૧૭॥ શુભ શુકને આયાં સાથમાં, જયશ્રી આવી સાથો રે; દેવલમાં સેજ પાથરી, શાહ બેઠા તણ માથો રે....ઢા૦ ॥૧૮॥ ઘરથી બાહિર આવીયો, એહીજ પંથને આગોરે; બારમી ઢાલે જય તસી, લખમી ખાટણ લાગો રે....ઢા૦ ॥૧૯॥

॥ દુહો ॥

હવે કુલવંતી કંતને, ઉભી કહે કર જોડ;
મેં સીખાવો સિદ્ધ કરો, પૂરો થારાં કોડ. ॥૧॥

## ઢાળ તેરમી

રામ મારૂ. ભોજરાજાના ગીતની...

હાથીયાં રે હલકે આવે મારે મોદુલો રે...એ દેશી-

વ્હેલી વલણ કરજો વાલહાજી, મત રહેજો પરદેશ;

આવતાં જાતાંશું ઘર મૂકજોજી, કુશલ ખેમ સંદેશ.... વહે૦....॥૧॥ ચોર ચુગલ બહુ ધૂરત માણસાજી, મત કરજો વિશ્વાસ; ખાણે પીણે ખરચ મ સાંકજોજી, જિમ સો તિમ પંચાસ....વહે૦ ॥૨॥ દેવગુરુ સ્મરણ કરી શાસ્વતોજી, જિનધર્મ મનમાં ધાર; વિચ વિચ મુને પણ ચિતારજોજી, મત મૂકો વીસાર....વહે૦॥૩॥ કુશલેં ખેમેં વહેલા આવજોજી, ધન ખાટી સુવિચાર; થેં મુજ જીવન થેં મુજ આતમાજી, થેં મુજ પ્રાણ આધાર.... વહે૦ ॥૪॥ ધન્ય વેલા ને ધન્ય વલી તે ઘડીજી, ધન્ય દિન ધન્ય તે માસ; નયણેં દરિશન થારો દેખશુંજી તે દિન ફલશ્યેં મુજ આશ....વહે૦ ॥૫॥ વલી અવધારો મુજ વિનતીજી, હું પતિ ભક્તિ નારી; જિમણ જૂઠણવેલાં થાંહરીજી, હુ જિમીશ નિરધાર....વહે૦ ॥૬॥ હેજેં દેશ્યોં હાથેં આવીનેરે, તેવારે ખાશું પાન; ચૂઆ ચંદન પરિમલ થાં મલ્યાંજી, મેવા વિગય પકવાન.... વહે૦ ॥૭॥ દેવગુરુ વાંદીશ પ્રહ સમેં, સાસતુંજી દેહરે ધૃત દીવેલ; તપ જપ આંબિલ એકાસણાજી, ધર્મે હુવે પ્રિય મેલ....વહે૦ ॥૮॥ ગૌરી સમરે હર રતિ કામનેંજી, રુકિમણી સમરે કાન્હ; ચકવી ચકવો રામ સીતા મનેંજી, તિમ મુજ મન સ્વામી ધ્યાન....વહે૦ ॥૯॥ મેઘ તણી પરેં ઉભી થાંહરીજી, હું જોવું છું વાટ; ઓલુ આવે મુનેં થાંહરીજી, ઘરે આવજો ધન ખાંટ....વહે૦ ॥૧૦॥ હલી મલી શીખ કરી નારીયેંજી, મૂકતી વલી નીશાસ; ફરી ફરી જોવે મુખ ફેરીનેજી, મનડું પીયું પાસ....વહે૦ ॥૧૧॥....પાછા વલતાં પગ બે લડથડેજી, મોહની કરમ જંજાલ; જિમ તિમ આવે ઘર આપણેજિ, સુખેં ગમાવે કાલ....વહે૦ ॥૧૨॥

॥ દુહા ॥

ાલ સખી ઉણ ઝુંપડે, સાજન વસીયા જેણ;
ત કોઈ મીઠો બોલડો, લાગો હુવે તિણેણ ॥૧॥

મંદિર રે માલીયાં, હવે તું ડગ ન ભરેશ;
જેણ કારણ અમેં આવતાં, સો ચાલ્યો પરદેશ ॥૨॥

ગ બિછુરત સારી મરત, એહ કાઠકી પ્રીતિ;
સજ્જન બિછુરે ના મરે, સંખ ન એહ વિપરીત ॥૩॥

મીઠી ઢાલ રમી મન તેરમીજી, જયતસી જયજયકાર;
ફલશેં ભાગ્ય ભલે સૌભાગ્ય શુંજી, તે સુણજો અધિકાર
વહે ॥૧૪॥

॥ દુહા ॥

હવે દેવલમેં ચિંતવતો, ઘર ઘરણીરો હેજ;
નિશિભર સુતો નિંદમાં, કયવન્નો સુખ સેજ ॥૧॥

ઋદ્ધિવંત અપુત્રીયો, કોઈક સાહુકાર;
પરભવે પોહોતો પ્રવહણે, આવ્યા સમાચાર ॥૨॥

તિણરી માતા પાલીયો, પંથીને ધન આપ;
વહુ ચારે મેલી કહે, મત રોવો ચુપચાપ ॥૩॥

જો સાંભલશે રાજવી, તો લેશે ધન રોક;
નામ ઠામ જાશે સહું, તિણે મત કરજો શોક ॥૪॥

ઘર આણી કો રાખશ્યાં, નવલો નર અદ્ભુત;
પુત્ર જ હોશે તુમતણે, રહેશે ઘરનું સૂત, ॥૫॥

કહે વહુરો સાસુ ભણી, કીજે કેમ અકાજ;
કહે ડોશી એ કારણે, કરતાં કાંઈ ન લાજ ॥૬॥

## ઢાળ ચૌદમી

ઢાળ સોરઠી ચંદાવળાની દેશી...

વહુ ચારે સાથે કરી રે, ડોશી જાલી ઢાંગો;
નગરી સારી સોજતી રે, આવી સાથમાં રંગો; આવી

સાથમાં રંગ સુરંગી, દેખે નર સહુ હુઇ હુઈ ખંગી, કેઈ ભંગી કેઈ જંગી, નજર ન આવે કોઇ સુચંગી ॥૧॥ જી કુમરજી જીરેજી, પૂરવ પુન્ય પસાય, સુખ-સંપત્તિ મલે રે, રંગ રલી ઉછરંગ, આજ સહુ ફલે રે – આ૦ એ આંકણી. દેવલ માંહે તે ગઇ રે, સૂતો દીઠો સેજે, રૂપ રૂડું રળીયામાણું રે, કયવન્નો ધરી હેજે; કયવન્નો ધરી હેજ ઉચાયો, પણ નવિ જાગ્યો નિંદે છાયો, તિમહિજ આણ્યો મંચ બિછાયો, ઘરમાં મેલી રંગ મચાયો જી....॥૨॥ ચારે નારી ચઉપખેં રે, નારી બેઠી મંચો, કયવન્નો હવે જાગીયો રે, દેખે તેહ પ્રપંચો; દેખે તેહ પ્રપંચ વિલાસો, એ કુણ ખ્યાલ વિનોદ તમાસો, મ્હોટાં મંદિર મહેલમેં વાસો, ચિહું દિશિ જોવે આસો પાસો. જી....॥૩॥ રંગ રંગીલા માલીયાં રે, ચિત્રામારી બોલો, જાણે વિધાતાએ રચ્યાં રે, મોતી જામર જોલો; મોતી જામર જોલો તે લાલી વિચ વિચ સોહીલાલ પ્રવાલી, જબ જબ જાબખ જુબરસાલી, (જુમ્મર) ભલા ભલા ગોખ ભલી ચિત્રશાલી જી....॥૪॥ સખરા બાંધ્યા ચંદ્રવારે, મખમલરા પંચરંગો, નવનવ ભાતેં જાતિરા રે, પાથરણાં અતિચંગો; પાથરણા અતિ ચંગો જલકે, જરબાફ જાજમ કસબી જલકે, લાંબી ફુલની માલા લલકે, ધૂપ ધાણાની સલીયાં ચલકે, જી....॥૫॥ ચંદ્રવદની મૃગલોચની રે, ભર યૌવનમેં જેહો, નાસા દીપશિખા જિસી રે, સોવન વરણી દેહ રે સારી; ચિહું દિશિ નિરખે ચારે નારી, રૂપેં રૂડી દેવ કુમારી રે, માનવણી જિણ આગેં હારી, જી....॥૬॥ પાયેં નેઉર રણજણે રે,

કાને કુંડલ સારૌ, નકવેસર શિર રાખડી રે, હિયડે નવસર હારો; હિયડે નવસર હારો રે સોહે; મોહનગારી મનડું મોહે રંગ રંગીલી ચિત્તડું ચોહે, મુખ દીઠા એ દુઃખ વિછોહે, જી....॥૭॥ મગન હુઓ દેખી દેખીને રે, મનમાં કરે વિચારો, એ સુહણો કે હું સહી રે, આવ્યો સ્વર્ગ મોજારો; આવ્યો સ્વર્ગ મોજાર રે દેખે, મોતી માણક રયણ અલેખે, સોનું રૂપું કેહે લેખે, એ નહીં ગેહ વિમાન વિશેખેં જી....॥૮॥ શંકા મનમાં ઉપનીરે, હું આવ્યો કિણ ઠામો, સૂજ ન કાંઈ સુઝી પડે રે, કયવન્નો મુજ નામો કયવન્નો મુજ નામ રે સોચે, શિર ધૂણીનેં દિલ સંકોચે, વલી વલી મનશું આપ આલોચે, હવે કિહાં નાસું ખૂણા ખાંચે જી....॥૯॥ તેહવે આવી ડોસલી રે, બોલે મીઠા બોલ, એ ઘર એ વહૂ તાહરી રે, કરો ઇણશું રંગરોલ રે બેટા, કરો ઇણશું રંગરોલ રે બેટા ભાગ્યશું હુઈ તાહરી ભેટા, પહેરો ઓઢો ખાઓ પેટા, તું ઘર સાહેબ હું સહુ તુજ ચેટા, જી.... ॥૧૦॥ મેં સમરી કુલ દેવતા રે, માગ્યો પુત્ર પ્રધાનો, તૂઠી આણી તું દીયો રે, વાલો જીવ સમાનો; વાલો જીવ સમાન રે જાયા, એ છે તાહરી જાયા માયા, જીવ એકનેં જૂઈ છે કાયા, તુને દીઠે મેં સુખ પાયા જી....॥૧૧॥ સુણિ સુણિ વાત સોહામણી રે, હરખ્યો હિયે કુમારો, કિણ ખાટી કો ભોગવે રે, જુવો કર્મ વિચારો; જુવો કર્મ વિચાર રે ચંગા, ઊંદર ખણિ ખણિ મરે સુરંગા, ભોગવે પેસી ભોગ ભુયંગા, બૈલ મરે વહી ચરે તુરંગા, જી....॥૧૨॥ કયવન્નો સુખ ભોગવે રે, દિન દિન અતિ ગહઘાટો, વાત વિસરી ગઇ વાંસલી રે, હિંચે હિંડોલા ખાટો;

હિંચે હિંડોલા ખાટ રે, રૂડી, ભાગ્યની વાત ન કાંઇ કૂડી, ચારે નારી રહે સજૂડી, બાંહે ખલકે સોવનચુડી, જી....॥૧૩॥ પતિભક્તિ ચારે જણી રે, ચારે મોહનવેલો, ચારે બેઠી નાહશું રે, રમે સારી પાસા ખેલો; રમે સારી પાસા ખેલ રે ભેલા, માહો માંહિ હોઇ સમેલા, ચૂઆ ચંદન તેલ ફૂલેલા, સોલ શિણગાર બનાવેં વેલા, જી....॥૧૪॥ ચારે બેટા ચિહુંને હૂઆ રે, બાર વરસ ઘર વાસો, હવે સ્વારથ સર્યો ડોકરી રે, જૂવો કરે તમાસો; રે, જૂવો કરે તમાસો રે, ગાઢો, કહે વહૂરોને એ નર કાઢો, બેટે થયે કલંક ન ચાઢો, જ્યું મુજ હોવે હિયડે ટાઢો જી.....॥૧૫॥

॥ દુહો ॥

નિજ સ્વારથકે કારણે, કુદે વાડ કુરંગ;
રસ કસ લેઇ ત્યાગે તુરંત, એ નિર્ગુણ કે અંગ ॥૧॥

## ઢાળ પૂર્વેલી

વહૂઆશું લડે સાસતી રે, ભાંડ જ્યું લાજ ના સાંખો, વિલગે જાણે નાહરી રે, રાતડિ કરિ કરિ આંખો; રાતડી કરિ કરિ આંખો રે મોટી, મનમાં ખોટી સોટી જોટી, પાવે ન કિણનેં પાણી લોટી, ન દીએ કિણને રોટી દોટી જી....॥૧૬॥ ખાવે ન પીવે લોભણી રે, ખરચે ન વિ રંચે લગારો, મત આવે એહ પ્રાહુણો રે, જડી રાખે ઘરબારો; જડી રાખે ઘર બાર રે, ખડકી, માહેથી બોલે તડકી ભડકી, રહી ઘરમાંહિ સહુકો અડકી, જોગી જતી સહુ જાવે ભડકી, જી....॥૧૭॥ ચૌદમી ઢાલે જયતસી રે, વહૂઆં છે સસનેહ હો, મનમાં હે એમ ચિંતવે રે, વિષવેલિ વરતી એહો; વિષવેલી વરતી એહ રે

સાસુ એ નર નિર્મલ જ્યું જલ આંસું, જીવ છે માહરો એ નહીં ફાસુ, મનરંગ રાતો ફુલ જ્યું જાસું જી....॥૧૮॥

॥ દુહો ॥

સુણી સાસુના બોલડાં, ઉપન્યું દુઃખ અપાર;
ચારે વહુ મલી સામટી, કરે આલોચ વિચાર ॥૧॥
સાસુ હૂઈ શ્વાનણી ફિરતી કરે બિગાડ;
આપે કિમ છોડી શકાં, બાર વરસનાં લાડ? ॥૨॥

## ઢાળ પંદરમી

હમીરિયાની દેશી...

વહુઅર હલીમલી વીનવે, પ્રીતમ કેમ છંડાય સાસુજી?; બાર વરસની પ્રીતડી, જીવે રહ્યો રંગ લાય સા૦ વહુ ॥૧॥ પહેલા પોતે તે કીયો, સબલ અન્યાય અકાજ–સા૦; ઘરઘરણે ઘર રાખીયું, કીધી ન કુલની લાજ, સા૦–વહુ૦ ॥૨॥ જાઇ પરાયે ઘર વસ્યો, ગરજ કરી કોડ લાખ,–સા૦; કામ સર્યું દુઃખ વિસર્યું, હવે કયું દેખાડો કાખ,? સા૦–વહું૦ ॥૩॥ લાજ રહી લક્ષ્મી રહી, બેટા હૂઆ વલી ચાર, સા૦; કિરતાર તૂઠો એ દીયો ભાગ્યવડે ભરતાર, સા૦ વહુ૦ ॥૪॥ હવે તો એહને છોડતાં, ન બને કાંઇ વાત, સા૦; નેહ ન છૂટે જીવતાં, ભીની સાતે ધાત, સા૦ વહુ૦ ॥૫॥ ઇણ વિણ એ ઘર કારમું, સૂનું જાણે મસાણ, સા૦; ઇણ વિણ મ્હે કિણ કામરી, ગુણ વિણ લાલ કબાણ, સા૦ વહુ૦ ॥૬॥ ખાણાં પીણાં પહેરણાં, કાજલ તિલક તંબોલ સા૦; ઇણ વિણ સહુ અલખામણાં, લાગે વિસરે તોલ, સા૦ વહુ૦ ॥૭॥ એહ ધણી માહરે ઇણ ભવે, સોં

બોલે એ બોલ, સા૦; થેં સાચો કરી જાણજો, કહાં છા વાજતે ઢોલ–સા૦ વહુ૦ ।।૮।। જોર વહે તે ડોકરી, તડકી ભડકી બોલે તૂટી, વહુજી; રહો રહો આપણી લાજમાં કાઢીશું વીગો ફૂટી, વ.–વહુ૦ ।।૯।। ઘર મહારું ધન માહરું, આથ ન હુંતિ ઇણ સાથ વ૦; એ કુણ હું કુણ કિશ્યો હવે, દારી ભરડે સાથ. વ૦–વહુ૦ ।।૧૦।। જાર ફીટી હૂઓ ઘર ધણી, વિલસે લીલ વિલાસ. વ.; પણ છલ બલ કરી બાહરો, આશા કરું ખાસ પાસ. વ. વહુ૦ ।।૧૧।। કાઢે ડોલા જ્યું ડાકિણી, શંખણિ માંડયો સોર વ૦; ત્રોડ ફોડ માંડી ઘણી, વહૂઆ ઉપર ઠોર–વ. વહુ. ।।૧૨।। પાલી ન રહે પાપિણી, લાજ શરમ નહી હાક,–સા૦; ગાલી રાલિરાં બોલડા, બોલે કડૂઆં આક–સા. વહુ. ।।૧૩।। બાર વરસ રહીને છેહડે, લાગી પનોતી અંગ સા૦; જંગ કરે ખાઇ ભાંગ જ્યું, રંગમેં પાડયો ભંગ–સા૦ વહુ. ।।૧૪।। ડોશીશ્યું ચાલે ન કયું, નહીં વહુઆરો જોર, સા૦; સબલા જીપે જગ સહી, નિબલા કરે નિહોર સા૦ વહુ. ।।૧૫।। ચારે નારી વિચારીનેં, રતન લેઇ જલકંત સા૦; જલ જાયેં જુઓ ફાટીનેં, ગુણી તીયારો તંત–સા૦ વહુ. ।।૧૬।। ચારે લાડું મોટા કીયા, ઘાંલ્યાં રતન વિચાલ, સા૦; મૂકી ઓશીશેં કોથલી, એહિજ મંચક હાલ. સા૦ વહુ. ।।૧૭।। સાસું કહે ફાસું હવે, રાખું નહી ઘરમાંહ, સા૦; બારે વરસેં તે વલી, એહિજ સારથ વાહ, સા૦ વહુ. ।।૧૮।। આવી પડયો તિણ થાનકે, સાથ સબલ ગજ ગાહ, સા૦; નિશિ ભર સૂતો નિંદમેં, દેખી કયવન્નો શાહ સા૦ વહુ. ।।૧૯।। વહુ ઉઠાડી જગાડીને, ઉપાડયો તે મંચ, સા૦; તિણ દેવલમેં

આણીનેં, મૂકયો તિણહીજ સંચ. સા૦ વહુ. ॥૨૦॥ સસનેહી ચારે જણી, રોતી ભરિ ભરિ આંખ સા૦; સાસુશું આવી ઘરે, રહી નીસાસા નાંખ, સા૦ વહુ. ॥૨૧॥ —યતઃ સયણા એહી જ પારીખું, ફરી પાછું જોવંત; મુખ હસતાં નયણે મલે, તન ટાઢક ઉપજંત. ૧

નયણે જે સાજન મલે, ક્ષણ નહી ભૂલે છેલ;
પ્રીત રીત પાલે નહીં, માણસરૂપે બેલ....૨
પીયું પાસેં સૂતા થકાં, હેજ નહીં લવલેશ;
જૈસો કંતો ઘર રહ્યો, તૈસો ગયો વિદેશ....૩

## ઢાળ પૂર્વની

પન્નરમી ઢાલે જયતસી, તેહિજ મૂક્યો વેશ, સા૦; જૈસા કંતા ઘર રહ્યા, તૈસા ગયા વિદેશ, વહુ૦ ॥૨૨॥

॥ દુહો ॥

હવે કુલવંતી સુંદરી, લઈ શ્રીફળને ફૂલ;
વરધન બેટા સાથ લઈ, ગઇ જોશી રે મૂલ. ॥૧॥

## ઢાળ સોળમી

રાગઃ- સાત સોપારી હાથ, પડયો પૂછણ ધણ ગઈજી એ-રાગ

પૂછે બે કર જોડ, શ્રીફલ આગે મૂકીનેજી; જોશી આળસ છોડ, જુવો પ્રશ્ન એક માહરુજી. ॥૧॥ પતડો હાથેથી જાલિ લગન માંડયો મેષ વૃષ કહીજી; તંત પાડયો તતકાલ, આદિત્ય સોમ મંગલ મુખેજી. ॥૨॥ થેં છો ગુણહ ગંભીર, જાણો વાત ત્રિભુવન તણીજી; માહરી નણંદનો વીર, કહોને વીરા કદિ આવશેજી? ॥૩॥ માનીશ તુજ ઉપગાર, દેઈશ સખર વધામણીજી; જાણો જ્યોતિષ સાર, કહો ફલ પીયર માહરાંજી ॥૪॥ વરષ પૂરા હૂઆ બાર, પીયું ચાલ્યો પરદેશડેજી; નાવી

ચીઠ્ઠી સમાચાર સાર શુદ્ધિ કાંઈ નહીજી. ॥૫॥ ચાલ્યો ધનને કાજ, માહરો વરજ્યો નવિ રહ્યોજી; દેશ વિદેશમાં જ, ઘરે ઘરણી કિમ હોશેજી? ॥૬॥ વાયે લૂ ઉનાલે, વરસાલે મેહ ઝરહરેજી; શીત પડે શીયાલે, કિમ સહેશે નાહ માહરોજી? ॥૭॥ સૂતી પડું જંજાલ, જાણું પિયુ ઘર આવીયોજી; હસી મલીયો હેજાલ, જબકી જાગી દેખું નહીજી, ॥૮॥ દૈવે ન દીધી પાંખ, નહીં તો ઉડી મલું નાહનેંજી; જોવું ભરી ભરી આંખ, છોડું ન પાસો જીવતીજી, ॥૯॥ સહી ન દેતી શીખ, પહેલી જો ઇમ જાણતીજી; ભરણ ન દેતી વીખ, છેહડો ઝાલીને રાખતીજી. ॥૧૦॥ કિમ જાયે જમવાર, વરષ સમી વોલે ઘડીજી; નાહ વિહૂણી નાર રસ વિણ જાણે શેલડીજી ॥૧૧॥ અંગૂઠાની આગ કદી આવે માથા લગેંજી; પિયુ વિણ નહીં સૌભાગ્ય, યૌવનીયું કિમ જાયશેજી? ॥૧૨॥ ન રહે કો પરદેશ, બારા વર્ષા ઉપરાંજી; મૂકે ઘર સંદેશ, કે આવે પોતે વહીજી. ॥૧૩॥ ઘર આવ્યા સહુ કોઇ, આડોશી પાડોસીયાજી; એક મુજ વાલમ સોઇ, નાવ્યો હજી વાટ જોવતાંજી. ॥૧૪॥ જોષી ચતુર સુજાણ લગન વિચારી બોલીયોજી; બ્હેની સુણ મુજ વાણી, મ કરીશ ચિંતા પીયુ તણીજી ॥૧૫॥ જાણું જ્યોતિષ સાર, ફલશે વંછિત તાહરોજી; આજ સહી નિરધાર, મલશે તુજને નાહલોજી. ॥૧૬॥ સાંભલી મીઠી વાણ, ડાબું અંગ પણ ફરકીયુંજી; આજ સહી સુવિહાણ, વીછડયો મલશે વાલહોજી. ॥૧૭॥ સોને મઢાવું જીભ, અમીય ભરું મુખ તાહરુંજી; દેશું સદા આશીષ, ચિરંજીવો જોશી પંડિયાજી. ॥૧૮॥ ઉલ્લસી આવી ઘરબાર, હિયડું હરખ ઉમાહિયુંજી;

સાંભલી-તેણી વાર, એહિજ સાથ ફરિ આવીયુંજી. ॥૧૯॥ હલીમલી બિન્હે નારી, ચાલી તન મન ઉલ્લસીજી; શુકન હૂઆં શ્રીકાર, સાથમાં આવી મલપતીજી. ॥૨૦॥ તંબૂ ડેરા સુવિશાલ, દેખીને મન ઉલ્લસીજી; સોલમી ઢાલ રસાલ, મલશે પીઉ ભણે જયતસીજી. ॥૨૧॥

॥ દુહા ॥

કયવન્નો જાગ્યો હવે, હે હે કોણ હવાલ;
કિહાં ઘર ઘરણી ચારે અરું, કિહાં મણિ મોતી માલ? ॥૧॥
કિહાં કૂર કપૂરશું પ્રેમરસ, કિહાં હિંડોલા ખાટ;
સહી ધૂતારી ડોકરી, એ સહુ રચીયા ઘાટ. ॥૨॥
છેતરીયો છેહ દાખીયો, સોચે પડ્યો સંદેહ;
સૂતારી પાડા જકે, હવે કિમ જોવું ગેહ? ॥૩॥
નારી દેવલમેં ગઈ, દીઠી તેહિ જ સેજ;
બેઠો પ્રીતમ ઉપરે, દીઠો મન ધરી હેજ. ॥૪॥
બોલે માતા હેજશું, બેટા એ તુજ બાપ;
બોલે બેઠો આવીને, ટલિયા દુઃખ સંતાપ. ॥૫॥

## ઢાળ સત્તરમી

રાગ મલાર-કાજલની કોરેંજ લાલ...એ...દેશી.

બોલે પદમણી બે જણી રે, આજ સફલ અવતાર, રંગભર જાગ્યો રે સનેહ; કિરતારે આણી મેલ્યો રે, ભાગ્યસંયોગે ભરતાર. રંગ.... ॥૧॥....સુરતરુ ફલીયો આંગણે રે, દૂધે વૂઠા મેહ રંગ; મુહ માગ્યાં પાસા ઢલ્યાં રે, ઉલ્લસીયા રોમ રોમ દેહ, રંગ.... ॥૨॥.... વિછડી મલિયાં સુખ ઘણું રે, નયણે જાગ્યુ, હેજ, રંગ અચરિજ મનમાં ઉપન્યું રે, એ તો એહિજ સેજ, રંગ.... ॥૩॥ ગહેનો ગાઢો લાડો લીલનો રે,

અંગ સુરંગ સુતેજ, રંગ૦ નાણા ઠાણા હુંડી હુશે રે, ચિંતા ન તિણરી લેજ. રંગ.... ॥૪॥.... મેલ નહીં હાથે પગે રે, ડીલ ન લાગી ખેહ, રંગ૦; મારગ ખેહ દીસે નહીં રે, ચલકે ઝલકે દેહ,—રંગ૦ ॥૫॥ ધવલા ધષ બગપાંખજ્યું રે, ચોખા હીરને ચીરે, રંગ૦; જાણે રહ્યો રંગ મહેલમેં, રે, ખાધી ખાંડને ખીર, રંગ. ॥૬॥ તાજા પાન આરોગીયાં રે, રાતા દાંત ને હોઠ, રંગ; શુદ્ધે ભીનો સાહેબો રે, જાણે ન ગયો ગામ ગોઠ, રંગ. ॥૭॥ પૂછે પદ્મણી વાલહા રે, કાંઇ ઉડી આવ્યા આકાશ, રંગ૦; કે બેસી આવ્યા વિમાનમેં રે, કે બેસી રહ્યા આવાસ?, રંગ૦ ॥૮॥ પાછો ઉત્તર ઘે નહીં રે, ન દાંત ને મુહ પોલ રંગ૦; ગુંગા જ્યું હું હું હું કરે રે, મુખે ન બોલે બોલ, રંગ૦ ॥૯॥ હું હું વાણી પણ તિહાં રે, મીઠી લાગે દ્રાખ, રંગ.; ગુંગો બેટો બાપને રે, બાપ કહે તે લાખ,....રંગ૦ ॥૧૦॥ પૂરવ પૂણ્ય તણે ઉદયે રે, તૂટયા કરમ અંતરાય, રંગ૦; સત્તરમી ઢાલ જયતસી રે, રાગ મલ્હાર કહાય રંગ.... ॥૧૧॥

॥ દુહા ॥

ચાલો ઘરે ઘરણી કહે, ગાબ્યા સંબલ સેજ;<br>
ધણી ધણીયાણી સુત મલી, આવ્યા ઘર ઘણે હેજ ॥૧॥<br>
શાહ બેઠો ઘર આવીને હવે તસુ સુત સુકુમાલ;<br>
વરષ હુએ અગીયારનો, ભણે ગણે નીશાલ. ॥૨॥

## ઢાળ અઢારમી

**હઠીલા વેરીની......દેશી**

જયશ્રી ખોલી કોથલી રે, લીધા લાડુ ચાર રે,

સોહાગણ; દેખી સુત કહે માતને રે લાલ, ઘો શીરામણ સાર રે, સોહાગણ. ॥૧॥ નારી મનમેં ગહ ગહી રે, સખરા મોદક તંત રે, સો૦; રસ મૂકે દીઠાં જીભડી રે લાલ, ડબકે ડાઢને દંત રે, સો૦ ના૦.... ॥૨॥ એક મોદક દીયો સુતભણી રે, માતા ધરી ઉલ્લાસ રે.... સો૦; લાડું લઇને ચાલીયો રે લાલ, ભણવા પાઠક પાસ રે, સો૦ ના૦.... ॥૩॥ લાડું ખાતાં નીસર્યું રે, દીઠું રતન અનૂપરે સો૦; એ મુજ પાટી ઘૂટણું રે લાલ, થાશે લાગી ચૂંપ રે સો૦, ના૦ ॥૪॥ છૂટી પડીયું હાથથી રે, કંદોઈ કુંડ માંહિ રે સો૦; જલ ફાટયું જલકંતથી રે લાલ, લીયું કંદોઇ ઊછાંહી રે સો૦ ના૦ ॥૫॥ ઘે મુજ પાટી ઘૂટણું રે, બોલે ભોલો બાલ રે, સો૦; રઢ લીધી મૂકે નહી રે લાલ, રોઈ રોઈ બોલે ગાલ રે સો૦ ના૦ ॥૬॥ લાડું પેંડા ધારી રેવડી રે, મીઠી મીઠાઈ દીધ રે, સો૦; મીઠે વચને બોલવીને રે, રતન અમૂલક લીધ રે, સો૦ ના૦ ॥૭॥ હવે માંડી ગાદી એટલો રે, ઉપરે માંડી થાલ રે, સો૦; નારી જિમાડે નાહને રે લાલ, નવા નિપાઇ શાલ દાલ રે, સો૦ ના૦ ॥૮॥ પહેલાં પીરસ્યાં ભાંજિ ભાંજિને રે, લાડુ તેહિજ ખંતરે, સો૦; નીસરિયું તિણ માંહિથી રે, લાલ રતન જલ કંત રે, સો૦ ના૦ ॥૯॥ કહે નારી ધન્ય પીયું તુમે રે, ધન લાવ્યા ભલે સૂલ રે, સો૦; ચોર ન દેખે કુત્તા ભસે રે લાલ, અલ્પ ભાર બહુ મૂલ રે, સો૦ ના૦ ॥૧૦॥ હું હું કયવન્નો કહે રે, સૂજે કમાઈ આપરે, સો૦; બીજો અક્ષર ન ઉચ્ચરે રે, લાલ, હું હું પછી ચૂપ ચાપ રે, સો૦ ના૦ ॥૧૧॥ નારી રતન દેખાડીયાં રે,

રુડાં મૂલ્ય અમૂલ્ય રે, સો૦; હરખે કયવન્નો કહે રે લાલ, બોલે મીઠા બોલ રે, સો૦ ના૦ ॥૧૨॥ ભાગ્ય જાગે જિહાં ભલા રે, આપદ સંપદ જોય રે, સો૦; પરમેસર પુણ્યે પાધરો રે લાલ, વાલ ન વાંકો હોય રે, સો૦ ના૦ ॥૧૩॥ ખાયે પીયે વિલસે હસે રે, દાન દીયે ધન કોડી રે, સો૦; પતિ ભગતિ ધણુ બે જુડી રે લાલ, સરખી સરખી જોડી રે, સો૦ ના૦ ॥૧૪॥ દુઃખ દોહગ દૂરે ટળ્યાં રે, સખરો જગ સૌભાગ્ય રે, સો૦; ઢાલ અઢારમી એ કહી રે લાલ, જયરંગ જાગ્યું ભાગ્ય રે, સો૦ ના૦ ॥૧૫॥

॥ દુહો ॥

નામ સવાયું નીસર્યું, પસરી સગલ પ્રસિદ્ધિ;
પૂરવ પુણ્ય પસાઉલે, જડી વલી ઋદ્ધિને સિદ્ધિ. ॥૧॥
મતિ સંભાહી આપણી, માંડયા વણુજ વ્યાપાર;
ઘર વાધી લક્ષ્મી ઘણી, દિન દિન જેજેકાર. ॥૨॥

## ઢાળ ૧૯મી

ચતુર ચિતારો રૂપ ચીતરે રે...રાગ
ભવદત્તભાઈ ઘરે આવીઓ રે...એ દેશી

તિણ અવસર તિણ નગરમાં રે, વાજે ઢંઢેરાનો ઢોલ રે; ફિરતો ચોરાશી ચાવે ચોહટે રે, બોલે એહવા બોલ રે ॥૧॥ આજ રે નિવાજે રાજા તેહને રે, આણે જે હાથી છોડાય રે, લહે અર્ધ રાજ રાજકુંવરી રે, જાણે જે કોઈ ઉપાય રે, આ૦ ॥૨॥ સેંચણક ગજ શ્રેણિક તણો રે, પાણી પીવાં નદી માંહિરે; પેઠો આઘો જલમાં ક્રીડતો રે, શુંઢ ઉલાલે ઓમાંહિ રે, આ૦ ॥૩॥ પગ ઝાલીને તાણ્યોં માછલે રે, સબલો તંતૂ જીવરે; જોર હોવે જલમાં તેહનું રે, હાથી પાડે રીવ

રે. આજ ॥૪॥ ખલક મલ્યા લોક હલકિને રે, એક શૂરા એક વીર રે; પણ નવિ ચાલે જોરો કેહનો રે, સહુ ઉભા રહ્યા તીરે, આ૦ ॥૫॥ ચતુર વિવેકી ભોગી જોગીયા રે, વિદ્યાવંત કલાવંત રે; આણે મહોરા જડી ઔષધી રે, સિદ્ધ સાધક મંત્ર-તંત્ર રે, આજ૦ ॥૬॥ લાખ ઉપાય કરી લોભીયા રે, કેલવે હકુમત કોડી રે; કોડિ મનાવે દેવી દેવતા રે, પણ પાછા ગયા મુખ મોડિ રે, આ૦ ॥૭॥ રાજમંડણ ગજરાજ છે રે, શ્રેણિક કરે દુઃખ શોર રે; કોઇ સનૂરો પૂરો પુણ્યનો રે, હાથી છોડાવે જોર રે. આ૦ ॥૮॥ આલાવણનો સાથી હાથીયો રે, ઉત્તમ જાતિ સુવિનિત રે; રાજ્ય નિઃફલ ઇણ બાહિરો રે, શ્રેણિક હૂએ સચિંત રે, આ૦ ॥૯॥ દાય ઉપાય બુદ્ધિ કેલવે રે, મલી મંત્રી ને ભૂપાલ રે, ઇણી પરે ભાખી ઓગણીશમી રે, જયરંગ ઢાલ રસાલ રે, આ૦ ॥૧૦॥

॥ દુહો ॥

કંદોઇ પડહો છબ્યો, મનમાં કરી વિચાર;<br>
ધૂઆ ફુંકા કુણ કરે?, લાલચ લોભ અપાર ॥૧॥

## ઢાળ વીશમી

રાગ :- ખંભાતી—શોહેલાની દેશી ..

કંદોઈ પડહો છબ્યો રે, રતન અમૂલક પાસો રે; રાજ ઋદ્ધિ સુખ ભોગવું રે, મનમાં મ્હોટી આશો રે. ॥૧॥ તોરે કોડલે પરણું રાયની કુંવરી રે, ભલી ભાગ્ય દશા એ જાગી માહરી રે....એ....આંકણી. રાજા મન હરખિત હૂઓ રે, કૌતુક લોક નિહાલે રે; ગોદડીમાં ગોરખ સહી રે, અર્જુન જે ગાય વાલે રે; તોરે. ॥૨॥ રતન જતન શું સંગ્રહી રે, ચાલ્યા ઘણો ગહગાટ રે;

પેઠો નદીમાં પાધરો રે, ફાટયું જલ દશ વાટ રે. તોરે૦ ॥૩॥ તંતૂ મત્સ અલગો રહ્યો રે; જલ વિણ જોર ન કોઇ રે; છૂટયો સિંચાણક હાથીઓ રે, જલમાંહે પ્રસર્યો સોઇ રે, તો૦ ॥૪॥ હરખ્યો નગરીનો રાજીયો રે, હરખ્યાં નગરી લોક રે; દરબારે આણ્યો હાથીયો રે, પુણ્યે મળે રાજરમણ સુખભોગ રે, તોરે૦ ॥૫॥ કંદોઇને કહે રાજવી રે, કિહાંથી રતન અમૂલ રે; કહે સાચું નહીંતું ભાણી રે, મારીશ કૂડે બોલે રે....તો૦ ॥૬॥ કહેણાથી દેણે પડયો રે, મનમાં રહી સહુ આશ રે; હા! હા! દૈવ તેં શું કીયું રે, ભાંગ્યો માંડયો ઘરવાસ રે. તો૦ ॥૭॥ કૂડ કપટ જાયગા નહી રે, કૂડે વિણસે ગોઠ રે; હોઠ ધ્રુજે કૂડું બોલતાં રે, કૂડે પડે ભાઠ ભોઠ રે, તોરે૦ ॥૮॥ સાચ વડું સંસારમાં રે, સાચે બીક ન શંકા રે; કૂરે વાચ જતી સતી રે, ધન્ય સાચ કાચ નિકલંકા રે તોરે૦ ॥૯॥ મંત્રયંત્ર કૂરે સાચથી રે, સાચ સમ મિત્ર ન કોય રે; રણ વન રાઉલ દેવલે રે, વાલ ન વાંકો હોય રે. તો૦ ॥૧૦॥ ઇમ જાણી સાચું બોલીયો રે, કહે કંદોઈ એમ રે; કયવન્ના સુત પાસથી રે, રતન લીયું મે પ્રેમ રે, તોરે૦॥૧૧॥ સાચ વચન મુખ બોલતાં રે, જગ સઘલું વશ હોય રે; ઇમ સુણી રાજા શ્રેણિકે રે, છોડ્યો તેહ કંદોઈ રે, તોરે૦ ॥૧૨॥ ધન્ય ધન્ય જે સાચું લવે રે, તિણ રે કોઇ ન તોલે રે, વીશ વિશ્વા ઢાલ વીશમી રે, મીઠી જયતસી બોલે રે. તોરે૦ ॥૧૩॥

॥ દુહો ॥

છુટો સાચ પસાયથી, હવે કંદોઇ તેહ;
કુશલ ખેમે આવીયો, રંગરલી નિજ ગેહ. ॥૧॥

શ્રી શ્રેણિક રાજા હવે, મનમાં કરે વિચાર;
મેં બોલી વાચા તિકા, વિઘટે નહી સંસાર. ॥૨॥
સાધુ સતીને સૂરિમાં, જ્ઞાની અરૂગજદંત;
ઉલટી પૂઠે નહી ફરે, જો જગ જાય અનંત. ॥૩॥
પહિલાં બોલે બોલડાં, પછી ન પાલે જેહ;
ઉખાણો તે નર લહે, સિંધુ સાદું એહ. ॥૪॥
વાચા અવિચલ પાલવા, મંત્રી અભયકુમાર;
ઘર મૂકી તેડાવીયો, કયવન્નો દરબાર. ॥૫॥
પુણ્યાઈ પ્રગટી થઈ, આવ્યો શાહ કૃતપુણ્ય;
રાજાને પાયે પડ્યો, સહુ બોલે ધન્ય ધન્ય. ॥૬॥
પૂછી ગાછી વારતા, જાણ્યો એ વડ શાહ;
પરીયાગત લક્ષ્મી ઘણી, ભાગો તોહી વરાહ. ॥૭॥
જાગ્યું ભાગ્ય વલી તેહનું, તૂઠો શ્રેણિક રાય;
પરણાવે નિજ પુત્રિકા, ભલું લગન જોવરાય. ॥૮॥

## ઢાળ એકવીશમી

રાગ-વેલાઉલો. દુલ્લહો કૃષ્ણ દુલ્લહી રાધિકા..... રાગ.

રંગભરી રંગભરી પરણે હો, રાયની કુંવરીજી, ધન્ય કયવન્નો શાહ; વરને વરને કન્યા હો હથલેવો મલ્યોજી, બેઠાં ચોરી માંહ, રંગ. ॥૧॥ ધવલ ધવલ મંગલ ગાવે હોનારી ગોરડીજી, વાજે મંગલતૂર; જાનીવડ જાનીવડ માની સગાં સઘલા મલ્યાજી; પ્રગટયો આનંદપૂર રંગ૦ ॥૨॥ ¹વીંદને વીંદને વીંદણી છેહડા બાંધીયાજી, જાણે કીધો બંધ એહ; હું તાહરી હું તાહરી ને વલી તું માહરોજી, જીવ એક જૂદી દેહ રંગ૦ ॥૩॥ રંગ-રસ રંગરસ ચોથું મંગલ વરતીયુંજી, કન્યા ફરી વર કેડિ; વરને વરને પૂછી પરઠે કામિનીજી, વસતી હુવે

૧ ધણી-ધણીઆણી

ભાવે વેડિ. રંગ૦ ॥૪॥ દાયજો દાયજો દીધો ઘોડા હાથીયાંજી, વલી દીધા ગામ હજાર; પંચરંગ પંચરંગ વાઘા હો મુકુટ સોહામણાંજી, કુંડલ હાર શૃંગાર. રંગ. ॥૫॥ ભોજન ભોજન ભક્તિ હો જિમણ નવ નવાજી, કૂર કપૂર ભરપૂર; આરિમ આરિમ કારિમ કીધા રંગશુજી, લાડે કોડે પડૂર, રંગ.... ॥૬॥ વંછિત વંછિત ફલિયાં હો, ટલિયાં દુઃખ સહુજી, હલીયાં મલીયા હેજ વલીયા વલીયાં વખત રંગ રલીયાં કરેજી, રંગ મહેલ સુખ સેજ. રંગ૦ ॥૭॥ ત્રણ ઋતુ ત્રણ ૠતુંનાં હો સુખ ભોગવેજી, ત્રિહું ભુવને સૌભાગ્ય; ત્રણેહી ત્રણેહી નારી હો સારી અપ્સરાજી, પતિ ભગતિ પ્રેમ રાગ રંગ. ॥૮॥ ત્રણેહી ત્રણેહી સોહે પિયુ મન મોહતીજી, પાન સોપારી કાથ; રંગરસ રંગરસ સોહે ત્રણયે એહવીજી, ખીર ખાંડ ઘીનો સાથ, રંગ. ॥૯॥ દોગુંદક દોગુંદક સુર જિમ ભોગવેજી, મનવંછિત કામ ભોગ; પુરુષ પુરુષ રતન જગે પરગડોજી, કૃતપુણ્ય પૂણ્ય સંયોગ. રંગ. ॥૧૦॥ મધુરી મધુરી કહી એ એકવીશમીજી, જયતસી ઢાલ સુરંગ; પદવી પદવી ઊંચી હો પામી પુણ્યથીજી, કૃતપુણ્ય નામ તિણે ચંગ રંગ. ॥૧૧॥

॥ દુહો ॥

કયવન્નો સુખ ભોગવે, સોભાગી શિરદાર;
માને શ્રેણિક રાજવી, માને અભયકુમાર. ॥૧॥

## ઢાળ ૨૨મી

રાગ – સોરઠી-નિંદડી વૈરણ હુઈ રહી.....રાગ.

એક દિન મનમાં ચિંતવે, મંત્રી પાસે હો કયવન્નો શાહ કે; દેખો પાપિણી ડોસલી, મુને કાઢ્યો

હો રાખી ઘર માહે કે. ॥૧॥ અભયકુમાર બુદ્ધિ આગલો, બુદ્ધ જીત્યા હો સહુ દેવ કે દાનવ; માણસ કેહિં માત્રમાં, બુદ્ધિ તૂઠી હો સરસ્વતી દેવ કે અ૦ ॥૨॥ બુદ્ધિબલે રાજ્ય ભોગવે, સહુ શંકે હો રાણા ને રાય કે; બુદ્ધિએ સુરગુરુ સારિખો, બુદ્ધં અમૃત હો, રસદૂજણી ગાય કે, અ૦.... ॥૩॥ શાહ જાણી મંત્રી ભણી, કહી વીતક હો સઘલી તે વાત કે; મંત્રીસર બુદ્ધિ કેલવી, કીયો દેવલ હો, ધવલરંગ ભાંત કે, અ૦ ॥૪॥ ચિત્રામે અતિ ચીતર્યો, નામ ચઉમુખ હો કીધો મન કોડ કે; મૂરતી માંડી યક્ષની, રૂપેં રૂડી હો કયવન્નો જોડ કે. અ૦ ॥૫॥ નગર ઢંઢેરો ફેરવ્યો, એ જાગતો હો યક્ષદેવ પ્રત્યક્ષ કે; પૂજો અરચો એહને, રોગ ટાલે હો લઈ ભોગ સમક્ષ કે. અ૦ ॥૬॥ કયવન્નો મંત્રીસરુ, બેહુ ઉભા હો મંડપ મનરંગ કે; નગરની નારી મલી, ટોલેં ટોલેં હો લઇ સુતને સંગ કે. અ૦ ॥૭॥ છોરૂ આપે સહુ નારીને, છોરૂ તેડી હો આવે દરબાર કે; તૂસે સહુ જાત્રા કીયાં, રુસેં નાયાં હો નારી સુત ભાર કે. અભ૦ ॥૮॥ સઘલી આવી મલપતી, ગાવે વાવે હો કરી જેઠી જાત્ર કે; તૂઠજે બાપજી મત રુસે, મૂકે નૈવેદ્ય હો આગલ તે માત્ર કે, અભ૦ ॥૯॥ હવે ડોકરડી ડાંગડી, જાલી હાથેં હો ડગ મગતી હાલ કે; ચારે વહું સાથે મલી, ચાલે આગે હો ચાર ન્હાના બાલ કે, અભ૦ ॥૧૦॥ હલવે હલવે હાલતી, આવી પેઠી હો સહુ દેવલમાંહિ કે; મૂરતી મોહનવેલડી, બેઠી દીઠી હો મન ધરીય ઉમાંહિ કે, અભ૦ ॥૧૧॥ પ્રત્યક્ષ કયવન્નો જિસો, રૂપ રૂડું હો નખ શિખ આકાર કે; પંચરંગ વાઘો પહેરણે, કાને, કુંડલ હો સોહે હિયડે હાર કે, અભ૦

॥૧૨॥ જોઈ જોઈ વહુ ચારે હસી મન ઉલ્લસ્યો હો, વિકસ્યો વલી ગાત કે; નયણે નયણ મલી રહ્યાં, જોતી કરતી હો કરે સફલી જાત કે, અભ૦ ॥૧૩॥ તે સૂરત મૂરતિ દેખીને, ડોસી ખોસી હો જગદીશની નાલ કે; પાપે શંકે પાપિણી, રખે લાગે હો ઇહાં કોઈ જંજાલ કે; ....અભ. ॥૧૪॥ હિયડું હટકયું નવિ રહે, મુખે નાખે હો નીશાસા નારી કે; નયણે નીર ઝરે ઘણું જાણે ત્રુટયો હો મોતીનો હારકે, અભ૦ ॥૧૫॥ હિયડું હેજે પૂરીયું, ભટ્ટે દીઠા હો ભરતાર સરૂપ કે; ઢાલ બાવીશમી જયતસી, મન મોહ્યું હો દેખી રૂપ અનૂપ કે, અભ૦ ॥૧૬॥

॥ દુહો ॥

રમતાં હસતાં ખેલતાં, ચારે ન્હાના બાલ;
મૂરતિ પાસે આવીયા, હરખ્યા નયણ નિહાલ. ॥૧॥

## ઢાળ ૨૩મી

બાહુબલીની, બાલુ હક્ષણરી ચાકરી રે, બાલુ હખણીરો ચાટ; સાહિબ પીઢે જાતિમાં રે, ઘનલું બાસે ખાટ, ભમર લંજારાસારાં લેજો રાજ...એ...દેશી......

બોલે બાલક બોલડા રે, મુણ મુણ મીઠી વાણી; કયાં બેઠાં ઇહાં આવીને રે, રૂઠા મનરા દાણી. ॥૧॥ ઉઠો હો બાબાજી ઘરે આજ્યો આજ, થાંને માઉરીજીરી આણ, થાંને દાદીજીરી આણ, થેં તો મ કરો ખાંચા તાણ, થેં તો નાશી આયા ઇણ ઠાણ, થાંને તેડી જાસ્યાં પ્રાણ ઉઠો. ॥૨॥ કોઈ તાણે આંગુલી રે, કોઇ તાણે હાથ; કોઇ પગ મૂકે નહીં રે, કોઇ ઘાલે બાથ; ઉઠો૦ ॥૩॥ એક કહે બાપો માહરો રે,

બીજાને દે ગાલ; એક બેસે ખોલેં આવીને રે, એક ચુંબી દે ગાલ, ઉઠો૦ ॥૪॥ એક કહે ભેલા બેસીને રે, જિમશું બાપાની સાથ; બીજો કહે જિમણ ન હું રે, દેઉં મુખ આડો હાથ–ઉઠો૦ ॥૫॥ એક કહે ખાસ્યું લાડુવા રે, એક કહે ખીર ખાંડ; એક કહે સીરા લાપસી રે, મ્હોટી થાલી માંડ, ઉઠો૦ ॥૬॥ એક કહે ભેલાં બેસસ્યાં રે, આપેં સઘલા આજ; બાપો સહુને સારિખો રે, એક પંથ દોઈ કાજ, ઉઠો૦ ॥૭॥ ન્હાનડીયાને બોલડે રે, લીધી સઘલી સાર; કયવન્નો પ્રગટ હૂઓ રે, મંત્રી અભયકુમાર, ઉઠો૦ ॥૮॥ દેખી ધ્રુજી તે ડોકરી રે, વાય ઝકોલ્યું જ્યું જાડ; ડોસી પોસી પાપણી રે, જાણેં પડી ચોરધાડ. ઉઠો૦ ॥૯॥ ધુતારી તે ડોસલી રે, ઘરથી કાઢી કૂટ; હરખી ચારે પદમણી રે, પાપ કહ્યું દુઃખ છુટ ઉઠો૦ ॥૧૦॥ હેજેં મલી નિજ નાહનેં રે, ટલીયા દુઃખ દોહગ; બેટા ચારે ફટરાં રે, પ્રગટ્યું જસ સૌભાગ્ય, ઉઠો૦ ॥૧૧॥ કયવન્નો સુખ ભોગવે રે, રમણી સાત અનૂપ; ઈંદ્ર ચંદ્ર પણ દેખતાં રે, આણે મનમાં ચૂપ, ઉઠો૦ ॥૧૨॥ દાને તૂસે દેવતા રે, દાને દોલત હોય; દાન વડું સંસારમાં રે, જશ ગાવે સહુ કોય, ઉઠો૦ ॥૧૩॥ કયવન્નેં સુખ ભોગવ્યાં રે, દાન તણે સુપસાય; નામ રહ્યું ત્રિહું ભુવનમાં રે, માન્યો શ્રેણિકરાય; ઉઠો૦ ॥૧૪॥ સરખી સાતે પદમણી રે, ભોગી ભમર સુખ લીન; જયરંગ ઢાલ સોહામણી રે, વીશ ઉપર થઇ તીન૦ ઉઠો૦ ॥૧૫॥

॥ દુહો ॥

લીનો ભીનો લીલમાં, રહે સુખી દિન રાત;
હવે સાંભલજો ચોંપશું, ધરમ કરમની વાત. ॥૧॥

## ઢાળ ૨૪મી

કાચી કલી અનારકી રે હાં, ભમર રહ્યો લલચાય...
મેરે ઢોલણા ..એ...રાગ

તિણે કાલે ને તિણ સમે રે હાં, જંગમ તીરથ જેહ,....શ્રી મહાવીરજી; તીર્થનાથ ત્રિભુવન ધણી રે હાં, ભાંજે સયલ સંદેહ....શ્રી૦ ॥૧॥ પાપ ટલે પ્રભુ પેખતાં રે હાં, નામ તણે બલિહાર; શ્રી૦; ચિંતામણી સુરતરુ સમો રે હાં, વાંછિત ફલ દાતાર રે....શ્રી૦ ॥૨॥ સાત હાથ પ્રભુ શોભતાં રે હાં, ધન્ય જે લોચન દીઠ શ્રી; ચરણ કમલની રજેં કરી રેં હાં, કરતા પવિત્ર ભૂપીઠ....શ્રી૦ ॥૩॥ છત્રીશ સહસ સવિ સાધવી રે હાં, ચઉદ સહસ્સ અણગાર, શ્રી૦; ગૌતમ સ્વામી પ્રમુખ સહુ રે હાં, ગણધર સાથે અગીયાર....શ્રી૦ ॥૪॥ સતી યતીશ્વર મહાવ્રતી રે હાં, સખરો પ્રભું પરિવાર શ્રી૦; બે કર જોડી ભાવશું રે હાં, વંદના કરું વારંવાર....શ્રી૦ ॥૫॥ કોડા કોડી કેઈ દેવતાં રે હાં, પરીવરીયા પરિવાર શ્રી૦; પગ તલેં નવ સોવન તણાં રે હાં, કમલ રચે સુર સાર....શ્રી૦ ॥૬॥ અતી ઊંચો રળીયામણો રે હાં, સહસ જોયણનો દંડ શ્રી; ગયણાંગણ ધ્વજે લહલહે રે હાં, ટાલે કુમતિ પાખંડ....શ્રી૦ ॥૭॥ ગ્રામાગર પૂર વિચરતાં રે હાં, કરતાં ઉગ્ર વિહાર, શ્રી૦; નગરી રાજગૃહી પરિસરેં રે હાં, ગુણશીલ વન છે સાર....શ્રી૦ ॥૮॥ નંદન વન સમ સોહતું રે હાં, વેલી વૃક્ષ માંડવા સાર, શ્રી૦; કોયલડી ટહુકા કરે રે હાં, ભમર કરે ગુંજાર.... શ્રી૦ ॥૯॥ સ્વામી આવી સમોસર્યાં રે હાં, નિરવદ્ય સખરે ઠામ, શ્રી૦; મલિયાં ચઉવિહ દેવતા રે હા, રચે

ત્રિગડો તામ....શ્રી૦ ।।૧૦।। સમવસરણ સોહામણું રે હાં, તરુ અશોક વિકસંત શ્રી૦; ચઉમુખ ચિંહુ સિંહાસણે રે હાં, બેઠાં શ્રી ભગવંત....શ્રી૦ ।।૧૧।। ભામંડલ પૂંઠે ભલું રે હાં, દીપે તેજ દિણંદ, શ્રી૦; તીન છત્ર શિર શોભતાં રે હાં, ચામર ઢાલે ઈંદ....શ્રી૦ ।।૧૨।। વેર વિરોધ સહુ ઉપશમે રે હાં, રીઝે સુણી સુવિચાર, શ્રી૦; બેસે બારે પરખદા રે હાં, સફલ કરે અવતાર....શ્રી૦ ।।૧૩।। ચોત્રીશ અતિશય શોભતાં રે હાં, વચનાતિશય પાંત્રીશ, શ્રી૦; ધર્મ પ્રકાસે જગધણી રે હાં, જગનાયક જગદીશ....શ્રી૦ ।।૧૪।। ધન્ય ધન્ય તે જગ જીવડા રે હાં, વાણી સુણી કરે સેવ, શ્રી૦; ઢાલ ચોવીશમી જયતસી રે હાં, નમું ચોવીશમાં દેવ....શ્રી૦ ।।૧૫।।

।। દુહો ।।

હરખ્યુ વાનરની પરે, ભરતાં લાંબી ફાલ;
શ્રેણિકને વધામણી, આવી દીયે વનપાલ. ।।૧।।
શ્રેણિક મનમાં હરખીયો, જિમ ઘન આગમ મોર;
મન વંછિત વધામણી, દીધી તિયાંને જોર. ।।૨।।
રાજા શ્રેણિક હરખીયો, હરખ્યો અભયકુમાર;
શાહ કયવન્નો હરખિયો, હરખ્યાં લોક અપાર. ।।૩।।

## ઢાળ ૨૫મી

રાગ - ખમાયતી ।। મહારાજ ચડે ગજ તુરીઆં, નેમકુમર વર વિંદ બીરાજે.. એ...દેશી

શ્રી શ્રેણિક મહારાજ, મનોરથ ફલીયાં, ભલે આજ હૂઆં મો રંગ રલીયાં, એ....આંકણી.... જિનવર વંદન સજે સજાઈ, ઉવટણાં અંગે મલીયાં; અંજન મંજન સ્નાન સુગંધી, ગંગાજલ ખલખલીયાં શ્રી. ।।૧।।

પહેર્યાં હીર ચીર પટંબર, હિયડે હાર રતનલીયાં; ચૂઆં ચંદન અંગ વિલેપન, કેશર કપૂર મૃગમદ તલીયાં, શ્રી. ॥૨॥ પંચરંગ ફુલ જ્યું ચંગા વાધા, કુંડલ કાને મણિ જડીયાં; સસિ દલ ભાલ તિલક અનોપમ, શિરમુકુટ સોવન ઘડીયાં, શ્રી૦ ॥૩॥ બિહુ બાંહે બહિરખા બાંધ્યા, હાથે દોઈ હથ સાંકલીયાં; નંગ જડિત કનક મુંદરડી, ઝલકે દશ કર અંગુલીયા, શ્રી૦ ॥૪॥ પટહસ્તાચલ ચઢ્યો મગધેસર, વડ વડા જોધા સાથે જુડીયાં; હય ગય રહ પાયક પરવરિયા, જાણે ઈંદ્રિ દલ ઉપડીયાં શ્રી૦ ॥૫॥ મેઘાડંબર શિર છત્ર બિરાજે, ઝબ ઝબ તેજે ઝલ હલીયાં; નિર્મલ ચંદ કિરણ જ્યું ધવલાં, બિહું પાસે ચામર ઢલીયાં શ્રી૦ ॥૬॥ ફરહરે આગે નેજા તાજાં, જુલમતિ ઘોડા હલ છલીયાં; યાચક જય જય વાણી બોલે, દાનેં માનેં દારિદ્ર દલીયાં, શ્રી૦ ॥૭॥ ભેરી નફેરી નાદી નગારાં, નવલ નીશાને ઘાઉ વલીયાં; વાજે વાજાં ગાજે અવાજા જ્યું વરસાલેં વાદલીયાં, શ્રી૦ ॥૮॥ મોતીડે વધાવે ગલીયે રલીએ, ગોરી રચી રચી ગુંહલીયાં; કોકિલકંઠી મીઠી વાણી, સોહવ ગાવે સોહલીયાં, શ્રી૦ ॥૯॥ આગેં વાંસે વહે દલ વાદલ, જ્યું વરસાલેં વાદલીયાં; ધ્રુજે ધરણી ગિરિવર કંપે શેષ નાગ તો સલસલીયાં, શ્રી૦ ॥૧૦॥ દિશિ દિશિ દેશ ભંગાણાં પડીયાં, સીમાડા સહુ ખલભલીયાં; કોઇ નાઠા ત્રાઠા, કેઇ નમીયાં આવી કલિયાં, શ્રી૦ ॥૧૧॥ સાથે અંતેઉર લીધાં સઘલાં, શ્રી અભયકુમાર બુદ્ધિ બલીયાં; સાથે સાહ વલી કયવન્નો, સહુકો પ્રભુ વંદણ ચલીયાં, શ્રી૦ ॥૧૨॥ હયગયા ગહગહ્યા રથગયા કેઇ પાલા કેઇ ચડિયાં; કેઇ પાલખીયે કેઇ રથ બેઠાં,

જિન વંદણ પરવરીયાં, શ્રી૦ ॥૧૩॥ સમોવસરણ દેખત સહુ વિકસ્યાં, ધન્ય દિન આજ વખત વલીયાં; હરખ હિલોલા ચિત્ત કલ્લોલા, ચંદ ચાહે જ્યું સિંધુ ઉચ્છલીયાં, શ્રી૦ ॥૧૪॥ પ્રાતીહારજ આઠે પેખંતા, કુમતિ ગરવ ગુમાન ગલીયા; ભવ્ય જીવોના પાતક ગલિયાં, જ્યું પાણી મેં કાગલીયાં, શ્રી૦ ॥૧૫॥ હાથીથી ઉતરીયો રાજા, આગે પાલો હુઇ પુલીયાં; જિનવર દરસણ ચાહ ધરંતા, ઢીલ નહીં હુઆં હલફલીયા, શ્રી૦ ॥૧૬॥ એક રંગ હુઆ પાંચે ઇંદ્રિય, વલી મુનિશું હિલી મિલીયાં; ચલીયા, રલી એ ભગવંત ભેટણ, જીવ તણા વંછિત ફલીયાં શ્રી૦ ॥૧૭॥ શ્રી વીરજીનેશ્વર નયણે દીઠો, દુઃખ દોહગ દૂર ટલીયાં; જયંતસી ઢાલ કહી પચ્ચ-વીશામી સુણતાં હરખ સુમંગલીયાં શ્રી૦ ॥૧૮॥

॥ દુહો ॥

પંચાભિગમ સાચવી, શ્રી શ્રેણિક મહારાય,
દેઈ તીન પ્રદક્ષિણા, વાંદે જિનવર પાય ॥૧॥
પ્રભુ આગલ કરજોડીને, બેઠો શ્રેણિક જામ;
નગર લોક પણ વાંદીને, સહું બેઠાં નિજ ઠામ ॥૨॥
જિનવર રૂપ સોહામણું, તન મન હુઆ લય લીન
મગન હૂઆ જગતીન તિમ, જયુ પાણીમેં મીન ॥૩॥

## ઢાળ છવ્વીશમી

કરડો તિહાં કોટવાલ એ...દેશી

ભાવ ભક્તિ માન આણી, બેઠી આગેં બારે પરખદાજી; યોજન ગામિની વાણી, મીઠી દેવે જિનવર દેશનાજી ॥૧॥ સમક્તિ ધર્મનું મૂલ, સમક્તિ પાલો આતમ હિત ભણીજી; અવર સહુ આક તુલ્ય, સુરતરુ

સરિખું સમકિત ભાંખીયુંજી ॥૨॥ દેવ નમો અરિહંત, ગુરુ ગિરવા શ્રી સાધુ સુવાંદીયેંજી; કેવલિભાષિત તત્વ, શ્રી જિનધર્મ સુધો મન આણીયેંજી ॥૩॥ શ્રાવકના વ્રત બાર, આઠે પ્રવચન માતા સાધુનીજી; પાલો નિર-તિચાર, મનમાં આણી સૂધી ભાવનાજી ॥૪॥ લાધો નરભવ સાર, દશ દ્રષ્ટાંતે લહેતાં દોહીલોજી; આરજ દેશ અવતાર, જિનધર્મ લાધો, એલેં મ હારજો જી, ॥૫॥ એ સંસાર અસાર, તન ધન યૌવન સઘલાં કારિમાંજી; કારિમો એ પરિવાર, સ્વારથના છે સહુ કો સગાંજી, ॥૬॥ માતા પિતા સુત નાર, એ પણ સઘલાં શત્રુપણું ભજેજી; જ્ઞાતા સૂત્ર વિચાર, વળી શ્રી રાયપ-સેણી ઉપાંગમેંજી ॥૭॥ ચંચલ નરભવ આયુ, જિમ તરુવરનું પાકું પાનડુંજી, ઉત્તરાધ્યયનની સાખ, ડાભ અણી જિમ પાણી બિંદુનું જી ॥૮॥ વિરુઆ વિષય સવાદ, પાંચે ઈંદ્રિય સબલ જગને નડે જી; પામે જગ વિખવાદ, એક એક ઇંદ્રી પરવશ પ્રાણીયોજી, ॥૯॥ દેખી રૂપ પતંગ, નાદે મૃગલો રસ વશ માછલોજી; પામે રંગ વિરંગ, ભમરો વાસેં ફરસેં હાથીયોજી ॥૧૦॥ શુભ ગતિશું પ્રતિકૂલ, ફલ કિંપાક સમાં ફલ જેહનાંજી; ભવતરુનાં એ મૂલ, ચાર કષાય નિવારો જિમ તરોજી ॥૧૧॥ મ કરો મમતા સંગ, સમતા રસમાં ઝીલો મલ તજો જી; રમતાં દયા રસ રંગ મન ગમતાં સુખ પામો શાશ્વતાજી ॥૧૨॥ દાન શીયલ તપ ભાવ, ચારે ગતિ છેદણ ચારે આદરોજી; કૂડ કપટ રોષભાવ, છોડો જોડો મન વૈરાગ્યશું જી ॥૧૩॥ મ કરો પરાઇ તાંત, પારકી નિંદા નારક ગતિ દીયેજી; ધર્મ ધ્યાન દિન રાત પાલો નિર્મલ વ્રત નિયમ આખડીજી ॥૧૪॥

એકલો આવ્યો જીવ, પરભવે પણ એ જાયે એકલોજી; તન ધન સયણ સદીવ, સાથ ન આવે કો કરણી વિનાજી ॥૨૫॥ એ સંસાર સ્વરૂપ, જાણી પ્રાણી ધર્મ કરો ખરોજી; જયતસી ઢાળ અનૂપ, સમજો બુઝો એ છવ્વીશમીજી ॥૨૬॥ સર્વગાથા ૪૫૯

॥ દુહો ॥

જિનવર વાણી સાંભળી, પ્રતિબૂઝયા બહુ લોક;
કેઈ શ્રાવક વ્રત આદરે, કેઈ મહાવ્રત જોગ. ॥૧॥

વલી વિશેષ જિન દેશના, મીઠી લાગે જોર;
કયવન્નો મન હરખીયો, જિમ ઘન ગાજે મોર. ॥૨॥

આજ મનોરથ સવિ ફળ્યાં, આજ જનમ મુજ ધન્ય;
આજ હુઓ સુકૃતારથો, ઇમ ભાખ્યો કૃતપુણ્ય. ॥૩॥

વાંદીને પૂછે વલી, મયા કરો મહારાજ;
મે શું દીધું આચર્યું ?, કહો પૂરવ ભવ આજ. ॥૪॥

લોકાલોક પ્રકાશ કરે, કેવલજ્ઞાન અનંત;
કયવન્નો આગલ કહે, પૂરવ ભવ વિરતંત. ॥૫॥

## ઢાળ ૨૭મી

રાગ સિંધૂરો, એક લહરી લે ગોરલા...એ...દેશી
ધારણી મનાવે રે મેઘકુમારને રે એ ઢાળ

શાલીગ્રામ નામેં ગામ છે, ભરીયું ધણ કણ સૂત; વસે તિહાં એક ગોવાલણી રે, ડોસી એક તસ પૂત. ॥૧॥ દાન ધરમ ફલ રુયડાં રે, જશ બોલે સહુ કોય; ભગવંત ભાખે સ્વયંમુખે રે, દાન સમું નહી કોય દા૦ ॥૨॥ ધન પાખે તે ડોકરી રે, કરે પરઘર કામ; આથ પાખેં આદર નહી રે, પૂછે ન કો નામ ઠામ રે, દાન૦ ॥૩॥ બેટો બાલક ન્હાનડો રે, કરી ન સકે કામ નેટ; ચારે પરાંયાં વાછડાં રે, નીર ભરે એમ પેટ....દાન૦ ॥૪॥ પરવ

મહોત્સવ એક દિને, રાંધે ઘર ઘર ખીર; દીઠાં બાલક જિમતાં, હુઓ મનમેં દિલગીર. દાન૦ ॥૫॥ ખીર જિમણ મનસા થઈ, માગે માતાજીને તીર; હઠ લેઇ બેટો કહે, મા! જિમણ દ્યો ખીર. દાન૦ ॥૬॥ સમજાવ્યો સમજે નહીં, જાણે નહીં ઘર સાર; હુઈ આમણી દુમણી, નયણ ઝરે જલધાર. દાન૦ ॥૭॥ માયડી કહે પૂત માહરા, ઘર નહીં કુકશ ભાત; લે કરી લૂખું સુકું જિમી, છોડી દે ખીરની વાત. દાન૦ ॥૮॥ કીડી મંકોડી ખીયાં, હઠ છોડે નહિં બાલ; રોવે આક્રંદ માંડીને, છેડો માતાનો ઝાલ. દાન૦ ॥૯॥ આવી પર ઉપગારિણી, પાડોસણ મલી ચ્યાર; બાલ રોવાડે કયું રોઇને, પૂછયાં કહ્યો સુવિચાર. દાન૦ ॥૧૦॥ દૂધ દીધું એકણ ત્રિયાં, બીજી શાલિ અખંડ; ઘી સુરહે ત્રીજીયે દીયો, ચોથી બૂરા ખાંડ. દાન૦ ॥૧૧॥ ખીર રાંધી મીઠી તિણે, મલી રૂડી સાનિધ; કારણ સહુ મલિયાં પછી, તરત હુવે કામ સિદ્ધિ. દાન૦ ॥૧૨॥ બેસાડી બાલક ભણી, માંડી થાલી સ્નેહ; અમિય નજર ભરી માયડી, ખીર પીરસે તેહ. દાન૦ ॥૧૩॥ ખીર ઊન્હી જાણી કરી, દેઈ ઠારે ફૂંક; પણ ચતુરાઈ બાલની, ન પડે ખીરમાં થૂંક. દાન૦ ॥૧૪॥ કીણહીક કારજને વસ્યે રે, જનની બાહિર જાય; અચરિજ વાત હુઈ તિસે, તે સાંભલે ચિત્ત લાય. દાન૦ ॥૧૫॥ ભવિતવ્યતાવશે નીપજે શુભાશુભ કારજ સિદ્ધિ; ઢાલ કહી સત્તાવીશમી, જયતસી નિશ્ચલ બુદ્ધિ. દાન૦ ॥૧૬॥

॥ દુહા ॥

ચ્યાર તીચ ફુલા વિહરતો, ક્ષીણદેહી ગુણ ગેહ;

અતિથિ એક આવ્યો તિસે, જંગમ તીરથ જેહ. ॥૧॥

પાઠાંતરે :- ઊંચ નીચ કુલ વિહરતાં, મુનિવર મહિમાપાત્ર;
આવી ઉભા તેહને ઘરે, જંગમ તીરથયાત્રા ॥૨॥

## ઢાળ ૨૮મી

રાગ સોરઠીમિશ્ર :- આડા ડુંગર વન ઘણાં રે, આડાં ઘણાં પલાસ; વિષમવાટ આડા ઘણાં, આડી નદી અબનાસ રાણા રાજસી હો, મેવાડ મહીપતિ હો ચિત્રોડા ગઢપતિ હો, રાજા દેજે થારાં ગઢપતિયાંને શીખ એ.. રાગ...

માસખમણને પારણે રે, લેતો શુદ્ધ આહાર, આણ્યો વખતે તાણિને રે, ભલો હરખ્યો બાલ તિવાર હો. ॥૧॥ રુડા સાધુજી હો, મ્હોટા મહંતજી હો આજ ભલે આંગણ કે પધાર્યા હો પૂજ્ય....એ આંકણી. બે કર જોડી ઉઠીને રે, વાંદે ઋષિનાં પાય; તન વિકસ્યું મન ઉલ્લસ્યું રે, વલી હિયડે હરખ ન માય હો, રુડા. ॥૨॥ આદર માન દીયે ઘણું રે, ધન્ય ધન્ય તું અણગાર; મુખ કમલ તુજ નિરખતાં રે, મહારો સફલ હૂઓ અવતાર હો, રુડા૦ ॥૩॥ મુહ માગ્યાં પાસાં ઢળ્યાં રે, દૂધે વૂઠા મેહ; ઘર બેઠાં સદ્ગુરુ મલ્યો રે, આજ પ્રગટી ઋદ્ધિ સિદ્ધિ ગેહ હો. રુડા૦ ॥૪॥ આજ મનોરથ સવિ ફલ્યાં રે, સુરતરૂ ફલિયો ગેહ; પાપ કટ્યું પૂણ્ય પ્રગટીયું રે, ચઢ્યો હાથ ચિંતામણિ એહ હો. રુડા૦ ॥૫॥ સોવન પુરિષો ચાલતો રે, નિર્મલ નહી દોષ માત્ર; ઘરે બેઠા ભેટો હૂઇ રે, એ તો જંગમ તીરથયાત્ર હો, રુડા૦ ॥૬॥ ગંગાજલમાં ઝીલતાં રે, હૂઆ નિર્મલ ગાત્ર; મન મોહન મહિમાનિલો રે, ભલે ભેટયો સાધુ સુપાત્ર હો રુડા૦ ॥૭॥ દોહિલી સામગ્રી તે જડી રે, આજ જાગ્યું મુજ ભાગ્ય; થાલમાંહે કાઢી લીંહટી રે, કીધા ખીર તણા ત્રણ ભાગ હો રુડા૦ ॥૮॥

બાલક બોલ્યો ભાવશું રે, સ્વામી વહોરો ખીર ખાંડ; મુનીવર પડઘો માંડીયો રે; જાણે ધરમ રતનનો કરંડ હો રુડા૦ ॥૯॥ વ્હોરાવે હવે પહેલડો રે, ખીર ભાગ ધરી રાગ; અલ્પ જાણીને વલી તિણે રે, દીયો બીજો પણ ખીર ભાગ હો. રુડા૦ ॥૧૦॥ ઉત્તમ પાત્ર દીઠો ભલો રે, જાણ્યું તેહનું ભાગ્ય; વહોરાવે ભાવે ચઢયો રે, વલી ખીર તણો ત્રીજો ભાગ હો, રુડા૦ ॥૧૧॥ પાત્ર દાન ફલ તેહને રે, મ્હોટું હોવણ હાર; અંતરાય હોશે ના કહ્યો રે, તિણે સાધે ન કહ્યો નાકાર હો રુ૦ ॥૧૨॥ પાઠાંતરે- પાત્ર દાન ફલ રુઅડું રે, મત હોજો અંતરાય; ઈણી પરે ના ન કહી જતી રે, પણ લાલચ નહીં કાંય હો રુડા૦ ॥૧૩॥ ભાગ્ય યોગે આવી મલ્યો રે, ઉત્તમ પાત્ર તત્કાલ; દાન દીધું તિણે તિણ પરે રે, પૂઠે થાલ રહ્યો સુવિશાલ હો, રુડા૦ ॥૧૪॥ ચિત્ત વિત્ત પાત્ર મલ્યાં ભલાં રે, વાવ્યું સુક્ષેત્રે બીજ; પુણ્યે કલ્પવૃક્ષ ઉગીયો રે, હવે નીપજશે ફલ બીજ હો, રૂડા૦ ॥૧૫॥ ભાવ ઘણે તે સાધુને રે, બાર લગે પહુચાય; કરી વંદન પાછો વલ્યો રે, વલી બેઠો ઠામે આય હો રૂડાં૦ ॥૧૬॥ જનની ફરી આવી ઘરે રે, થાલી તે ખાલી દેખ; તૃપ્તિકરણ બાલક ભણી રે, વલી ખીર પીરસે અશેષ હો; રૂડાં૦ ॥૧૭॥ માતને વાત ન કો કહી રે, દીધું છાનું દાન; ફલતો તેહી જ ભોગવે રે, જે દેઇ ન કરે ગુમાન હો, રૂડા૦ ॥૧૮॥ દેખી બાલક જિમતો રે; માતા ચિંતે ધરી નેહ; પેટ ખમે ભૂખ એવડી રે, મુજ ધિગ જનમારો એહ હો, રૂ૦ ॥૧૯॥ નજર લાગી માતા તણી રે, હુઇ મૂર્ચ્છિત તતકાલ; કાલ કીયો શુભ ધ્યાનમાં રે, હવે પામ્યો

ભોગ રસાલ હો; ક૦ ॥૨૦॥ દાન છાનું ન રહે કદી રે, મહેકે ફૂલની વાસ; લોકાંની વધાઈ કહે રે, હવે પ્રગટ્યો ચંદ્રપ્રકાશ હો, ક૦ ॥૨૧॥ દાન સુપાત્રે દીયો સુણી રે, માતા પાડોસણ નાર; અનુમોદન કરી તે હર્ષે રે, એ તુજ નારી ચાર હો, ક૦ ॥૨૨॥ ઉત્તમ કુલ તું અવતર્યો રે, ઉત્તમ દાન પ્રભાવ, પુણ્ય કીધું તે પૂરવે રે, તિણે હુઓ કૃતપુણ્ય નામ હો, ક૦ ॥૨૩॥ ત્રણ્ય ભાગ કરી ખીરના રે, દાન દીયું તિણ વેલ; ત્રણ વેળા ઋદ્ધિ તેં લહી રે, પડી અંતરાય તીન વેલ હો, ક૦ ॥૨૪॥ ભલા ભલો પ્રાણી કહ્યો રે, દીજે અહળક દાન; વડબીજ જિમ ફલ વિસ્તારે રે, વલી લહીએ ભોગ પ્રધાન હો, ક૦ ॥૨૫॥ અનંત અનંત ફલ પામીયે રે, ફલે પાત્ર સુવિશેષ; જયતસી ઢાળ અઠાવીશમી રે, ઇણમેં મીન ન મેખ હો, ક૦ ॥૨૬॥

॥ દુહા ॥

વીર ઉપગારી પરમગુરુ, સંશય ભંજણ હાર;
કયવન્નાને આગે કહ્યો, પુરવ ભવ સુવિચાર ॥૧॥
સુણી પુર્વ ભવ આપણો, દાન તણાં ફલ દેખ;
કયવન્નો ઉત્સુક થયો, ધર્મ કરણ સુવિશેષ ॥૨॥

## ઢાળ ૨૯મી

દેશી:- માહરુણી રામ લંકાગઢ લીનો, લક્ષ્મણ બિભીષણ દીનો... એ ... રાગ

વીરતણી વાણી સુણી રે, મીઠી અમિય સમાણી રે; રંગ ભીની સાતે ધાતડી રે, સમજ્યો ચતુર સુજાણ પ્રતિબુઝયો પ્રતિબુઝયો હો કયવન્નો શાહ પ્રતિ જાણીને જિન મારગ શુદ્ધો; કયવન્નો શાહ પ્રતિ બૂઝયો, એ

આંકણી ॥ બે કર જોડી વીનવે રે, એ સંસાર અસાર
રે; તારો પ્રભુજી મુજ ભણી રે, લઈશ સંયમ ભાર રે પ્ર૦
॥૨॥ વીર કહે દેવાણુપ્રિયા રે, મા પ્રતિબંધ કરેહ રે;
જીવિતમાં જા એક ઘડી રે, પાછી નાવે તેહ રે પ્ર૦ ॥૩॥
અશુભ ફલ આશ્રવતણાં રે, નરકતણા દાતાર રે; સંવર
ફલ સંવરતણાં રે, પામીજે ભવપાર રે, પ્ર૦ ॥૪॥ વીર
જીનેસર વાંદીને રે, પોહોતો નિજ ઘરવાસ રે; પુત્ર કલત્ર
મિત્ર મેલીને રે, બોલે ઇમ ઉલ્લાસ રે, પ્ર૦ ॥૫॥
સુણો ધર્મ એ સંગ્રહ્યો રે, જાણ્યો અથિર સંસાર રે;
અધર્મથી દુઃખ ઉપજે રે, ધર્મે હુએ ઉદ્ધાર રે, પ્ર૦ ॥૬॥
રાગ દ્વેષ ફરસ્યાં નહિ રે, કડૂઆં કર્મ વિપાક રે; વિષય સુખ
વિષ સારીખાં રે, વિરૂઆ જેહવા આક રે, પ્ર૦ ॥૭॥ સ્વારથ
કો કેહનો નહિ જગતમાં રે, સ્વારથનું સગપણ એહ રે;
વેલા ન લાગે વિહડતાં રે, તડકે પડ્યો જિમ ત્રેહ રે,
પ્ર૦ ॥૮॥ વીર જિણેસર સહિ રે, હવે હું લેઈશ
દીખ રે; ઇમ કહી બેટો થાપીઓ રે, નિજ પાટે દઈ શીખ
રે પ્ર૦ ॥૯॥ સાતે ક્ષેત્રે વાવીયું રે, સંખરે ચિત્ત શું
બીજ રે; વૂઠો જિમ મેહ ધર્મનો રે, ઘણ ગાજે વીણ
વીજ રે, પ્ર૦ ॥૧૦॥ દીન હીનજન ઉદ્ધર્યા રે, માંડ્યો
દેદેકાર રે; અસન પાન કરી પોષીયા રે, પહિરાવ્યા
પરિવાર રે, પ્ર૦ ॥૧૧॥ કુલિણી સાતે મલી રે, કહે
પીતમને વાત રે, તુમ વિણ ઘર શોભા નહીં રે, જિમ
ચાંદ વિહુણી રાત રે, પ્ર૦ ॥૧૨॥ તુમ તનની અમે
છાંહડી રે, કેહતાં સુત ઘર આથ રે; દીક્ષા લેશું
તુમશું સહી રે, સતી ન તજે પીયુ સાથ રે. પ્ર૦ ॥૧૨॥
દીક્ષા મહોત્સવ માંડીયો રે, આડંબર અતિ જોર રે;
વાજાં વાજે નવનવાં રે, જાણે ગાજે ઘનઘોર રે,

પ્ર૦ ॥૧૪॥ રંગરલી સુવધામણાં રે, ધવલ મંગલ ગીત ગાન રે; ચારિત્ર રમણી પરણવા રે, જાણે ચલ્યો વર જાન રે, પ્ર૦ ॥૧૫॥ સ્નાન કરી પહેર્યાં ભલાં રે આભરણ ને અલંકાર રે; સહસ્ત્ર પુરૂષની વાહિની રે, શીબિકા બેસી શ્રીકાર રે. પ્ર૦ ॥૧૬॥ સાત નારી આપ આઠમો રે, રાજગૃહી નગર મોઝાર રે; દીક્ષા લેવા નીસર્યો રે, સાથે બહુ પરિવાર રે. પ્ર૦ ॥૧૭॥ નર નારી રાજા પ્રજા રે, મુખ બોલે ધન્ય ધન્ય રે; ઇમ આશીષ સુણતો થકો રે, નિર્મલતર તન મન્ન રે, પ્ર૦ ॥૧૮॥ તુરત આવ્યા વહી પાધરા રે, સમવ-સરણ મઝાર રે; પાલખીથી ઉતર્યા રે, નારી ને ભરતાર રે, પ્ર૦ ॥૧૯॥ વીર જિનેશ્વર દરિસણે રે, પાયો હરખ અપાર રે; પંચાભિગમ સાચવી રે, વિનયવંત સુવિ-ચાર રે, પ્ર૦ ॥૨૦॥ સચિત અચિત દ્રવ્ય છોડીયાં રે, એકંત કરી મનસંગ રે, કર જોડી શિર ચાઢિયા રે, કીધો ઉત્તરાસંગ રે, પ્ર૦ ॥૨૧॥ વીર જીનેસર વાંદીયા નારીશું સુવિનીત રે, લોચ કરી પ્રભુ સ્વહથે રે, લીધી દીક્ષા પવિત્ર રે. પ્ર૦ ॥૨૨॥ પૂરી સરસ કહે જયતસી રે, એ એક ઉણી ત્રીશમી ઢાલ રે; કયવન્નો વ્રત આદરે રે, વાંદું ચરણ ત્રિકાલ રે. ॥૨૩॥

॥ દુહો ॥

જિનવર મુનિવર વાંદીને, રાજા પ્રજા બહુ લોક;
સહુ આવ્યા ઘર આપણે, સુખે વસે શુભયોગ. ॥૧॥
કયવન્નો મ્હોટો જતી, પાલે અખરી દીખ,
ગ્રહણા ને આસેવના શીખે હિત ધરી શીખ. ॥૨॥
ચારિત્ર લેઈ ચોપશું, પાલે નિરતિચાર;
પાંચે ઇદ્રિય વશ કરે, ધન્ય તેહનો અવતાર. ॥૩॥

## ઢાળ ૩૦મી

રાગઃ- ધન્યાશ્રી ભોલીડા હંસા રે વિષય ન રાચીયે ..એ...દેશી

ચારિત્ર પાલે હો સૂધું સિંહ જ્યું, ધન્ય કયવન્નો સાધ; થવિરાં પાસે હો સુત્ર ભણે ભલાં, શીખે અરથ અગાધ. ચારિ૦ ॥૧॥ જયણા કરતો ચાલે મારગે ઉભો રહે જોઈ જીવ; જયણાસેંતી હો બેસે પૂજીને, સૂતા જયણા સદીવ. ચા૦ ॥૨॥ જયણાસેંતી હો, મુખ સાચું ચવે, ન વદે મિરષા વાદ; જયણા કરીને હો જિમે સૂજતું, લુખું અને નિઃસ્વાદ ચા૦ ॥૩॥ કરે રખવાલી હો નવે વાડની, સખરી પાલે શીલ; જિમ રખવાલે હો વનવાડી ફલે, માલી પામેં લીલ. ચા૦ ॥૪॥ મમતા નિવારે હો સમતા આદરે, ન કરે સંનિધિ સંચ; તપ જપ કિરિયા હો ખપ આકરી કરે, પાલે મહાવ્રત પંચ ચા૦ ॥૫॥ દૂષણ લાગે હો લાગ્યું જાણીને, મિચ્છામીદુક્કડં દેય; ખામણાં ખામે હો પડિક્કમણું કરે, અતિચાર આલોય. ચા૦ ॥૬॥ મિત્ર શત્રુ સરિખા હો માને સાધુજી, તૃણ મણિ કંચન કાચ; રજ રાજ્ય સરિખાં હો લોભ રતી નહી, નિકલંક કાયને વાચ, ચા૦ ॥૭॥ ભણી ગણી હૂએ તે શ્રુત કેવલી, ચૌદપૂરવ ધાર; તરણ તારણ હો જ્ઞાની ગુરૂ ભલો, નહીં પ્રમાદ લગાર ચા૦ ॥૮॥ સદ્‌ગુરૂ સંશય હો ભાંજે મન તણા, તુરત ઉતારે પાર; બલિહારી જાઉ હો એહવા સાધુની, નામ લીયાં નિસ્તાર ચા૦ ॥૯॥ સંવેગી સોભાગી હો વૈરાગી વડો, ધન્ય ધન્ય એ અણગાર; મહાવીર સ્વામી હો સ્વહસ્તે દીખિયો ગિણતી ચૌદ હજાર. ચા૦ ॥૧૦॥ સાધુ ગુણ

ગાતાં હો હીયડું ઉલ્લસે, ત્રીશામી ઢાલ રસાલ; બે કર જોડી હો જયરંગ ઇમ કહે, કરૂં વંદના ત્રણ કાલ. ચા૦ ॥૧૧॥

॥ દુહો ॥

કયવન્નો સંયમ ગ્રહ્યો, કરતો ઉગ્ર વિહાર;
માસ ખમણ પારણું, નિર્દોષણ આહાર ॥૧॥

## ઢાળ એકત્રીશમી

રાગ ધન્યાશ્રી સુણ બહેની પીયુડો પરદેશી, એ રાગ.

ધન્ય ધન્ય સાધુ નમું કર જોડી, જોગે માયા મમતા છોડીજી; તપ જપ ખપ કરી કાયા શોષી, હોશે સિદ્ધ પદેશીજી, ધન્ય૦ ॥૧॥ મહોટા મુનીવર શ્રી કયવન્નો, ધન્ય ધન્ય સોવન વન્નોજી; ઘણા વરસ લગે સંયમ પાળી, દુષણ સઘલાં ટાલીજી, ધન્ય૦ ॥૨॥ અતિચાર આલોઇ નિંદી, વીર જિનેસર વંદીજી; અલ્પ આઉખું જાણી જાણી, લિયું અનશન ભાવ આણીજી, ધન્ય૦ ॥૩॥ ચોરાશી લખ જીવ ખમાવી, ચિહું શરણે ચિત્ત લાવીજી; સુરપતિ સાહામા જોડ્યાં હાથો, કુણ લીયે નરકશું બાથોજી, ધન્ય૦ ॥૪॥ પંડિત મરણે કાલજ કીધો, ચાલ્યો પરમહંસ સીધોજી; ભાંગ્યા બહુ ભવભવનાં ફેરા, લીધાં સર્વારથે ડેરાજી, ધન્ય૦ ॥૫॥ તેત્રીશ સાગર આયુ ભોગવશે, સર્વારથથી ચવશેજી; મહાવિદેહે નરભવ લેશે, આઠ કરમ તિહાં દહશેજી, ધન્ય૦ ॥૬॥ કેવલ પામી પાર ઉતરશે, અવિચલ શિવસુખ વરશેજી; ધન્ય કયવન્નો કરી એ કરણી, સુણતાં હુવે પુણ્ય ભરણીજી, ધન્ય૦ ॥૭॥ જોગી ભોગી હુઆ નર જાજા, પણ એ સહુ શિરરાજાજી; ઉત્તમ સાધુ તણા ગુણ ગાયા, અનંત લાભ

સુખ પાયાજી. ધન્ય૦ ॥૮॥ દાનતણાં ફળ પ્રત્યક્ષ દેખી, દ્યો દાન સુવિશેષજી; ઉપરે સુધી ભાવના ભાવો, જ્યું મનવંછિત પાવોજી ધન્ય૦ ॥૯॥ કવિયણ વચન રચના કીધી, સરસ ચોપાઈ એ સીધીજી; મિચ્છામીદુક્કડં અધિકે ઓછે, મેં દીધો શુભ શોચેંજી. ધન્ય૦ ॥૧૦॥ સંવત સત્તરશેં એકવીશે, બીકાનેર સુજગીશેજી; આદીશ્વર મૂલનાયક સોહે, નર નારી મન મોહેજી. ધન્ય૦ ॥૧૧॥ એ સંબંધ રચ્યો હિત કાજે, શ્રીજીનચંદ સૂરિરાજેજી; ભણતા ગુણતાં બહુ સુખદાયી, સુણજો ચિત્ત લગાઈજી. ॥૧૨॥ શ્રી જિનભદ્રસૂરિ સુખદાઇ, સુરતરૂ સાખ સવાઈજી; વાચક શ્રી નયરંગ વિખ્યાતા, વડવડા જસ અવદાતાજી. ધન્ય૦ ॥૧૩॥ વિમલ વિનય તસુ શિષ્ય બિરાજે વાચક અધિક દિવાજેજી; વાચક શ્રીધરમ મંદિર વૈરાગી, તાસ શિષ્ય વડભાગીજી. ધન્ય૦ ॥૧૪॥ મહોપાધ્યાય પદવી સોહે, સંઘ તણાં મન મોહેજી; સુગુરૂ પુણ્યકલશ શુભનામેં, જાણીતા ઠામ ઠામેજી. ધ૦ ॥૧૫॥. તાસ શિષ્ય જયતસી ઇમ બોલે, નહીં કોઇ દાનને તોલેજી; દાન તણાં ફલ દિસે ચાવાં, દિન દિન અધિકે દીવાજાંજી. ધન્ય૦ ॥૧૬॥ સરસ ઢાલ ન કાંઇ પડતી, ત્રીશ ઉપર એક ચડતીજી; પૂરણ સુણતાં હિયડું વિકસે, ધર્મ કરણ મન ઉલ્લસેજી. ધન્ય૦ ॥૧૭॥

ઇતિ કવિ જયરંગકૃત દાનવિષયે

**....શ્રી કયવન્ના શાહનો રાસ સંપૂર્ણ....**

દાન ધર્મોપરિ

# શ્રી ધન્ના-શાલિભદ્રનો રાસ.

॥ દુહા ॥

શાસન નાયક સમરીએ, વર્ધમાન જિનચંદ;
અલિયવિઘન દૂર હરે, આપે પ માનંદ. ॥૧॥
સહુ કો જિનવર સારિખાં, પણ તીરથધણી વિશેષ;
પરણીજે તે ગાઈએ, લોકનીતિ સંપેખ. ॥૨॥
દાનશીયલ તપ ભાવના, શિવપુર મારગ ચ્યાર;
સરિખાં છે તો પણ ઇહાં, દાન તણો અધિકાર. ॥૩॥
શાલિભદ્ર સુખ સંપદા, પામઈ દાન પસાય;
તાસ ચરિત્ત વખાણતાં, પાતક દૂર પલાય. ॥૪॥
તાસ પ્રસંગે જે થઈ, ધન્નાની પણ વાત;
સાવધાન થઇ સાંભળો, મત કો કરો વ્યાઘાત. ॥૫॥

## ॥ ઢાળ પહેલી (ચોપાઇની) ॥

મગધદેશ શ્રેણિકભૂપાલ, પોતે ન્યાય કરે ચોસાલ; ભાવભેદ સુધાં સરદહે, (સદ્દહે), જિનવર આણ અખંડિત વહે ॥૧॥ નિતનવલા કરતી ખેલના, માનીતી રાણી ચેલ્લણા; કોઇ ન લોપે જેહની કાર, મંત્રીશ્વર છે અભયકુમાર ॥૨॥ બારે પાડે નગરી વસે, રાજગૃહી અલકાને હસે; સુખીયાં લોક વસે સહુ કોય, તો પણ પગ માંડે છે જોય ॥૩॥ પર ધન લેવા જે પાંગલાં, પર ઉપકારે જે આગલાં; કર ઉપર કરિ કરવાહઠી, ન્યાયે લચ્છી કરે એકઠી ॥૪॥ રસના ગુણ લેવા ચલવળે, અવગુણ લેવા મૂળ ન વળે; પરગુણદેખણ નયણ હજાર,

સંયમ દૂષણ દેખણ વાર. ॥૫॥ સાલાની જો દે કોઈ ગાલ, તો હરખિત હોઈ અરથ નીહાલ; વઢતો કહે અકરમી કોઈ, [1]કઈયઈ વીર હોસે દિન સોઈ ? ॥૬॥ માતા ખોજ ગયો જો કહે, તો આસીષ સરિખો સદ્દહેં; રમતાં પણ જે પાસા સાર, [2]અલવિન [3]આખે સારિ માર ॥૭॥ સુધો વિણુજ તિસીપરે કરે, પરદેસી ધન ધન ઉચ્ચરે; સકજે સુતપિતા ઓસરે, હિવે કુણ સીસેં ગોડા ભરે ॥૮॥ પરવદિવસ પૌષધ અણુસરે, અવસરે બાર વ્રત પણ ધરે; પરભવહુંતી જે થરહરે, ઉત્તમ લોક વસે ઇણે પુરે ॥૯॥ ધન્ના નામેં નારી અનાથ, સંગમ બેટો લેઈ સાથ; ઘરની આથિ અગાઉ ચલી, સાલિગ્રામથી તે [4]ઓચલી. ॥૧૦॥ રાજગૃહી આવીને રહે, પર ઘર કર્મ કરી નિર્વહે; સુખ–દુઃખ વાત ન પૂછે કોઈ, [5]આથ પખેં નવિ આદર હોઇ ॥૧૧॥ સંગમ બાહિરિ સારઉ દીસ, વાછરૂયાં ચારઈ દશ વીસ; [6]ચાશહી આવે ઘરદીઠ, પેટ ભરાઇ થાએ [7]નીઠ ॥૧૨॥ સંગમ કિણહી પરવવિશેષ, ખીર જમંતા બાલક દેખ; પાયસ ભોજન [8]મનછા થઇ, માગઇ માતા પાસે જઈ ॥૧૩॥ ઘરની [9]પરઠ ન છોરૂં લહે, દુઃખભરી સજલ નયણે ઈમ કહે; પુત્ત ! ન પહોંચઇ કુકસ ભાત, તો શી ખીર ખાંડની વાત ? ॥૧૪॥ ચ્યાર ચતુર પાડોસણિ નાર, આવીને પૂછે તેણીવાર; શ્યું દીસે આમણદૂમણી ? માંડી વાત કહી સુત તણી. ॥૧૫॥ એકણિ દૂધ [10]અમામો દીયો, ઘૃતનો બીડો બીજીએ લીયો; ત્રીજી આપે બૂરા ખાંડ, ચોથી આપે શાલિ અખંડ ॥૧૬॥

૧ કયારે ૨ પ્રમાદમાં ૩ ભાખે બોલે ૪ [illegible] ૫ આથવગર

॥ દુહા ॥

હવે નીપજતાં ખીરને, વાર નલાગી કાંય;
કારણ સકલ મિલ્યાં પછી, કારજ સીદ્ધજ થાય ॥૧॥
બોલાવી બાલક ભણી, બેસારી સસનેહ;
માતા અતિ હરખિત થઈ, ખીર પીરસે તેહ ॥૨॥
અતિ ઉન્હીં જાણી કરી, ઠારે દેઇ ફુંક;
થયો એક અચરિજ તિસે, સૂણજયો આલસ મૂક ॥ ॥

## ॥ ઢાળ બીજી ॥

રાગ. આશાઉરી. મેઘમુનિ કાંઈમ ડોલઇ...એ રાગ.

[1]જામિણી કારજ ઉપન્યેજી, જાઇ જીસે ઘરમાંહિ; સાધુ એક આવ્યા તિસેંજી, આણ્યો કરમે સાહિ.... સાધુજી ભલેં પધાર્યાં રે આજ, મુજ સારો વાંછિત કાજ.... સાધુજી. ॥૧॥ માસખમણને પારણેજી, જંગમ સુરતરૂ જેહ; શિવમારગ અવગાહતોજી, ખીણદેહ ગુણ-ગેહ.... સા૦ ॥૨॥ બાલક મન હરખિત થયોજી, દીઠો મુનિવર તેહ; રોમ રોમ તન ઉલ્લસેંજી, જાગ્યો ધરમ સનેહ....સા૦ ॥૩॥ ઘર આંગણ સુરતરૂ ફલ્યો જી, આજ ભલેં સુવિહાણ; આજ ભલી જાગી દશાજી, પ્રગટયો આજ નિધાન....સા૦ ॥૪॥ જે સામગ્રી દોહિ-લીજી, તે મેં લાધી રે આજ; જો હું હવે સફલ કરૂંજી, તો પામું શિવરાજ....સા૦ ॥૫॥ જે ભવ ભમતાં દોહિલીજી, ચિત્ત વિત્ત ને પાત્ર; કુણ તીનેં લહે સામટાંજી, ઢીલે કરેં ખણમાત્ર....સા૦ ॥૬॥ કીધી કાં ન વિચારણાજી, ભાવ ભગતિ ભરપૂર; પાયસથાલ ઉપાડીનેજી, આવ્યો સાધુ હજુર....સા૦ ॥૭॥ માંડે [2]પડિગ્રહ જાણીનેજી, નિરદૂષણ આહાર; પડિલાભે

૧ માતા ૨ પતદ્ગ્રહ=પાતરૂં.

ભાવે ચડયોજી, ખીર અખંડિત ધાર....સા૦ ॥૮॥
પાત્રદાન ફલ એ લહેંજી, અંતરાય મત હોય; નાકારો
ન કહ્યો તિણેજી, લાલચ ન્હોતી કોય....સા૦ ॥૯॥
પુણ્યયોગે આવી મિલ્યોજી, ઉત્તમ પાત્ર વિશેષ; દીધું
દાન તિસીપરેજી, થાલ રહ્યો અવશેષ....સા૦ ॥૧૦॥
સાત આઠ પગ સાધુનેજી, પહોંચાવી શિર નામ; કરી
પ્રણામ પાછો વલ્યોજી, બેઠો ઠાંમોઠામ....સા૦ ॥૧૧॥
બોધિસુલભ જનમાંતરેજી, લહિસ્યે ભોગપ્રધાન; એમ
સુપાત્ર આવી મિલ્યાંજી, દીજે અઢલક દાન....સા૦
॥૧૨॥ માતા પિણ આવી તિસઈજી, ખાલી દીઠઉ
થાલ; ખીર પીરસે થાકતીજી, ત્રીપતો થયો બાલ....
સા૦ ॥૧૩॥

॥ દુહા ॥

સંગમે વાત ન કો કહી, પાછલ વીની જેહ;
દેઈ દાન પ્રકાશસે, ફલ નીગમસે તેહ. ॥૧॥

દેઈ દાન [1]પમાવસી, વરે ન [2]પડિસ્રઈ તાહ;
ફલ તો તેહિ જ લઇ રહ્યા, જીભ ન [3]વૂલી જાંહ. ॥૨॥

વત્સને દેખી જિમતો, [4]જામિણી કરે વિચાર;
એતલી ભૂખ ખમે સદા, ધિક્ મહારો અવતાર. ॥૩॥
નિશિભર થઈ વિશૂચિકા, કાલમાસે કરી કાલ;
સાધુધ્યાન ધરતો થકો, પાંમે ભોગ રસાલ. ॥૪॥

## ॥ ઢાળ ત્રીજી ॥ (ગોડી મલ્હાર રાગ)

[5]લાખગાને રે લખેસરી, સહુ અછે જેહને હેઠ રે;
[6]લાછિનો જેઅ છે ધણી, તિહાં ગોભદ્રશેઠ રે ॥૧॥
ઉલ્લટ ધરી દીજીએ, ફલે તો સુવિશેષ રે; સંગમ ભવ-

* ૧ [illegible] ૨ નિષેધ કરે નહિ ૩ જ્યાં ત્યાં જીભ ન વાપરે ૪ માતા
૫ ગામે પાઠાંતરે ૬ લાખનો પાઠાંતરે

તણેં આંતરે, લાહ્યો ભોગ સંપેખ રે....દાન૦ ॥૨॥ નારી ભદ્રા ઉદરકંદરા, મૃગરાજ અણુહાર રે; કાલ કરી બાલ તે અવતર્યો, ફલ્યો દાન સહકાર રે....દાન૦ ॥૩॥ રયણી સુપનાંતર શાલિનો, દીઠો ક્ષેત્ર નિષ્પન્ન રે; ફલ કહે શેઠ હરખિત છતો, હુંસ્યે પુત્ર રતન્ન રે....દાન૦ ॥૪॥ ગર્ભની કરે પ્રતિપાલના, લેઈ ગ્રંથની સાખ રે; [1]ધેનડનો મુખ જોઇવા, ધરે મનિ અભિલાષ રે....દાન૦ ॥૫ જીવદયા પ્રતિપાલના, કીજે પર ઉપગાર રે; સ્વામી સુગુરુ સંતોષીયાં, દીજે દાન અપાર રે....દાન૦ ॥૬॥ એમ મનરાજ મોજાં દીએ, તે તો ગર્ભ પ્રભાવે રે; તિલતણો તેલ જે મહમહે, તે તો કુસુમ સ્વભાવે રે.... દાન૦ ॥૭॥ શેઠ ગોભદ્ર ભદ્રાતણો, વિલખો મુખ દેખી રે; જે મનિં દોહલા ઉપજે, પૂરેં તે સુવિશેષ રે....દાન૦ ॥૮॥ એક દિન આવી દાસી કહે, ફલ્યાં વંછિત કાજ રે; દીજેં શેઠ! વધામણી, જાયો પુત્ર શિરતાજ રે.... દાન૦ ॥૯॥ દૂર કીધું દાસીપણું, જલશું શિર ધોઇ રે; અંગનાં આભરણ આપીને, રાખી ચઉગુણી સોઇ રે....દાન૦ ॥૧૦॥ ઘરિ ઘરિ રંગવધામણાં, થયો થયો જય જયકાર રે; શાલિભદ્ર નામ દીધું ઇશ્યું, કરી સુપન વિચાર રે....દાન૦ ॥૧૧॥ માત ભદ્રા હુલરાવતી, દીયે એમ આશીસ રે; ચિરંજીવ તું નાન્હડા, કોડાકોડિ વરિસ રે....દાન૦ ॥૧૨॥ यतः- "તુજ ઇડા પીડા પડો, ખારે સમુદ્રે જાય, તુજ્ઝ હુંતી અલગી રહો, પુત્ત! અલાય બલાય ॥૧॥" હું તુજ ઉપર વારણી, કીધી વાર હજાર રે; સાહિબ જીમ દખાડજ્યો, એહની પુરી વાત રે....દાન૦ ॥૧૩॥ તું વડ જિમ શાખેં કરી,

૧ પુત્રનો

વ્હાલાં વિસ્તરી જેહ રે; પુત્ર! સકલ પરિવારને, દીધે નિર્વહી જેહરે.... દાન૦ ॥૧૪॥

॥ દુહા ॥

હિવે સુકુલિણી સાંમટી, નારી બત્રીશ તિવાર;
પરણાવી એકણુદિને, ભોગ સમર્થ વિચાર. ॥૧॥
હવે હું સંજમ આદરૂં, ભવ જલનિધિ [1]બોહિત્થ;
સકજિજં સુત જે ઘરે રહે, તાસ જનમ અકયત્થ. ॥૨॥
વીરપાસે વ્રત સંગ્રહી, ઉદ્યત કરે વિહાર;
વ્રત લીધો તેહનો ખરો, જે પાળે નિરતિચાર ॥૩॥
કરી અણસણ આરાધના, ત્રિવિધ ખમાવે પાપ;
વૈમાનિક સુરસુખ લહે, શાલિભદ્રનો બાપ. ॥૪॥

## ॥ ઢાલ ચોથી ॥

જી હો મિથિલાનગરીનો ધણી.... એ દેશી. રાગ-મલ્હાર.

જી હો જાણ્યો અવધિ પ્રયુંજીને, જી હો પૂરવ ભવ વિરતંત; જીહો સુત સનેહ પરવશ થયો, જી હો શેઠ જીવ એકંત.... ચતુરનર! પોષો પાત્ર વિશેષ, ॥૧॥ ચતુરનર! પોષો પાત્ર વિશેષ, જી હો સુરસાંનિધે ફુલડાં, જી હો શિવસુખફુલ સંપેષ.... ચતુર૦ ॥૨॥ જી હો નિશદિન સુર પાસે રહે, જી હો પૂરઈ મનની આસ; જીહો કરી કપૂરેં કોગલાં, જી હો વિલસે લીલા વિલાસ.... ચતુર૦ ॥૩॥ જી હો પરિયાગત પહેલી હુંતી, જી હો આથિ અનેક પ્રકાર; જી હો સુરસાંનિધ્યે તેહને થયો, જી હો લાખ ગુણે વિસ્તાર.... ચતુર૦ ॥૪॥ જી હો સ્નાન કરી ઉઠી જિસે, જીહો નાહ રમણી બત્રીશ; જી હો ગયણથકી પેટી તિસેં, જીહો હાજર હુવેં તેત્રીસ.... ચતુર૦ ॥૫॥ જી હો નવ નવ ભૂષણ નીકળે.

[1] વહાણ

જી હો ભામિનીને પરિભોગ; જી હો રતનજડિત શિરશેહરો, જી હો શાલિકુમરને જોગ.... ચતુર૦ ાા૬ાા જી હો જે કો ન લહે ખરચતાં, જી હો ધનની કોડાકોડિ; જી હો તે માણેક ઉપરિ જડયાં, જી હો ઝલકે હોડાહોડિ.... ચતુર૦ ાા૭ાા જી હો પહેરે જે પહિલે દિને, જી હો જે આભરણ અમૂલ; જી હો બીજે દિને તે ઉતરે, જી હો જિમ નિરમાયેલ ફુલ.... ચતુર૦ ાા૮ાા જી હો લઇ કુવામાં નાંખીએ, જી હો તે આભરણ અશેષ; જી હો વળતી ખબર ન કો લીયે, જી હો એ એ પુણ્યવિશેષ.... ચતુર૦ ાા૯ાા જી હો ન હોઈ ન હોસ્યે ને જે ન છે, જી હો ચક્રવર્ત્તી આવાસ; જી હો તે નિરમાયેલ સાલિને, જી હો હોવે સોવનરાશિ.... ચતુર૦ ાા૧૦ાા જીહો અઉહાલે ખાલે વહે, જી હો કસ્તુરી ઘનસાર; જી હો આઠ પહોર લગિં સામટાં, જી હો નાટકના દોંકાર.... ચતુર૦ ાા૧૧ાા જી હો શાલિકુંવર સુખ ભોગવે, જી હો દોગંદુકસુર જેમ; જી હો [1]ભાંમણીસું ભીનો રહે, જી હો દિન દિન વધતે પ્રેમ.... ચતુર૦ ાા૧૨ાા

ાા દુહા ાા

તાપ શીત વેદે નહિ, અતિસુંદર સુકુમાલ;
અગન ઝાલમાં ક્ષેપતાં, મલ છંડે તતકાલ ાા૧ાા
જે પહિરસ્યે સો જાણુસ્યે, અવર ન જાણે ભેદ;
પરદેશી ઉભા કહે, રયણ કંબલ કો લેઢ ાા૨ાા
છેયલ પુરુષ લેવા ભણી. ફરે વિચી દલાલ;
પણિ સાટું બાજે નહિ, કહે [2]અમામો માલ ાા૩ાા
રાજગ્રહી નગરી ભમ્યા, ઉંચ નીચ આવાસ;
કંબલ કોઈ ન સંગ્રહે, તે સહુ થયા નિરાસ ાા૪ાા

૧ ભામિની-નારી, ૨ ઉંચો

## ઢાળ પાંચમી

રાગ– આશાઉરી. સિંધુ સંધિની જાતિ.

જગદાનંદન જિનવર મન ધ્યાઇએ એહ વડાઈ.... એ દેશી.

ઇણ પુરિ કંબલ કોઇ ન લેસા, ફિર ચાલ્યા પાછા પરદેશી; શાલિભદ્રને પાસે તે આવે, દાસીમુખે ભદ્રા તેડાવે ॥૧॥ વ્યાપારી દીસો છો વીરા, તો [1]કિણ કારણ થયા અધીરા ?; પરદેશી આવે વ્યાપારે, લાભ પખેં અગુન્નેચ્યા સારિં ॥૨॥ વસ્તુ અમારી લેવા વારૂ, મિલ્યો મહાજન વારૂ ચારૂ; મૂલ સુણીને મુંહ મચકોડે, વલતો સારો કોઇ ન જોડે ॥૩॥ ફીરો પાછા વીરા ! મત જાઓ, મોલ કહીને વસ્તુ દીખાવો; સવા લાખ ધન ખોળે ઘાલેં, તેહને એક કંબલ હમ આલેં ॥૪॥ વહુઅર એક નજરે મેં દીઠી, સીદિસિ-ષારી સીદિસિમીઠી (?); કંબલ સોલે કિમ પહિરાવું, તિણે અરધો અરધ કરાવું ॥૫॥ જિમ જાણો તિમ એહ વધેરી, ખંડ કરો બત્રીશ વિચારી; પહેલાં અમને મોલ દેવરાવો, પાછતિ મન માને સો કરાવો ॥૬॥ તેડી કહે સાંભલ ભંડારી !, એ પરદેશી છે વ્યાપારી; વીસ લાખ સોનૈયા લેખે, કનક રજત આપો સુવિશેષે ॥૭॥ કથન અપરતો મૂલ મ આણો, નાંણો ગાંઠે બાંધ્યો જાણો; મુઝ સાથે મૂકો એકણિનેં, તેહને દામ સમર્પું ગણીને ॥૮॥ કોઠારી કોઠાર ખુલાવે, ગણવા ત્રીજો જણ બોલાવે; જાતો કુણ જોવેં રૂપૈયા, પગશું ઠેલીજે સોનૈયા ॥૯॥ હીરા ઉપર પગ દેઇ હાલે,

---

१ [illegible] कारण तुम्हे थया रे अधीरा ? पाठांतरे.

માણિક કુંણ મંજૂષે ઘાલે?; પાર ન કો દીસે પરવાલે, કાચતણી પેરેં પાચ નીહાલે ॥૧૦॥ લાખે ગમે અછે લસણીયાં, મોતી મૂલ ન જાયે ગણીયાં; એણીપરે ઋદ્ધિ દેખી થંભાણો, પાછો ફરિ લે ન શકે નાણો ॥૧૧॥ અંબર દૂઝે ભૂત કમાવે, આકાશેં હન્ન વહે સભાવે, તિણ ઘરે પણ એ ઋદ્ધિ ન દિસે, શ્યું સુપનું દેખું છું દીસે ॥૧૨॥

॥ દુહા ॥

માલહ માલ વસિં કરી, ડેરે આવ્યાં જામ;
વ્યાપારી તેડાવીને, શ્રેણિક ભાસે આમ ॥૧॥
રાણી હઠ મૂકે નહિ, મેં પૂરેવી હામ;
કંબલ ઘો એક મૂલથી, જિમ તિમ દેશું દામ. ॥૨॥
[1]રોક દેવરાવ્યા દોકડા, કીધી ન કાંઇ ઉધાર;
સોલહ કંબલ સામટા, તિણે લીધા મહારાજ ॥૩॥
તિણ સોનયા સામટાં, વીસ લાખ ગણી દીધ;
કુણ ધનવંત ઈસ્યો અછે, જીણે તે કંબલ લીધ? ॥૪॥
શાલિભદ્ર ભોગી ભ્રમર, નવિ જાણે ગૃહકાજ;
લેવો દેવો માતસું, તેણે લીધી મહારાજ ॥૫॥

## ॥ ઢાળ છઠી ॥

રાગ–પરજીયો. પુરવભવં તુમે સાંભલો....એ દેશી

શ્રેણિકમન અચરિજ થયો, હું વડભાગી રાજા રે; મારી છત્રછાયા વસે, સહુ કો મેં તાજા રે....શ્રેણિક. ॥૧॥ રાજ હુકમે મંગાવતાં, મન ભદ્રા દુઃખ પાવે રે; રોકે દામે રાજથી, કંબલ એક મંગાવે રે.... શ્રેણિક. ॥૨॥ અંતરજામી ઉપરેં જો (જાઉં) તન

[1] રૈ.ક્ડાં

ધન વારી જે રે, તો કંબલનું શ્યું અછે, પણ મુજ વાત સુણીજે રે....શ્રેણિક૦ ॥૩॥ નારી કુંજર [1]જાંઘસુ, પહેર્યાં સાથલ [2]ઘાસે રે, તે તો [3]મારૂં ધાબલા, પહેરે કેમ તમાસે રે....શ્રેણિક૦ ॥૪॥ દેવવસ્ત્ર પહેરે [4]બહુ, નજર ન આવે તેઈ રે; મઇ દે મૂકયા મોદિસા પાસે મૂકયાં લેઈ રે....શ્રેણિક. ॥૫॥ સ્નાન કરી ઉઠી જિસ્યે, તે નાંખ્યા પગ લૂઇ રે; આપણપે જોઇ જુઓ, નિર્માલ્યની કૂઈ રે....શ્રેણિક૦ ॥૬॥ નિર-માલ્ય કિમ લીજીઈ, કુવામાંથી કાઢિ રે; અવર હુકમ ફરમાવશે, તે લેશું માથે ચઢાઇ રે....શ્રેણિક૦ ॥૭॥ સેવક જે મૂકયો હતો, તે ફરી પાછો આવે રે; રાજા ને રાણી ભલી, સઘલી [5]પરઠ સુણાવે રે.... શ્રેણિક૦ ॥૮॥ રાજા ને રાણી મલી, પૂરવ સુકૃત લીસે રે; ઈણ ઋદ્ધિ ઉણ ઋદ્ધિ આંતરો, સર સાયર જિમ દીસે રે....શ્રેણિક૦ ॥૯॥ જે કો પહેરી શકે નહિ, તે પગ લુંછી નાંખી જે રે; પરતક્ષ એ પટંતરો, ગરથ ગરવ કેમ કીજે રે....શ્રેણિક૦ ॥૧૦॥ રાજા અભયકુમારને, મૂકે ભદ્રા પાસે રે; કરી પ્રણામ આવી તિહાં, વિનયવંત એમ ભાષે રે....શ્રેણિક૦ ॥૧૧॥ ભોગ પુરંદર શાલિને, એકરસો નૃપ તેડે રે; દરસણ દેખણ અલજો થયો, મૂંકો (મોકલો) મારી કેડે રે....શ્રેણિક૦ ॥૧૨॥

॥ દુહા ॥

**ભદ્રા અભયકુમારસું, આવે શ્રેણિક પાસ;**
**વસ્તુ અમૂલક ભેટ દઇ, ઉભી કરે અરદાસ ॥૧॥**

---

૧ ‘ગેરસુ’ પાઠાંતરે. ૨ ઘસાય ૩ માંરવાડી ૪ બહુ પાઠાંતરે ૫ વાત

રવિશશિકિરણુ ન દેહધર, લાગ્યા ધરણુ ન પાય;
દરસણુ કો પાવે નહિ, લખ આવે લખ જાય ॥૨॥
કિણુદિશિ ઉગે આથમે, જાણે ન રાતિ ન દીહ;
જો તિલ કુડ ઈહાં હુવે, તે હું કાઢું લીહ ॥૩॥
કિમ તેડાવે નાનડો, લાછિલ્લીલ ભરતાર;
રાજભવન લગિ આવતાં, થાસે કોસ હજાર ॥૪॥
રાજ પધારે આંગણે, મત કો જાણો પાડ;
જો છોરૂં કરી લેખવો, તો પૂરો મુજ લાડ ॥૫॥

## ॥ ઢાળ સાતમી ॥

રાગ- સીંધુડો ચીત્રોડી રાજા રે....એ દેશી.

મુઝ લાજ વધારો રે, તો રાજ પધારો રે, મત વાત વિચારો, ડાબી જીમણી રે; આસંગા પાખે રે, સહુ કોની સાખે રે, ઇમ કોઈ ન ભાખીઇ, રાખી [1]કડિધણી રે ॥૧॥ મગધાધીશ વિમાસે રે, મંત્રીશ્વર ભાસે રે, તુઝ આસે આવાસે રે, તું ચલી આગલે રે; સાહિબ મતવાલા રે, હુવે તોરંઢાલા રે, પરધાન વડાલા વાલે તિમ વલે રે ॥૨॥ હુંતા જે [2]નેડિ રે, તે સાથિં તેડી રે, બીજાને કહે કેડિ વેગા આપડો રે; દીયે છે ઓલંભા રે, પાણીવલથંભા રે, સહુકોને અચંભા રે, દેખણનો વડો રે ॥૩॥ માની મછરાલા રે, વારૂ વિગતાલા રે, ઠકરાલા છોગાલા સવિ આવી વહ્યારે; બાગે તનુ લાગે રે, કેસરીઇ પાગે રે, વલી લીધી વાગે આવી ઉભા રહ્યા રે ॥૪॥ વધ્રિ ચાલ્યો વધાઉ રે, ઓલગાણ ઉસાઉ રે, દ્યે ખબરિ અગાઉ, આવ્યો અમ ધણી રે, પોષી પકવાનેં રે,

૧ चढि પાઠાંતરે ૨ પાસે

દીજે અનુમાને રે, કોઇ ગિણિ ન ગણી તાસું વધામણી રે ॥૫॥ રાજા ઘરિ આયો રે, મન થયો સવાયો રે, ભરી થાલ વધાયો મોતી માણિકે રે; સોવન ઓવારીજે રે, પાટંબર દીજે રે, તિમ આઘા તેડીજે સાથે હુતા જિકે રે ॥૬॥ પહેલી ભૂમિ જોઇ રે, હરખ્યાં સહુ કોઈ રે, નરભવન ન હોઈ, સ્યું [1]સુહણો અછે રે, બીજી ભૂમિ આવે રે, અચરિજ સહુ પાવે રે, મનિ ભાવે રે, સુરલોક થયો ઇણિ પછે રે ॥૭॥ ધન માલ અલેખે રે, બેહું પાસે પેખે રે, સુરભવન-વિશેષે હું સ્યું અવતર્યો રે?, કિણહી ભોલાયો રે, મેં ભેદ ન પાયો રે, અલકાપુરી આયો રે ઇમ સંસય ધર્યો રે ॥૮॥ હું શ્રેણિક નામે રે, આવ્યો કિણ ઠામે રે, ઈમ અચરિજ પાવે, સમજ ન કાં પડે રે; શિર ધૂણી શોચે રે, મનશું આલોચે રે, પગ ભરે સંકોચે વળતો લડથડે રે ॥૯॥

॥ દુહા ॥

ભદ્રા આવીને કહે, શું જોવો છો એહ?;
દાસી દાસ ઈહી રહે, ઉપરે જોવો ગેહ. ॥૧॥

ત્રીજી ભૂમિ ચઢ્યાં જિસેં, નયણ ન શકે જોડ;
ઘર આંગણ તિમ ઝગઝગે, જાણે ઉગ્યાં સૂરજ કોડ ॥૨॥

ચઢતાં ચોથી ભૂમિકા, થંભાણાં સાવ તેહ;
માનવગતિ દીસે નહીં, છે દેવી ગતિ એહ ॥૩॥

સિંહાસન આસન ઠવી, ભદ્રા ભાખે એમ;
તેડી લાવું ન્હાનડો, રાજા કરો વિશ્રામ. ॥૪॥

---

૧ સ્વપ્ન

## ॥ ઢાલ આઠમી ॥

રાગ–ધન્યાશ્રી જવાસો પાવસ ગલે'....એ દેશી

વેગે પધારો મહેલથી, વાર મ લાવો આજ; ઘરઆંગણે આવ્યા અછે', શ્રી શ્રેણિક મહારાજ.... વેગે૦ ॥૧॥ રમણી બત્રીશે પરિહરો, સેજ તજો એણીવાર; શ્રેણિક ઘરેં આયો અછે', કરવો કવણ વિચાર?....વેગે૦ ॥૨॥ પહેલાં કદિય ન પૂછતાં, શ્યું પૂછો એણીવાર?; જિમ જાણો તિમ બોલવી, લઇ નાંખો ભંડાર....વેગે૦ ॥૩॥ નાંખણ જોગો રે એ નહિ, ત્રિભુવન માંહિ અમૂલ; તો હવે જિમ તિમ સંગ્રહો, મુહ માગ્યાં દીઓ મૂલ....વેગે૦ ॥૪॥ કિરીઆણો શ્રેણિક નહિ, બોલો બોલ વિચાર; દેશ મગધતણો ધણી, ઈંદ્રિતણે અનુહાર....વેગે૦ ॥૫॥ જેહની છત્રછાયા વસ્યાં, જાસ અખંડિત આણ; તે ઘર આવ્યો આપણે, જીવિત જનમ પ્રમાણ....વેગે૦ ॥૬॥ પ્રેમમગન રમણીરસેં, રમવો નવનવ રંગ; સેજથકી તેણે ઉઠતો, આલસ આણે અંગ....વેગે૦ ॥૭॥ "આપણ સરખિાં જેહને, લખમીધર લખ કોડ; આગલ ઉભા રહે ઓલગિ, રાતદિવસ કર જોડ.... વેગે૦ ॥૮॥ એ મંદિર એ માલિયાં, એ સુખ સેજ વિલાસ; ત્યાં લગિ આપણા વશ અછે, જ્યાં લગિ સુનજર તાસ....વેગે૦ ॥૯॥ જો આપણી ઉપરિ તેહની કહીઇં કુનજર હોય; તો ક્ષણમાંહે આથનો, નાથ હુવે કુજ કોય(?)....વેગે૦ ॥૧૦॥ તુરત કરે અધરાજિયા, તુરત લગાવે લીક; હીયડો [illegible] ન લખી શકે, પાણીમાં હે જીમ ધીક(?)....વેગે૦ [illegible] ાસ [illegible]ાંરી કીં[illegible]એ,

પણ કેહવો આસંગ; દુબ્બલકન્ના રાજવી, તે કિમ હુએ એકરંગ(?)....વેગે૦ ॥૧૨॥ હાસ વિનોદ વિલાસ જે, સંપજશ્યે સો વાર; પણ રીઝવતાં રજવી, ખરો કઠિન વ્યવહાર"....વેગે૦ ॥૧૩॥

॥ દુહા ॥

પહેલાં કદીય ન સાંભળ્યો, સુપનામાંહિ જેહ;
વયણ વિષમવિષ સારીખો,. માત સુણાવ્યો તેહ ॥૧॥
કલિ કચરંતી નિગમી, મેં મ્હારી જમવાર;
આજ લગેં જાણ્યો નહિ, સેવકનો વ્યવહાર. ॥૨॥
પરમપુરૂષ વિણુ અવરની, સીસ ન ધરૂં આણ;
કે હરિ કદે ન સાંસહે, તુરીયાં જેમ પલાંણ ॥૩॥
જે પરવશ બંધન પડ્યાં, તે સુખ માને કેમ?;
ગહનો ગાડો લીલનો, લાડો ચિંતઈ એમ ॥૪॥

## ॥ ઢાળ નવમી ॥

રાગ– ધન્યાશ્રી. આપ સવારથ જગ સહુ....એ દેશી

પૂરવેં સુકૃત ન મેં કીયો, પાલી ન જિનવર આંણ; તિણ આણ અવર નરિંદની, પાલવી હો મુઝનેં સુપ્રમાણ ॥૧॥ કુમર ઇસ્યું મન ચીંતવે રે, ભ્રમભૂલો રે ઇતલા દિનસીમ; પરમારથ પ્રીચ્છયાં પછી, ગૃહવાસે રે હવે રહેવા નિમ....કુમર૦ ॥૨॥ મેં મન વચન કાયા વશ કરી, સેવ્યાં નહિ ગુરૂદેવ; તિણ હેતુ ઇણુ ભવ અવરની, કર જોડી કરવી હવે સેવ....કુમર૦ ॥૩॥ એટલાં દિન લગે જાણતો, હું અછું સહુનો નાથ; મારે પણ જો નાથ છે, તો છોડશું હો તૃણ જિમ એ આથ....કુમર૦ ॥૪॥

જાણતો જે સુખ સાસ્વતાં, લાધ્યાં છે અસમાંન; તે આજ અસાસતાં, મેં જાણ્યો હો જિમ સંધ્યા વાંન....કુમર૦ ॥૫॥ સંસાર એ સહુ કારમો, કારમો એ પરિવાર; કારમી ઈણ ઋદ્ધિકારણે, કુણ હારે હો માનવ અવતાર....કુમર૦ ॥૬॥ વિશ્વાસ શ્વાસતણો કીશો, જે ઘડીમેં ઘટી જાય; કરણી તિકા હવે આદરૂં, જિમ જામણી (જનમ) હો તિમ મરણ ન થાય....કુમર૦ ॥૭॥ એ વિષય વિષફલ સારિખાં; જાણઇ નહિં જાચા અંધ; ત્રેવડે અમૃતફલ જિસ્યાં, તિણ સાથે હો માંડે પ્રતિબંધ....કુમર૦ ॥૮॥ જે કરી બે આંગુલ ખરી, રોપી રહે દઢ પાવ; જે આપ આપો આગમે, તિણ આગેં હો કુણ રાણો રાવ....કુમર૦ ॥૯॥ બાપુતણો ભય ટાળીને, બેઠો કરી એકતાર, જે આપ નિર્લોભી હુએ, તિણ આગેં હો તૃણ જિમ સાંસાર....કુમર૦ ॥૧૦॥ ઘર આથી આપ વસુ કરે, રૂઠો છતો નરનાહ; તે સહુ મેં પહેલી તજી, હવે મુઝને હો શ્યાની પરવાહ....કુમર૦ ॥૧૧॥ પણ વચન હું માતાતણો, લોપું નહિં નીરધાર; તિણ સેજહુંતી ઉઠીને, પાઉં ધરે રે સાથે લઇ નાર....કુમર૦ ॥૧૨॥

॥ દુહા ॥

શ્રેણિક અતિહરષિત હુઓ, સૂરતિ નયણ નીહાલ;
દેવકુંવર શ્યું અવતર્યો, માનવલોક મઝાર ॥૧॥

કરી પ્રણામ આગલ જિસેં, ઉભો શાલિકુમાર;
બેસાર્યો ઉચ્છંગલે, રાજાએ તેણિ વાર ॥૨॥

ખર કર ફરસે પરઝલ્યો, માખણ જિમ શરીર;
ચિહું દિશિ પરસેવો વળ્યો, જિમ નિઝરણે નીર ॥૩

ઈણે ઇણભવે કીધી નહિ, સુપનાંતર પર સેવ;
પર કરફરસ ન ખમી શકે, એ પીત્તલીઓ દેવ ॥૪॥
સ્વેચ્છાચારી પરવશે, રહિ ન શકે તિલમાત્ર;
શીખ સમર્પો કરી મયા, માત કહે ઈમ વાત ॥૫॥
ઉઠયો આમણ દૂમણો, મહેલ ચડયો મન ભંગ;
ફરી પાછું જોવે નહિ, જિમ કંચલી ભુયંગ ॥૬॥

## ઢાળ દશમી

રાગ– ગોડી. ભવતણો પરિપાક....એ ઢાલ

બે કર જોડી તામ, ભદ્રા વિનવે, ભોજન આજ ઇહાં કરો એ; ભક્તિ યુક્તિ શી થાય, તો પણ સાચવું, દાસભાવ હું આપણો એ ॥૧॥ સહસપાક શતપાક, તૈલાદિક કરી, મર્દનીયાં મર્દન કરે એ; જવચૂરણ ઘનસાર, મૃગમદવાસિત ઉપર ઉવટણો કરે એ. ॥૨॥ અછે ગૃહની પાસે, જલ ખંડોકલી, સ્નાન કરણ આવે તિહાં એ. કરતાં જલની કેલિ રે, પડતાં મુદ્રડી, જાણી પણ ન લહી કિંહા એ ॥૩॥ તે મુઝ માણેક આજ, દીસે છે ગયો, સારભૂત ઘરમાં એ હતો એ; ઉંચો લેઈ હાથ, જોવે શ્રેણિક, પણ ન કહે મુખ લાજતો એ ॥૪॥ દેખી અડોલી તામ, શ્રેણિક આંગલી જાણ્યું પાડી મુદ્રડી એ, દાસીને કરી સાંન, જલ કલચાલવા, કઢાવે ભદ્રા ખડી એ ॥૫॥ અંધારે ઉદ્યોત, કરતાં નવનવાં, ભૂષણ મણિરયણે જડયાં એ, દેઇ શ્રેણિક આદિ, જ્યોતિએં ઝગમગે, દેખી સવિ અચરિજ પડયાં એ ॥૬॥ ચિંતામણીની પાસે રે, જેમ સેવંતરો, મૂકયો શોભ જૈસી લહે એ; તિમ તે ભૂષણ પાસે, શ્રેણિક

મુદ્રડી, તતખિણ ઓલખીને ગ્રહે એ ॥૭॥ ચિંતે મગધાધીશ, પુણ્ય પટંતરો, સ્યો સેવક સ્યો ધણી એ; સ્યો કરવો વિખવાદ, દેખી પરધન, ઘાટકમાઈ આપણી એ ॥૮॥ પહેરે પહિલે દીસ, ભૂષણ ભામિની, બીજે દિન તે ઉતરે એ; જિમ નિરમાયલ ફુલ, તિમ એ નાખીએ, વલતી સાર ન કો કરઇ એ ॥૯॥ મેવા ને પકવાન, પીરસે વ્યંજન, જાતિ ભાતિ કરી જૂજૂયાં એ; દઈ તાજાં તંબોલ, ઉપરિં નવનવાં, સહુકો મન હરખિત થયાં એ ॥૧૦॥ મણિ માણેકની કોડિ, લઈ ભેટણું, રાજા ફરી પાછો ગયો એ; હવે પાછલ જિનરાજ–ધરમ કરણ ભણી, શાલિકુમર ઉત્સુક થયો એ ॥૧૧॥

॥ દુહા ॥

તેજી ન સહે તાંજણા, ખેન સહે ખંગધાર;
શુરો મરણ હી સાંસહે, પણ ન સહે તુંકાર ॥૧॥
સેવસી રાંકપણો ભલો, શ્યો પરવશે રંગરોલ;
વશ પોતાની પાતલી, કાંઈ પરાઈ ઘોલ ॥૨॥
બીજો નાથ ન સાંસહું, તો આણુ ધરૂં શિર કેમ?;
માની [1]શરભ ન સાંસહે, ઘન ગર્જારવ કેમ? ॥૩॥
સંયમ લેતાં હોય ગુણ, પરભવ અવિચલ રાજ;
ઈણ ભવ નાથ ન કો હુસે, એક પંથ દો કાજ ॥૪॥
કરતાં એમ વિચારણા, [2]વોલી ઘડી બે ચાર;
માંગી બત્રીશે ભામિની, એણી પરે કરે વિચાર ॥૫॥

## ॥ ઢાલ અગ્યારમી ॥

ઢાલ–નિંબીયરી. નેહ ન કીજે રે જીવ! પરનારીશું...એ દેશી.

આજ નિહેજો રે દીસે નાહલો, કીજે કવણ

[1] અષ્ટાપદ [2] વીતી

પ્રકાર ?; પ્રેમ વિલુધી રે સુકુલીણી મળી, એણીપરે' કરે વિચાર....આજ૦ ॥૧॥ આવકાર ન મંદિરે આવતાં, જાતાં ન કહે જાવ; જોગીસર કિમ લય લાગી રહ્યો ?, મૂંકી મૂલ સ્વભાવ....આજ૦ ॥૨॥ કર જોડી આગલ ઉભા છતાં, ચાર પ્રહર વહી જાય; તો પણ કેમ ઉભા જાસ્યો કિંહા ?, વાતે ન પૂછે કાંઇ....આજ૦ ॥૩॥ નયન વયણ પોતાનાં વશ કીયાં, કીધો મન સંકોચ; રંગતણાં રટકા મત જાણજો, એહ છે અવર આલોચ.... આજ૦ ॥૪॥ આપણે' ભોગી ભ્રમર ન દૂહવ્યો, કેમ પડી મન રાય; બોલાવ્યો પ્રીતમ બોલે નહિ, અંતર્ગતિ ન લખાય....આજ૦ ॥૫॥ દેખીને મુખ મચકોડે નહિ, રીંસ નહિં તિલમાત્ર; આપણને પણ બોલાવે નહિ, એહ અનેરી ધાત....આજ૦ ॥૬॥ આજ સહી ભંભેર્યો વાલહો, ન કહે મનની વાત; જે નિત નવલો નેહ ન સાંસહે, તે તો ઘાલે ઘાત....આજ૦ ॥૭॥ કદીય નાહ ન દીઠો રૂસણો, દિન દિન વધતે પ્રેમ; પાણી વલમાંહિ મન ખાંચીયો, હવે કહો કીજે કેમ ?.... આજ૦ ॥૮॥ અંતરજામી આજ 'અવાણગુ', દીસે કવણ વિશેષ; અલવે મોહન મીટ ન મેળવે', જે જોતો અનિમેષ....આજ૦ ॥૯॥ મીઠાં બોલમ બોલો વાલહા, મૂલ મ પૂરો ખંતી; જોવો સહેજ સલૂણો લોયણે, તો ભાંજે મન ભ્રાંતિ....આજ૦ ॥૧૦॥

॥ દુહા ॥

આસન પૂરી સાધુ જિમ, બેઠો તાલી [૨]લાય;
આજ અજબગતિ વાલહો, કિણહી લખ્યો ન જાય ॥૧॥

---

૧ अवगुण પાઠાંતરે ૨ देह પાઠાંતરે.

જો મનકા [1]સલ રાખીયે, તો વાધે વિખવાદ;
છતેં [2]સાલે કિમ નીપજે, પ્રેમરૂપ પ્રાસાદ? ॥૨॥
અણબોલ્યાં સરશે નહિ, વાધે વિરહ અગાધ;
કીજે પૂછી ખરી ખબર, કવણ કીધો અપરાધ? ॥૩॥
બે કર જોડી પૂછીયેં, કામણગારો કંત;
કિણ કારણ એ રૂંસણો, તે દાખો વિરતંત ॥૪॥

## ॥ ઢાલ બારમી ॥

રાગ. ગોડી. મલ્હારમિશ્ર કર્મદિશા ફળી....એ ઢાળ.

અબલા કિમ ઉવેખીયે, વિણ અવગુણ ગુણવંત?; કઇ ચઈ કીડી ઉપરેં, કટક ન કીજે કંતરે.... સુણો સુણો વાલહા ॥૧॥ સુણો સુણો વાલહા, ઇમિ જોવો સસનેહ; કામિની વિનવે રે, ઝટકી ન દીજે છેહ રે.... સુણો૦ ॥૨॥ તું તેહજ તેહિજ અમેં, તે મંદિર તે સેજ; ઇણ અણીયાલેં લોયણેં રે, તે નવિ દીસે હેજ રે.... સુણો૦ ॥૩॥ જો તેં અમ્હને અવગણી, કરીય કઠિન નિજ ચિત્ત; પ્રાણ હોશ્યેં તે પ્રાહૂણાં, જિમ પરદેશી મિત્ત રે.... સુણો૦ ॥૪॥ નાહ ન કીજે રૂસણેં, જુવો હૈયેં વિમાસી રે; એકપખો એમ તાણતાં, કિમ ચાલશે ઘરવાસ રે.... સુણો૦ ॥૫॥ હાંસીની વેળા નહિ, ઇણ હાંસે ઘર જાય; પાણી ન ખમે પાતલી, હવે એ દુઃખ ન ખમાય રે.... સુણો૦ ॥૬॥ જીણે તુમને પ્રિયુ દૂહવ્યા, જિણે તુઝ લોપી કાર રે; સીખામણ દીયો તેહને, એકણ ઘાઉ મ માર રે.... સુણો૦ ॥૭॥ સુગુણ સનેહી વાલહા, કરતાં કોડિ વિલાસ રે, તે દિન આજ ન સાંભરે, તિણે તુમને સાબાશ રે.... સુણો૦

[1]-[2] શલ્ય

॥૮॥ દિવસ દિવસ વધતો હુંતો, એતલા દિન ઈકિલાસ રે; સુખ દુઃખ વાત ન કાં કહો, આજ ટળ્યો વિશ્વાસ રે.... સુણો૦ ॥૯॥ ચિંત ન કાં વ્યાપારની, [1]કોઈ ન દીઠો કાજ રે; કેવલ કામિની ઉપરે, સહી ખીવે છે આજ રે.... સુણો૦ ॥૧૦॥ જો કોઈ અવગુણ દાખવો, તો આછું દુઃખ થાય રે; કયું રોષ કરો ઠાકુર છતાં, તો કિમ કર્યો ન જાય રે.... સુણો૦ ॥૧૧॥ ગુન્હો પાંચેંહી દિને, જો કો જાણો નાહ રે, મૂલથકી તો છાંડજ્યો, તુમને શી પરવાહરે? સુણો૦ ॥૧૨॥ એહ ઉદાસપણું તજો, જીવન પ્રાણ આધાર રે; હલીમલી બોલાવી મળો, પરત્ર પ્રેમ સંભાર રે... સુણો૦ ॥૧૩॥

॥ દુહા ॥

ઈમ સહજેં ઘરવિધિ કહી, હીન દીન વયણેહ;
પણ તન મન ડોલે નહિ, રખે દેખાડે છેહ ॥૧॥
જો નિર્દૂષણ પરિહરો, તો હવે કેહી લાજ?:
ગાડાં ઉલલાયા પછે, કિશ્યો વિનાયક કાજ? ॥૨॥
હવે વહેલી વાહર કરો, બહિની મીલાવો વાર;
ભદ્રા સાસુને કહો, પ્રીતમતણો પ્રકાર ॥૩॥
વાતમેહ લાધ્યાં પછી, દેખી કુંવર ઉદાસ;
ભાખે સીખરૂપાં વચન, ઉંચી ચડી આવાસ ॥૪॥

## ॥ ઢાળ તેરમી ॥

રાગ- જયતશ્રી. ઢાલ-સંધિની ચોપાઈ ચતુર સનેહી મેરે લાલ....એ દેશી

નમણી ખમણી ને મનગમણી, રમણી બત્રીસેં સોવનવરણી; સુકુલીણી ને સહેજ સલુણી, કિણ કારણ

[1] कोइ न विणस्यो काज रे પાઠાંતરે.

એ ઉણા ઝૂણા ॥૧॥ એ સવિ નારી ચાલેં તુઝ કેડિ, થૂંક પડે તિહાં લોહી રેડી; કથન તુમારો કોઈ ન ખંડે, ઉડે સીસ જિહાં પગ મંડે ॥૨॥ જી જી કરતાં જીભા (જીહા) સૂકે, મુખથી નામ ન કાંઇ મૂકે; તુઝ સાસે હા કાંઈ ન દ્રાપે (?), તો એવડો દુઃખ શ્યાનેં આપે? ॥૩॥ તુઝ ગાયું ગાવે સહુ કોઈ, હવે હરખિત સુપ્રસન મન જોઇ; ઇમ બેઠો તન મન સંકોચી, તું તો મુલ નહિ આલોચી ॥૪॥ જો પ્રતક્ષ અવગુણ દેખીજે, તો પણ મનમાંહિ જાણી રહીજે; દીઠો પણ અણદીઠો કીજે, નારી જાતિનો અંત ન લીજે ॥૫॥ ત્રટકી ઝટકી ઇમ છેહ ન દીજે, જો કો દિન ઘરે રહેવા કીજે; નીતિવચણ ચોથો સંભારો, કામિની ઉપર કોપ નીવારો ॥૬॥ જાણ્યો ન હુવે તો દોષ દેખાડો પણ ઘર વાત મ બાહિર પાડો; માંહે તેડીને સમઝાવો, દોષીજનને કાંઇ હસાવો ॥૭॥ તું તો આજ અજબગતિ દીસે, હીયડો હેજે મૂલ્ન ન હીસે; એહવી પુત્ત પરાઇ જાઇ, ઇમ કીમ નાંખો છો ધ્રસકાઇ? ॥૮॥ તું દેવર તું જેઠ સગીનો, તું મનમોહન નાથ નગીનો; તું પીયર તું સાસરવાસો, તુઝ વિણ સૂનો આસોપાસો ॥૯॥ ઇણિપરે વિવિધ વચન કહી થાકી, ન રહ્યું કહેવાજોગું બાકી; શાલિ-કુમાર મનમાંહિ વિચારે, સહુકો મોહમહીપતિ સારે ॥૧૦॥ જે ભામિનીશું રંગ કરાવે, તે લેઇ દુરગતિ પહોંચાવે; હિતવંછક માવિત કહાવે, પણ અંતરગતિ કોઇ ન પાવે. ॥૧૧॥

॥ દુહા ॥

આવી દીધી વધામણી, વનપાલકે તેણી વાર;<br>
ધર્મઘોષ આવ્યા ઈહાં, ચઉનાણી અણગાર ॥૧॥

શાલિકુમાર મન ચીંતવે, ભલે પધાર્યા તેહ;
મુહ માંગ્યાં પાસા ઢળ્યાં, દૂધે વૂઠાં મેહ ॥૨॥
પહેલાં પણ વ્રત આદરણ, મુજ મન હુંતો સહેજ;
હવે જાણું નિંદ્રાલૂએ, લહી બીછાવી સેજ ॥૩॥
કુમર સાધુવંદન ચલ્યો, ઋદ્ધિતણે વિસ્તાર;
પાંચે અભિગમ સાચવી, બેઠા સભા મોઝાર ॥૪॥
સંવેગી શિર સુંદરો, સૂરિ સકલ ગુણ ખાણ;
ભવસ્વરૂપ ઈમ ઉપદિશે, મુનિવર અમૃત વાણ ॥૫॥

## ॥ ઢાળ ચૌદમી ॥

રાગ. ગોડી. વણુજારાની ઢાળ

પ્રતિબુઝો રે લહી માનવ અવતાર, તપ જપ સંજમ ખપ કરો પ્ર૦; પ્ર૦ જિમ હુવે છૂટકબાર, ગરભાવાસ ન અવતરો.... પ્રતિ૦ ॥૧॥ પ્રતિ૦ સ્વારથીયા જગમાંહિ, મત કો જાણો આપણો પ્ર૦; પ્ર૦ હાથ બઝોહાવાહિ (?) આજ કાલમેં ચાલણો.... પ્ર૦ ॥૨॥ પ્ર૦ રહેતાં જિમ તિમ પ્રાણ, જિણ ગામાંતર હાલીયે પ્ર૦; પ્ર૦ ઓલીજે સમસાણ, ઘરે આભોખો ઘાલીયે. પ્ર૦ ॥૩॥ પ્ર૦ કાલ ન દેખે કોઈ, ઉપર વાટેં રાચતો પ્ર૦; જે સર અવસર જોઈ, વાર ન લાગે ખાંચતો.... પ્ર૦ ॥૪॥ પ્ર૦ [1]સંગે ન આવે આથ, નાવે પરણી હાથરી.... પ્ર૦; પ્ર૦ સંબલ ઘાલો સાથ, આગલિ સેજ ન પાથરી.... પ્ર૦ ॥૫॥ પ્ર૦ રમણીરંગ પતંગ, ફૂલ વિપાક વિષ સારીખાં.... પ્ર૦; પ્ર૦ મ કરો તાસ પ્રસંગ, જો મન પુજે પારીખાં.... પ્ર૦ ॥૬॥ પ્ર૦ અટવી

---

૧ સાથિ

વિરમ અપાર, સાથે મન મેલૂન છે.... પ્ર૦; પ્ર૦ કરજો એહ વિચાર, પછતાવું પડશે પછે.... પ્ર૦ ॥૭॥ સંધ્યાવાન સમાન, આઠે મદ છે કારિમા.... પ્ર૦; પ્ર૦ દિન દશ દેહિ વાન, આભરણે બહુ ભારિમા.... પ્ર૦ ॥૮॥ પ્ર૦ મ કરો ગરવ [1]ગમાર, આથિ અથિર જિનવર કહી.... પ્ર૦; પ્ર૦ જાતાં ન લાગે વાર, રાખી પણ રહેશે નહી.... પ્ર૦ ॥૯॥ પ્ર૦ ગણતાં તૃણ સંસાર. જિ શિર છત્ર ધરાવતાં....પ્ર૦; પ્ર૦ તે અરિઅણ ઘરબારિં, દીસે દાસ કહાવતાં.... પ્ર૦ ॥૧૦॥ પ્ર૦ દે ન શકે જગદીશ, અધિકી એક ઘડી સહી.... પ્ર૦; પ્ર૦ તે દિનમાંહિ બત્રીસ, જાતી પણ જાણે નહિ પ્ર૦ ॥૧૧॥ પ્ર૦ પરનિંદાની વાત, મ કરો જે દુર્ગતિ દીયે પ્ર૦; પ્ર૦ જો એ ન મિટે ધાત, તો આપણપો જ નિંદીએ.... પ્ર૦ ॥૧૨॥ પ્ર૦ પરતિષઆ (?) મ નિહાલ, મન આવે એ વાત તો.... પ્ર૦; પ્ર૦ લોભથકી મન વાળ, ક્રોધ માન માયા તજો.... પ્ર૦ ॥૧૩॥ પ્ર૦ તો લ્યો સંયમભાર, જો ભવ ભમતાં ઓલજો.... પ્ર૦; પ્ર૦ મૂકો વિષયવિકાર, વાંછો છાકાછોલ જો.... પ્ર૦ ॥૧૪॥

॥ દુહા ॥

ધર્મદેશના સાંભળી, હરખ્યો શાલિકુમાર;
કર જોડી આગલ રહી, પૂછે એક વિચાર ॥૧॥
માથે નાથ ન સંપજે, કુણ કર્મે મુનિરાય ?;
પરમકૃપાલુ કૃપા કરી, તે મુઝ કહો ઉપાય ॥૨॥
કહે સાધુ વ્રત જે ગ્રહે, તૃણ જિમ છોડી આથ;
નાથ ન હોએ તેહને, તે હુવે સહુનો નાથ ॥૩॥
સાધુવચન સવિ સદ્દહે, ઈહાં કિણુ મીન ન મેખ;
આવી માતાને કહે, એણી પરે વયણ વિશેષ ॥૪॥

[1] ગુમાન પાઠાંતરે

# ॥ ઢાળ પંદરમી ॥

રાગ– ખંભાયતી. સોહલાની ઢાળ

માનવભવ લહી દોહિલો રે, પાછલ [1]અલવિ ગુમાવ્યો રે; સફલ કરૂં મોરી માતાજી રે, તો હું તાહરો જાયો રે....મોરી માતાજી. અનુમતિ દીયો સંયમ આદરૂં રે, વ્રત પાલીને ભવ જલનિધિ હું તરૂં રે.... મોરી૦ ॥૧॥ જે મારગ જાણે નહિ, તે તો ભૂલે ન્યાય રે; મારગ જાણ્યાં હી પછે, કહો કુણ [2]ઉવટ જાય રે.... મોરી૦ ॥૨॥ જગમાં કો કેહનો નહિ રે, જુઓ હૈયે વિમાસી રે; પરભવ જાતા જીવને રે, સાથે ન કોઇ આસી રે....મોરી૦ ॥૩॥ મુખ મીઠાં આવી મળ્યાં રે, મુજને પાંચ સખાઈ રે; તે ધન લૂંટે માહરૂં રે, આજ ખબર મેં પાઈ રે....મોરી૦ ॥૪॥ જેહનું ગાયું ગાવતો રે, જેહશું રહેતો ભીનો રે; તે પરધાન માંહે થઈ, કરે ખરાબ ખજાનો રે....મોરી૦ ॥૫॥ પગ ભરી સાથે ખસે નહિ, ફોગટ મીલી મીલી પોષો રે; બાલસખાઇનો ટળ્યો, મુજને આજ ભરોંસો રે....મોરી૦ ॥૬॥ હવે દેખું તો તેહને રે, કવણ કલંક લગાવું રે; ખરચ ન દઉં ગાંઠનો, બમણું કામ કરાવું રે....મોરી૦ ॥૭॥ મીલ ન દેશ્યું મંત્રવી રે, જે ઘરભેદ પ્રકાશે રે; સયણ અછે ત્રેવીસ જે રે, તે [3]નાવણ દેઉં પાસે રે....મોરી૦ ॥૮॥ પૂરો લેખો માંગશું રે, પહેલેં દિનથી લેઈ રે; ખાધું બમણું કાઢસ્યું રે, મુખડે મીઠો દેઈ રે.... મોરી૦ ॥૯॥ ચ્યાર અછે જે ચઉગુણાં રે, ઇણ ઘરનાં

૧ એજ ૨ ઉંવાટ ૩ આવવા દઉં નહિ

રખવાલ રે; ખાંધો માલ માને નહિ રે, હોઇ રહ્યાં મનવાલા રે....મોરી૦ ॥૧૦॥ એ સીખામણે તેહને રે, નાણું ઇણ ઘરમાંહિ રે; જો તે પેસે વકરે રે, તો કાઢું ગળે સાહિ રે....મોરી૦ ॥૧૧॥ જાણ તિકે નર જાણીયે, જો આપ ન ઠગાવે રે; જીવતાં ન કન્નંકીયો, મૂંવા કુગતિ ન જાવે રે....મોરી૦ ॥૧૨॥

॥ દુહો ॥

શાલિવચન શ્રવણે સૂણી, ભદ્રા કરે વિચાર;
વચન તિસા ઉંડા કહે, તજશ્યે એ સહુ સંસાર ॥૧॥
પણ અનુમતિ દેશું નહિ, હું રાખીશ સમજાય;
જો સુજને ઉવેખશે, તો શ્યું? કહ્યો ન જાય ॥૨॥
ધરમ ભણી જે ઉઠશે, તે ગણશ્યે માવિત્ર;
સુજને કદા લોપે નહિ, ન્હાનડીઓ સુવિનીત ॥૩॥

## ॥ ઢાળ સોળમી ॥

રાગ–મલ્હાર, ઢાળ–ચુનડીની

નારી અબ હમ મોકલો....એ દેશી.

વાત મ કાઢો વ્રતતણી, અનુમતિ કોઇ ન દેશે રે; સુખ ભોગવો સંસારનાં, પાડોશી વ્રત લેશે રે....વાત૦ ॥૧॥ તું તો એણીપરેં બોલતો, લોકમાંહે લજાવે રે; મુખ બાહિર જે કાઢીએ, તે ફરી પાછો નાવે રે....વાત૦ ॥૨॥ જે જગદીશે વડાં કીયાં, તે ઉંડું આલોચે – યાચે જિમ તિમ બોલતાં, છોકરવાદ ન શોચે રે....વાત૦ ॥૩॥ જો સાંભળશે સાસરાં, તો કરશે દુઃખ આદો રે; હાંસીને કારણે નાનડા, એવડી વાત મ કાઢો રે....વાત૦ ॥૪॥ તું જાણે વ્રત આદરે, શૂરા કિશ્યોં છે પાછે રે; જે અમને સાધારશ્યે, વીર અવર

કો આછે રે....વાત૦ ॥૫॥ [1]જો મેં તું જાયો હતો, કહેને કિણ દિન કાજે રે?; વડપણે જામિણી છોડતો, શું મનમાંહિ ન લાજે રે?....વાત૦ ॥૬॥ હું જાણું માવીતની, છોરૂં પીડ ન આણે રે; પણ સંયમ છે દોહિલું, તે તું ભેદ ન જાણે રે....વાત૦ ॥૭॥ વિષમ પરીસહ જે સહે, તે તો કાય અનેરી રે; હું પરિજાણું તાહરી, તિણે રાખું છું ઘેરી રે....વાત૦ ॥૮॥ માખણ જિમ તનુ તાહરૂં, પરસેવેં પરિઘલીયો રે; તે વેળા શ્યું વીસરી?, વ્રત લેવા હલ ફલીઓ રે....વાત૦ ॥૯॥ કોણ અતુલીબલ સંચરે, સન્મુખ ગંગપ્રવાહે રે; તિમ સુરગિરિને તોળવાં, કવણ પુરુષ [2]અવગાહે રે?.... વાત ॥૧૦॥ મીણતણાં દાંતે કરી, લોહચણા કુણ ચાવે રે?; શીલા અલૂણી ચાટતાં, સ્વાદ કહો કુણ પાવે રે?....વાત૦ ॥૧૧॥ મનવંછિત સુર પૂરવે, તિણ દેણું છે પૂરો રે; શું સંયમ લઇ સાધશો, શ્યું છે ઇહાં અધૂરો રે?....વાત૦ ॥૧૨॥ દુઃખીયાંના દુઃખ ભાંજવા, સંયમશું મન લાવે રે; પણ સુખીયાં સુખ છોડશ્યેં, તે પડશેં પછતાવે રે....વાત૦ ॥૧૩॥ પર-ભવની આશા ધરી, જે આવ્યાં સુખ છોડે રે; તે તો કડિનો મૂંકીને, આધાં ઉપર દોડે રે....વાત૦ ॥૧૪॥ તે [3]રાંમતિ કીમ કીજીએ, જિણ [4]વાતે ઘર જાવે રે; મહેલ પધારો ન્હાનડા, ઉભી વહૂઅર દુઃખ પાવે રે.... વાત૦ ॥૧૫॥ દુઃખ લ્યે કવણ ઉદેરીને, કુણ ઘર માંડી ઢાહે રે; શ્યું પોતાના પગભણી, કોણ કુહાડી વાહે રે?....વાત૦ ॥૧૬॥ મોહવિલુદ્ધા માનવી, ઓછું

---

૧ મેં તને જન્મ દીધો તે કયા દિવસને માટે? વૃદ્ધાવસ્થા વખતે માને છોડતાં લાજતો નથી? ૨ ઉમાહે પા૦ ૩ રમત પા૦ ૪ રાંમતે પા૦

અધિકું ભાસેં રે; એ એ દુર્જય મોહની, શ્રી જિન-રાજ પ્રકાશે રે....વાત૦ ॥૧૭॥

॥ દુહા ॥

કહ્યું કુમાર માને નહિ, કહી વિવિધ પરેં વાત;
મીઠેં વચનેં તેડીનેં, વલી કહે ઈમ માત ॥૧॥
શાના હી જો નવિ રહે, પહેલા કર અભ્યાસ;
પાવડીએ ચઢતાં સદા, પહોંચીજે આવાસ ॥૨॥
કાજ વિચારી જે કરે, રહે તિહારી લાજ;
[1]અતિ ઉછા ઉતાવલા, તે વિણુસાડે કાજ ॥૩॥
એમ અનુમતિ ઉતાવલી, દેતાં ન વહે જીહ;
જો માતા કરી લેખવો, તો પડખો દશ દીહ ॥૪॥

## ॥ ઢાળ સત્તરમી ॥

રાગ-સોરઠી, ઢાળ-વેલિની ચાલ.

વ્રતની મનસા જે આણી, તિણ માંહે ન [2]પડશે પાણી; તિણ દિન દસ આઘે પાછેં, મેં સંયમ લેવું આછેં ॥૧॥ રહેતાં વૈરાગ્ય ન છીજે, માતા પણ સંતોષીજે; હઠ ઝાલી ન બેસી રહીજે, જિમ તિમ નિજ કારજ કીજે ॥૨॥ અવસર લહી ચતુર ન ચૂકે, લીધો પણ બોલ ન મૂકે; હઠ છોડી ચડ્યો ચોબારિં, માતા હરખી તેણીવારીં ॥૩॥ દુહા—ભલું થયું દિન દશ રહ્યો, લાજ રાખી ચિંહુ સાખી; ગુંગો બેટો બાપનેં, બાપ કહે તે લાખ ॥૪॥ [3]ચાલ—જેહની મીંજી ભેદાણી, પલટે કિમ તેહની વાણી; લાગ્યો જે રંગ મજીઠો, દીઠો તે કિણહી નદીઠો ॥૫॥ દૂહા—જિમ

૧ अतिउच्छक પા૦ ૨ पइसई પા૦ ૩ यति પા૦

જિમ મેં પરણી હતી, તિમ તિમ છોડું એહ; પર-
ઠિતિકા માંડી જિણેં, પહિલી લાધો છેહ ॥૬॥ ગુન્હો
'જિકોસુ મેં કીયો, ફલ પણ લાધ્યો તાસ; સડચો
પાન જિમ હું તજી, અવર રહી પ્રિય પાસ ॥૭॥
શું પહેલી પરણી હતી, પહેલી છંડણ કાજ ?; ઐ ઐ
મો મો તિણિ તિણિ, વારુ રાખી લાજ ॥૮॥ ચાલ–
બીજે દિન બીજી છોડિ, પહેલી ચિંતે થઈ જોડી;
મુજને આઘો દુઃખ થાશ્યે, બિહુને તોવાં વાંટચો (?)
આસે. ॥૯॥ રહેવો ચિત્રશાલી માંહે, ભામિણી બેસે
બિંહુ બાંહિ; કિણહિસું નેહ ન લાવે, વાતેં સહુનેં પર-
ચાવે ॥૧૦॥ મુનિવરનાં પણ મન ચૂંકે, કામિની
જો પાસે ઢુંકે; પણ શાલિકુમર એ જાણી, સાચી દુર-
ગતિ સહી નાણી ॥૧૧॥ ત્રીજે દિન ત્રીજી આઇ,
તાલી દેઇ બોલાઇ; છોડી દીસેં છે કંતે, આવી બેસો
ઇણી પંતે ॥૧૨॥ બોલ કહતી અમમાંહે, તુઝને પણ
કાઢી શાંહે; શ્યું ફેર જબાપ ન કીધો, ત્રિહું પાને
બીડો લીધો ॥૧૩॥ પરિદીઠી તે આજૂની, ગતિ
થાશે એક સહુની; જે પાંચાસાહિ થાશે, આઘો
દુઃખ તાસ જણાશે. ॥૧૪॥ દૂહા– શ્યાંને કો કેહને
હસો ?, મત કો કરો ગુમાન; વારો વાસો જિમ હુતો,
તિમ થાશ્યે અપમાન ॥૧૫॥ ચાલ–હું તો આસંગા
માથે, ઝગડો કરતી પિયુ સાથે; પણ મુજને છેહ ન
દેતો, અવગુણ ગુણ કરી લેતો ॥૧૬॥ તેહી જ જો
હુવે નિસ્નેહી, તો વાત કહીજે કેહી; ત્રીજી બેઠી બિહું
પાસે, ઇણિ પરેં શિર ધૂણી વિમાસેં ॥૧૭॥ દેખો
છો વાત જ કાંઈ, મનમાંહિ ઈયારેં આઇ; નિરદોષ

૧ जिको न पा०

પરાઈ જાય, લે નાંખે છે કસકાઇ ॥૧૮॥ પ્રહસમેં થાશેં મુજ વારિ, ઇમ ચિંતવે ચોથી નારી; આડો તબ કોઇ ન આસેં, મન જોઈ લાગ્યું આકાશેં ॥૧૯॥ દૂહા– જે જિમ પરણી હતી, ખરી આણી મન ખંતિ; શું મુજને બેસારશેં, પ્રીતમ તેહની પંતિ ? ॥૨૦॥ ઘડીઆલે વાજે ઘડી, ધ્રૂજણ લાગી દેહ; મુજને પણ પિયું છાંડશે, પહર ચિહું રે છેહ ॥૨૧॥ વાત ન કાં પૂછી શકી, આડી આવી લાજ, પહર બિહું રે અંતરે, [1]વીછડવો છે આજ ॥૨૨॥ ચાલ– અતિઆતુર નેહ-ગહેલી, ઘર ઉપર ચડી એકલી; હરિણી કબહી જાશ્યે, મૃગરાજ લક્ષ્ય ચિહું પાસેં ॥૨૩॥ દિન પ્રતિ કામિની છોડંતા, દલ મયણતણાં મોડંતા; હવે જિણ પરેં ધન્નો આવે, તે પણ જિનરાજ સુણાવે ॥૨૪॥

॥ દુહા ॥

બહેન સુભદ્રા તિણે નગરેં, ધન્નાઘર સુવિદિત;
સ્નાન કરાવણ અવસરેં, બંધવ આવ્યો ચિત્ત ॥૧॥
રોમ રોમ સાલેં અધિક, વિરહવ્યથા તેણી વાર;
હીયડું લાગ્યું ફાટવા, નયણ ન ખંડે ધાર ॥૨॥
[2]દીસે ઘણું દમામણી, આજ ખરી દીલગીર;
કહે કૃષ્ણ [3]તુરજને દુહવી, નયણે ઝરે કિમ નીર? ॥૩॥
શાલિભદ્ર સરીખો અછે, બંધવ અમલીમાણ;
આઠ રમણીમાં માહરે, તુંહિજ જીવન પ્રાણ ॥૪॥

## ॥ ઢાળ અઢારમી ॥

રાગ– જોડી. રમણીય રમણી ફરતાણી....એ ઢાળ.

શ્રેણિક ઘર આવ્યા પછી રે, કાંઈ પડી મન

૧ वीछडी जाउंकी आज पा० २ दीसें आमणदूमणी पा० ३ तुझनें पा०

ભ્રાંતિ; દિન દિન એક કામિની તજે, વ્રત લેવાની ખાંતિ રે.... ॥૧॥ વૈરાગી થયો, યામિણી જાયો વીરો રે; તે મુજ સાંભર્યો, નયણે ઝરે તિમ નીર રે. વૈરા૦ ॥૨॥ સાત ભલો જો સાસરો રે, તો પીયર આવે ચિત્ત; વિણુ બંધવ પીયર કિસ્યો રે, નેહરહિત જિમ મિત્ત રે....વૈ૦ ॥૩॥ વીરવિહુંણી બેનડી રે, નિશદિન રહે ઉદાસ; પ્રિયુ [1]હટકી કિણુ આગલે રે, કાઢે મનની ભાસ રે....વૈ૦ ॥૪॥ ઉભા રે પીયરતણે રે, ગંજી ન શકે કોઈ; સકજવીરની બેનડી રે, દિન દિન નવલી હોય રે.... વૈ૦ ॥૫॥ કુણ કહેશ્યે મુજ બેનડી રે, કેહને કહિશું વીર !; વાર પરવ કુણ [2]મૂંકશે રે, મુજને નવ નવ ચીર રે....વૈ૦ ॥૬॥ કલિં અજરામર તું હજ્યો રે, મુજ પૂરવે જગીશ: કુણ આગળ ઉભી રહી રે, દેશું એમ આશીષ રે....વૈ૦ ॥૭॥ હવે કેહને જમાડીને રે, સફલ કરશું [3]ભાવબીજ; કાસ પયોહર વીછલિ રે, હું દેખીસું ભત્રીજ રે (?)....વૈ૦ ॥૮॥ કેહને બાંધીશું રાખડી રે, ગાઇશું કેહનાં ગીત; કુણ મોશાલો મૂકસ્યે રે, તિણશું વિશેષ સાચંત રે....વૈ૦ ॥૯॥ એક ઘડી પણ જેહનો રે, કઠીન વિરહ ખગધાર; જે જામિણી જાયા પખેં રે, કિમ જાશ્યે જમવાર રે....વૈ૦ ॥૧૦॥

॥ દુહા ॥

મુખ મચકોડી તિણ સમે, બોલે બોલ રસાલ;
સાહસિક શિર મુગટ મણી, ધન્નો ધીંગડ માલ ॥૧॥

વલી વલી વી કોહિલો, ન્યાય તિણે દીલગીર;
પણ કાયર શિર સેહરો, શાલિભદ્ર તુજ વીર ॥૨॥

---

૧ તરછોડી ૨ મોકલશે ૩ ભાઈબીજ

આરંભ્યો તેહનો ખરો, જે કરી ધાસે પાર;
પાણી વલમાં પેખતાં, થાયે અવર પ્રકાર ॥૩॥
પ્રેમમગન તે કિમ રહે, મન ઉપાડયો જાંહ;
આગલ પાછલ છોડવો, તો કિશી વિમાસણ તાંહ ॥૪॥

## ॥ ઢાલ ઓગણીસમી ॥

મુનિવર વિહરણ પાંગર્યાં....એ ઢાળ

બહેન ન રહી શકી તે સમેજી, સાંભળી પ્રીતમ બોલ; શ્યું અવહેલો માહરોજી, એણીપેરે વીર નિટોલ રે ॥૧॥ મોરાં પ્રીતમ ! તે કિમ કાયર હોય; કથન ન માનેં (નો) માહરોજી, તો આપ વિમાસી જોય....રે મોરાં૦ ॥૨॥ કાચી કોડી છાંડતાંજી; વીર કરે વેખાસ; આથ છતી જે અવગણેજી, તેહને દીયો સાબાસ....મોરાં૦ ॥૩॥ રતન જડિત ઘર આંગણેજી, સોવનમયી ઘરબાર; ઇણ અનુસારેં જાણજ્યોજી, ઋદ્ધિતણો વિસ્તાર....મોરાં૦ ॥૪॥ વયાતીત પોતેં થયોજી, ગલિ-પલિત ઘર નાર; તે પણ વ્રત [1]લેતાં થકોજી, પડખે વરસ બે ચ્યાર....મોરાં૦ ॥૫॥ આપ તરૂણ તરૂણી ઘરેજી, કંચન કોમલ ગાત્ર; ભોગથકી જે ઉભગ્યોજી, તે રાખે અખીયાત....મોરાં૦ ॥૬॥ ઘરવરતાઉ છોડ-તાંજી, કરે વિમાણસ વીશ; રૂપે રંભા સારિખીજી, ધન્ય તે તજેં બત્રીશ....મોરાં૦ ॥૭॥ સાહસીક પાખે કહોજી, નારી તજે કુંણ આમઃ લોહી તોહીજ નીસ-રેંજી, જો ચીરીજે ચામ....મોરાં૦ ॥૮॥ જે કરશેં તે જાણશેંજી, ત્યાગ દોહિલો કામ; મૂલ ન જાણે વાંઝણી રે, વ્યાવરતણો વિરામ....મોરાં૦ ॥૯॥ કથની કરણી

૧ લેવો છતો પા૦

સારિખીજી, જો ઇણ કલિજુગે હોઇ; તો શિવસુખ હુંતી સહિજી, ઉરે ન રહેતો કોઈ....મોરાં૦ ॥૧૦॥ વાતેં વડાં ન નીપજે જી, [1]અડદે લાગે દામ; કહે તિંસો પોતેં કરેંજી, તે વીરલા વરિઆમ....મોરાં૦ ॥૧૧॥ સાધુપંથ પોતે કહેજી, પણ તે દિશિ ન ભરે વીખ; આપ ન જાવે સાસરેજી, લોકોને દેઇ સીખ....મોરાં૦ ॥૧૨॥ દિન બત્રીશેં છોડશેં જી,વીર ! બત્રીશે નાર; પોતે આઠ અછે જિકોજી, છેડો એકણુવાર....મોરાં૦ ॥૧૩॥

॥ દુહા ॥

કુમંતંતી પાખે કરણ, દીએ એગ્રીપરે ઉપદેશ ?;
અંતરગતિ આલોચતાં, કૂડ નહિ લવલેશ ॥૧॥
મનરાજા તન મંત્રવી, ઉપશમ આગેવાન;
તીનું એક મતી થયાં, ચઢશ્યેં કાજ પ્રમાણ ॥૨॥
કામ [2]ચુગલ પાસેં કીયો, ચીંતવી વિષય વિપાક;
અંતરજ્યોતિ પ્રગટ થઈ, [3]જરી આઠ મદ છાક ॥૩॥
પાંચે મલી જોડયો હતો, તૂટયો સગપણ એહ;
હવે હું ભાઈ તું બેનડી, અવિચલ સગપણ એહ ॥૪॥
અલગી રહે તું મુજથકી, મ કરીશ તાણો તાણ;
મેં મનશુદ્ધેં તાહરૂં, કીધું વચન પ્રમાણ ॥૫॥
ધન્નો એકમનો થઈ, ઉઠણ લાગ્યો જામ;
પાલવ ઝાલીને કહે, નારી સુભદ્રા તામ ॥૬॥

## ॥ ઢાળ વીશમી ॥

રાગ સોરઠી-શ્રી સંભવજિન સુખકરૂ....એ દેશી.
પ્રીતમ ! તુજ મુખચંદ્રમા....એ દેશી.

જો માણસ કરી લેખવો, તો મત જાઓ છાંડી

૧ બડલે-ચોળાએ પા૦ ૨ (કામશું ગલપાસો કીયો) ૩ ઘટી પા૦ ૧૨

લાલ રે; જાશો તો હી રાખશું, બાલક જિમ રઢ માંડિ લાલ રે.... ॥૧॥ રહો રહો રહો રહો વાલમાં, ત્રટક મ તોડો નેહ લાલ રે; સહજ સલુણાં માણસાં, એમ કેમ દીજે છેહ લાલ રે!....રહો૦ ॥૨॥ આસંગાયત જે સહી, તે કહેશે સો વાર લાલ રે; પણ વિરચણ દેશે નહી, કીજે કોડિપ્રકાર લાલ રે....રહો૦ ॥૩॥ ઓછું અધિકું સાંભળી, હસીય ગુદારે જેહ લાલ રે; અવગુણ ગુણ કરી લેખવે, સાચાં સાજણ તેહ લાલ રે....રહો૦ ॥૪॥ દાંત વચ્ચે દે આંગલી, લળી લળી લાગું પાય લાલ રે; હાથ બીછાવીને કહું, હમણાં તજી મત જાઓ લાલ રે....રહો૦ ॥૫॥ ધરણીવચને જે ઘર તજે, શોભા ન લહીએ એમ લાલ રે; માખી તો મારે નહિ, મલકો મારે જેમ લાલ રે....રહો૦ ॥૬॥ એવડો ગુન્હો કયો કીયો, કાર ન લોપી કાંય લાલ રે; જો છીંકતાં દંડશો, તો શું કહ્યું ન જાય? લાલ રે....રહો૦ ॥૭॥ વિરચણહારા વિરચશે, કૂડો હી દે દોશ લાલ રે; પાપી મન નવિ રહે, સાસ હુવે ત્યાં શોષ લાલ રે....રહો૦ ॥૮॥ પણ સાસરીયાંતણો, પીયરીએં ન ખમાય લાલ રે; પીયરીયાંનો સાસરે, મૂલ ન ખમણો જાય લાલ રે....રહો૦ ॥૯॥ બંધવ દુઃખ દાઝી હતી, ઉપરે પ્રીતમ ગોણ લાલ રે; જાણે દાઝયાં ઉપરે, દૈવે પાડયો લૂણ લાલ રે....રહો૦ ॥૧૦॥ દેખો દુઃખત્રાંટણ સમે, અત્રવિ પડી મનરાય લાલ રે; લહેણેરી દેણી પડી, ઈમ ઉભી પછતાય લાલ રે....રહો૦ ॥૧૧॥

---

૧ મેહેણો=મ્હેણું પા૦

॥ દુહા ॥ સોરઠીયા

પ્રીતમનો લવલેશ, મન પણ ડોલાણો નહિ;
ફરી દીએ ઉપદેશ, ભામિનીને પ્રતિબોધવા ॥૧॥
જિમ તેં કીધો ઉપકાર, તે તિમ અવર ન [1]કરી શકે;
તે વિરલા સંસાર, જે જિમ તિમ પ્રતિબૂઝવે ॥૨॥
છોડી અધુરાં કામ, ઉઠી ચલેશી પ્રાહુણો;
કોઈ ન લેશે નામ, જંગલ જાય વસાવસેં ॥૩॥
કિણશું કરે સનેહ, પરદેશી પરદેશમે
આંધી ગણે ન મેહ, આયો કાગદ ઉઠી ચલે ॥૪॥

## ॥ ઢાળ એકવીશમી ॥

સુણ બહેન! પિઉડો પરદેશી....એ ઢાલ.

ઈમ ધન્નો ધણીનેં પરચાવેં, નરભવ અથિર દેખાવેં રે; તેહિજ સાચાં સયણ કહાવેં, જે જિનધર્મ સૂણાવેં રે....ઈમ૦ ॥૧॥ મેરો મેરો કરે ગહેલો, સબ સ્વારથકો મેળો રે; ઉઠી ચલેગો હંસ એકલો, વિછર્યો મીલણ દુહેલો રે....ઈમ૦ ॥૨॥ હઈ દિનદશ ગોવલમેં ચલના, આખર એક દિન મરણા રે; રાખણહાર ન કોઈ શરણા, તો એતાં ક્યાં કરણાં રે?....ઈમ૦ ॥૩॥ કો કાહુંકે સંગ ન જાવેં, ફિર પાછેં ઘરિં આવે રે; તિણસેતી જો નેહ બનાવેં, સો ઊખરમેં વાવે રે....ઈમ૦ ॥૪॥ છોર ચલેંસી આધી પોથી, કરી કાય પરિશોથી રે; આગલ જાણઈ લેઉં આ પોથી, હઈ હઈ માયા સબ થોથી રે....ઈમ૦ ॥૫॥ ઇતો ડોલત દિવસ ગમાવેં, સૂતાં રયણ વિહાવે રે; દિનદિન ચલણો નેડો આવે, મૂરખ ભેદ ન પાવે રે....ઈમ૦ ॥૬॥ કો દુઃખ બાંટી

[1] को करे पा०

ન લેઇ કાંઇ, પાપે પિંડ ન ભરાઇ રે; નિશદિન ચિંતા કરે પરાઈ, યા દેખો ચતુરાઇ રે....ઇમ૦ ।।૭।। ચાલણવરિયાં હોત સખાઇ, આપણિ સાથ કમાઈ રે; ફિરિ પાછી આવે લોગાઈ, ત્રુટી જાણી સગાઈ રે....ઇમ૦ ।।૭।। સબ મિલી આપણો સ્વારથ રોવેં, પીઉકી ગતિ કુણહી ન જોવે રે; સ્વારથ જાસ ન પુગો હોવેં, સો પરપૂંઠી વિગોવે રે....ઇમ૦ ।।૯।। તબ લગિં સબહિકેં મન ભાવેં, જબ લગિં ગાયો ગાવે રે; કાજ સર્યાં મુંહ ભી ન લગાવેં, ખિણમેં છેહ દીખાવેં રે....ઇમ૦ ।।૧૦।। હુંતી ભામિણી પ્રેમવિલુદ્ધી, તે પિણ સુણી પ્રતિબુદ્ધી રે; વાલી વળેં સદા પડસુંદી, પણ ન વલેં શીલા સુંધી રે....ઇમ૦ ।।૧૧।। પૂરવલી પણ પ્રીત ન તોડું, નેહ નવલો હવે જોડું રે; હું સાહિબકો સંગ ન છોડું, તિમ આપો ન વિછોડું રે....ઇમ૦ ।।૧૨।। એકમતો કીધો મનરંગે, વ્રત લેવા પ્રભુસંગે રે; શ્રી જિનરાજ વચન આસંગે, પાલે પ્રીતિ અભંગે રે....ઇમ૦ ।।૧૩।।

।। દુહા ।।

[1]ધન થિર કરી આવે વહી, શાલિકુમરની પાસ;
હરિ જિમ ત્રાડકી કહે, એણીપરે વચનવિલાસ ।।૧।।
હવે લાલચ કરતાં થકાં, સબલ પડે છે ચૂક;
કરે શૂર પોરસ ચઢે, એકણ ઘાવ બે ટૂક ।।૨।
પ્રેમ [2]પ્રીત બલ તોડવા, કાયર મ કરીશ કાંણ;
હું પછલ પૂંઠેરખો, તું હોઈ આગેવાન ।।૩।।
બોલાવ્યો ન રહે કદા, કેહરિ આવે ધાય;
આપોકાર્યો નર જે રહે, તે કિમ શૂર કહાય? ।।૪।।

---

૧ ધનાશાહ ૨ પ્રીત પા૦

વચણે મન બિમણું થયું, વાધ્યો વ્રત ઉચ્છરંગ;
વાર ન લાગે બેસતાં, પાસા ઉપરે રંગ ॥૫॥
પહેલાં પણ અધિકો હતો, સંયમ ઉપરે પ્રેમ;
[1]બહિનેવી વચને થયો, હરિ પાખરીયો જેમ ॥૬॥
ખરી ખબર આવી તિસે, સમવસર્યાં જિનરાજ;
શાલિ કહે હવે આપણી, આશ ફલશે આજ ॥૭॥

## ॥ ઢાળ બાવીશમી ॥

મેરી નગઇ તથા રાજ જો મીત્રે'....એ ઢાલ

આશ ફલી મેરી આશ ફલી, આશ ફલી પાઉ ધાર્યાં વીર; આગલ ગૌતમ સ્વામી વજીર....મેરી૰ ॥૧॥ હવે સંયમ લેતાં વાધી ભીર, હવે પામીશું ભવજલનિધિતીર મેરી૰ ॥૨॥ વ્રત લેવો જિનવરને હાથ, એક ઘેબર ને બૂરૂં સાથ....મેરી૰ ॥૩॥ મનમેળો કરીને જગનાથ, ઘાલીશું મુક્તિરમણીને બાથ....મેરી૰ ॥૪॥ પ્રભુ હાથે લઈ સંયમભાર, ખપ કરી પાલીશું નિરતિચાર....મેરી૰ ॥૫॥ કરશું અપ્રતિબદ્ધ વિહાર, લેશું નિરદૂષણ આહાર....મેરી૰ ॥૬॥ પહેરીશું શીલ દૃઢસંનાહ; ભાંજશું મયણતણો ભડવાહ....મેરી૰ ॥૭॥ તો સરીખો સાથી ગજગાહ, તો મુઝને શ્યાંની પરવાહ....મેરી૰ ॥૮॥ બ્હેન્ના હુત્રો મત લાવો વાર, આપણ બે થાશું અણગાર....મેરી૰ ॥૯॥ અનુમતિ લેવાનો આચાર, તિણ એ પૂછત્રો પરિવાર....મેરી૰ ॥૧૦॥ ધન્નો આવી નિજ આવાસ, સામહણી સજી મન ઉલ્લાસ....મેરી૰ ॥૧૧॥ મૂલ થકી મોડી ભવપાસ, પહુંચો વીર જિનેસર પાસ....મેરી આશ ફલી. ॥૧૨॥

---

૧ બનેવી.

॥ દુહા ॥

વાન ન સોખ્યું નાહરું, મેં કીરો અભ્યાસ;
હવે અનુમતિ દ્યો માતજી, સહી તજું ઘરવાસ ॥૧॥
જે દિન જાયેં ધ્રમ પખેં, પડે ન લેખેં તેહ;
હું પરદેશી હુઈ રહ્યો, હવે શ્યું કરવો સનેહ ॥૨॥
આજૂણો દીસે તસિં, કદ્દી તિસી પરિ વાત (?);
તૃણ જિમ માયા પરિહરી, છોડી ચલીશું માત ॥૩॥
મરતાં ને જાતાં થકાં, રાખી ન શકે કોઇ;
પણ જો ભાસ ન કાઢીઈ, તો મન ઢીલો હોઈ ॥૪॥

## ॥ ઢાળ ત્રેવીશમી ॥

સાધુજી ભલે પધાર્યાં રે આજ....એ દેશી.
સમયમેં ગોયમ! મ કર પ્રમાદ...એ ઢાલ.

ધીરજ જીવ ધરે નહિજી, ઉલટયો વિરહ અથાહ; છાતી લાગી ફાટવાજી, નયણે નીર પ્રવાહ રે....જાયા! તુમ વિણ ઘડી રે છ માસ. ॥૧॥ જાયા તુમ વિણ ઘડી રે છ માસ, માસ વરિસ કિમ વોલશ્યેંજી, જુઓ હૈયેં વિમાસ રે....જાયા૦ ॥૨॥ કુણ કહેશેં મુઝ માયડીજી, ઘડી ઘડીનેં છેહ; કહીશું કેહને નાનડોજી, સબલ વિમાસણ એહ રે....જાયા૦ ॥૩॥ હરખેં ન [1]દીધો હાલરોજી, વહુય ન પાડી પાય; તે વાંઝણી થઈ છૂટશેજી, હું કિણ ગાન ગિણાઇ રે....જાયા૦ ॥૪॥ ગહપૂરિત ગિણતી નહીજી, હું કિણહી ને ગાન; સીંહણ લાખેણો જણેજી, એક લાખ સમાન રે....જાયા૦ ॥૫॥ [2]આંત્રલૂહણું તું માહરેજી, કાલેંજાની કોર; તું વત્સ! અંધાલાકડીજી, કિમ હુવે

---

[1] ગાયો પા૦ [2] આંત્રલ્રૂહણૂં પા૦

કઠીન કઠોર રે....જાયા૦ ॥૭॥ ચઢતી તુઝ મુખ જોયવાજી, દહાડામાં દશ વાર; તે પણ ભુંય ભારે હુંસેજી, કુણ ચઢશે ચોબાર રે....જાયા૦ ॥૮॥ જો બાલાપણ સાંભરેજી, શીયાલાની રાત; તો [1]જામિણીને ને છોડવાજી, સહીય ન કાંઢે વાત રે....જાયા૦ ॥૯॥ બૂઢાંપણે સુખિણી હશ્યું રે, હતી મોટી આસ; ઘર સૂનો કરી જાય છે જી, માતા મૂકી નિરાસ રે....જાયા૦ ॥૧૦॥ દીસે આજ દયામણોજી, એ તારો પરિવાર; સેવકને સ્વામી પખેજી, અવર કોણ આધાર રે....જાયા૦ ॥૧૧॥ મહેલ કોણ રખવાલશેજી, કવણ કરશે સાર; એકઈ જાએ બાહિરેજી, સહુ સૂનો સંસાર રે....જાયા૦ ॥૧૨॥ વત્સ! તું ભોજન સમેંજી, હિયડે બેસીશ આઈ; જો માતા કરી લેખવે જી, તો તું છોડી ન જાય રે....જાયા૦ ॥૧૩॥ સાલ-તણી પરેં સાલશેંજી, એ મુઝ અહિઠાણ; પ્રાણ હોશેં હવે પ્રાહુણાંજી, ભાવે જાણ મ જાણ રે....જાયા૦ ॥૧૪॥ સુતવિરહે દુઃખ માતનેજી, કહી ન શકે કવિરાજ; જાણે પુત્રવિયોગિણીજી, ઇમ જંપે જિનરાજ રે....જાયા૦ ॥૧૫॥

॥ દુહા ॥

સાસુજી થાકયાં કહી, હવે ... પણની વાર;
કહેવો છે આપણ વસુ, કરવો છે પ્રિયુ સાર ॥૧॥
કહેવો ઓચરશેં જિકું, જાણ્યાં છે નિરધાર;
પણ ઈણ અવસર નારીને, કહેવાનો [2]વ્યવહાર ॥૨॥
નેહ ગહેલા માનવી, મૂકી કુલ આચાર;
તે શ્યું છે જે નહિ કહે, વીછડવાની વાર ॥૩॥

---

१ तो जामिणी| तरछोडवाजी पा० २ आचार पा०

કવિજન જનમુખ સાંભળી, જોરે વયણ વિચાર;
પણ એ જેમાંહે વદે, જાણે તેહિજ સાર ॥૮॥

## ॥ ઢાળ ચોવીસમી ॥

પાણીડાં પાઓ રે ભાઇ ! હું તરસો થયો રે....એ દેશી.
રૂડી રે રબારણ રાંમલી પદમિણી રે....એ દેશી.

પાલવ ઝાલી શ્યું કહઇં રે, લોક ચિહુંરી સાખ; એ પણ છોરૂં છે માય બાપના રે; છોડો અવગુણ દાખ ॥૧॥ નાહલીએ વિલુદ્ધી ઓલંભા દીયે રે, ભામિણી ભરી ભરી આંખ; નેહલીએ ગહેલી સાંકન કાં કરે રે, કહે માથા વડિ નાંખ(?) નાહ૦ ॥૨॥ દૂર ન કરતો નજરથી રે, તું અમને ક્ષણ માત્ર; આજ ચાલે છે ઉભી મૂકીને રે, ચૂકે છે એણી વાત....નાહ૦ ॥૩॥ સીખ કરી વાટે મીલ્યા રે, વીછડવાની વાર; તેં તો અમશું સીખ ન કાં કરી રે, અનિવડ જેમ વિચાર....નાહ૦ ॥૪॥ તે છાનાં રાખ્યાં હતાં રે, પણ જાણ્યા લક્ષણ તેહ; મુહ ઉપરલી કરતો તું સહુ રે, પણ નવિ ધરતો નેહ....નાહ૦ ॥૫॥ આપ સ્વારથ ચીંતવે રે, છોડી ચાલ્યો નીરધાર; દૈવ ન દીધો એક 'કણુંકડો રે, જે હુવે અમ આધાર....નાહ૦ ॥૬॥ આશા વિલુબ્ધાં માણસાં રે, બાધા વરસ વિહાય; આશા કિશી જમવારો ગાલશું રે?, તે ધો કંત બતાઇ....નાહ૦ ॥૭॥ પહેલાં સંગ ન છોડતો રે, હવે દીઠી ન સૂહાય; દેખી જિમ મેરૂ ચઢાવીને રે, ધરી નાંખી ધ્રસકાય....નાહ૦ ॥૮॥ જીવદયા મનમાં વસી રે, તિણે લ્યો સંયમભાર;

૧ 'કણુંકડો' કણું કાઢનાર=પુત્ર,

આરડતી છોડો છો ગોરડી રે, એ તુજ કુણ આચાર?....
નાહ૦ ॥૯॥ પુરૂષ કઠોર હૃદય હુએં રે, લોક કહે
તે ન્યાય; તિલભર તું છીજેં ભીંજે નહિ રે, લાખ
લોક કહી જાય....નાહ૦ ॥૧૦॥ ઘડે નવાં ભાંજે
ઘડયાં રે, રતને લાવેં ખોડિ; દોષી દૈવ ન દેખી
શકે ઈસી રે, એ આપણની જોડિ....નાહ૦ ॥૧૧॥
વીજ પડે જેસીતણે રે, [1]પડતે ઉપરે કાંય; જો
ડાખેડા જોતા પાંતર્યો રે, લોભે ચીત્ત લગાય (?)....
નાહ૦ ॥૧૨॥ ઘાટ કમાઈ આપણી રે, અવર ન દીજે
દોષ; પણ પડતો આલંબન લે સહુ રે, કરે અવરશું
રોષ....નાહ૦ ॥૧૩॥ વાણી શ્રી જિનરાજની રે, વસી
જીયાં રે ચિત; તે તો ભૂલાવ્યો ભૂલે નહિ રે, રાખે
અવિહડ પ્રીત....નાહ૦ ॥૧૪॥

॥ દુહા ॥

ભામિની વિવિધ વચન સુણી, ડોલ્યાં નહીય લગાર;
કનકાચલ ડોલે નહિ, જો વાજેં પવન હજાર ॥૧॥
એકમનો સંપેખીને, દીધી અનુમતિ માત;
સદા નિહોરો નિબલનો, નહિ સબલાની લાત ॥૨॥
જેમ જમાલી સંચર્યો, વ્રત લેવાની ખંત;
તિણિપરે ઋદ્ધિવિસ્તાર ને, શાલિકુમર પણ જંત ॥૩॥
શાલિભદ્ર-ધન્નાભણી, આપણપે જિનરાજ;
સહી હાથે વ્રત દેઈ કહે, સારો આતમકાજ ॥૪॥
તામ સુભદ્રા પણ ગ્રહે, પંચમહાવ્રતધાર;
ધર્મકર્મ હલીમલી કરે, તે વિરલા સંસાર ॥૫॥

૧ પતદાં પા૦

## ॥ ઢાળ પચ્ચીશમી ॥

રાગ— સોરઠ, હંસબાઈરી જાતિ— ઢાળ.

કરમ કરે તિમહી હોય....એ દેશી.

કર જોડી આગલ રહી, લઈ પરિજનને પાસે રે; દુઃખભરી છાતી ફાટતી, ભદ્રા એણીપરે ભાસે રે....કર૦ ॥૧॥ મેં વત્સ થાપણની પરે, આપ્યો છે તુમ્હ સાર રે; કોડિ જતન કરી રાખજો, મત ઘાલો વીસારી રે....કર૦ ॥૨॥ તુંકારો દીધો નથી, સહુ કો કરતો જી જી રે; તિણ કારણ જગજીવને હટક મ દેજો ખીજી રે....કર૦ ॥૩॥ તપ કરતો એ નાનડો, મુઝ પીહર વારજો રે; ઉનાલે આતાપના, નિરતી કરવા દેજો રે....કર૦ ॥૪॥ મેં કાલેજો માંહરો, દીધો છે તુમ સારૂ રે; જિમ જાણો, તિમ રાખજો, કહેવાનો આચારૂ રે....કર૦ ॥૫॥ શીખ કિશી સપરીછને, કહેતાં હુંઈ અવહેલા રે; પણ માવીત સદા કહે, વીછડવાની વેલારે....કર૦ ॥૬॥ તું વ્રત લે છે પાલવા, પણ સાચે મન પાલે રે; નાન્હાં મોટાં વ્રતતણાં, દૂષણ સઘલાં ટાલે રે....કર૦ ॥૭॥ પૂત પનોતા શું થયા, સંયમ લીધાં માટે રે; જે તપ કરી કાયા કસે, ફલ તો તેહિજ ખાટે રે....કર૦ ॥૮॥ નિશિભર ત્રીજી પોરસી, સૂવું તૃણ સંથારે રે, સેજ સુકોમલ જે તજી, તે તું મત સંભારે રે....કર૦ ॥૯॥ ચોથું વ્રત રખવાલજે, વાડો મ ભાંજણ દેજે રે, ચૌદ સહસ અણગારમાં, શોભા અધિકી તું લેજે રે....કર૦ ॥૧૦॥ પરઘર જાતાં ગોચરી, મત અભિમાન ધરીજે રે; આપ મરજાદા નિત રહેજે રે, ગુરૂકી શીખ ધરજે રે....કર૦ ॥૧૧॥ વત્સ કાચલીએ

જીમતો, મનમાં સૂગ ન આણે રે; મત તું ઓછો ઉતરે, સાધુતણે સહિનાણે રે....કર૦ ॥૧૨॥ સીંહપણે વ્રત આદરી, સીંહપણે આરાધે રે; સો બોલે એક બોલ છે, આપસવારથ સાધે રે....કર૦ ॥૧૩॥ ઇમ શીખામણ દઇ કરી, ફરી પાછી ઘરેં આવે રે; એક ઘડી પણ માતનેં, વરિસાં સો સમ જાવે રે....કર૦ ॥૧૪॥

॥ દુહા ॥

પર ઉપગારી પરમગુરૂ, સાધુતણે પરિવાર;
સંયમ સમર્પી શાલિને, કરે અન્યત્ર વિહાર ॥૧॥
સાધુ શાલિ ચિત્ત ચીંતવે, ધન દીહ મુજ આજ;
નિર્દૂષણ વ્રત પાળીનેં, સારૂં આતમ કાજ ॥૨॥
શ્રી જિનવર સાથે કરે, અપ્રતિબંધ વિહાર;
ગ્રહણા ને આસેવના, શીખે શિક્ષા સાર ॥૩॥
તપ જપ કરી કાયા કસે, અરસનિરસ આહાર;
સમિતિ ગુપ્તિ નિત સાચવે, ચરણ કરણ આધાર ॥૪॥
ગામાગર પુર વિચરતાં, રાજગૃહી ઉદ્યાન;
ભવસાગર તારણ તરણ, સમવસર્યા વર્ધમાન ॥૫॥
પુત્રરતન આગમ સૂણી, હરખી ભદ્રા માત;
દીધી લાખ વધામણી, કહી જિણે એ વાત ॥૬॥

## ॥ ઢાલ છવ્વીસમી ॥

પંથીડાની ઢાળ.

બંન્બે મુનિવર વીહરણ પાંગર્યાંજી, લેઈ વીર-કન્હેં આદેશ રે; એ તનદુર્જન વિણભાડે દીયેરે, ન ખસે પગભર પણ રચે દેસરે....બંન્બે૦ ॥૧॥ માસખમણનો તુમનેં પારણું, વત્સ! થાશે માયડીને હાથે રે; ઇણીપરે ચૌદસહસ અણગારમાં રે; સ્વમુખે ભાખે શ્રી જગનાથ

રે....બ૦ ॥૨॥ તપ જપ ખપ કરી કાયા શોષવી રે, તિમ વળી અરસવિરસાહાર રે; ઘરેં આવ્યા પણ કિણહી ન ઓલખ્યાં રે, એ કોણ છે બે અણગાર રે....બ૦બે૦ ॥૩॥ જિનવર આગમ સાહમણી સજે રે; ભદ્રા નંદન-વંદન કાજરે; કિણ કારણ ભિક્ષુક ઉભા તુમેં રે, ભિક્ષાનો અવસર નહિ આજ રે....બ૦બે૦ ॥૪॥ સાચું વચન કરવા જિનરાજનું રે; ફરી આવ્યા વલી બીજી વાર રે; તો પણ પેસણ ન દે પોલીયા રે, રોકી રાખ્યાં ઘરનેં બહાર રે.... બ૦બે૦ ॥૫॥ ઇણ ઘર પેસણ કો નવિ દીયે રે, તો શ્યો વહેરણનો વિસાસ રે; જિણ ઘર આવકાર ન આવતાં રે, તીણ ઘર ભોજનની શી આશ રે?....બ૦બે૦ ॥૬॥ વચન અલીક ન થાયે વીરનો રે, પેસણ પણ ન લહે ઘર મોઝાર રે; એ શું ઉખાણો સાચો થયો રે, એક મારી મા ને વલી વાંઝણી રે?.... બ૦બે૦ ॥૭॥ તિણ કુલ સાધુ ન પેસે પાતરેં રે, જિણ ઘરેં જાતાં હોય અપ્રીત રે; એમ વિમાસીને પાછા વળ્યાં રે, એહિજ સુવિહિત મુનિ રીત રે....બ૦બે૦ ॥૮॥ હતું માસખમણનું પારણું રે, પણ મન ડોલાવ્યું ન લગાર રે; અધિકેરો તપ અણલીધે હુવે રે, લીધે દેહનેં આધાર રે....બ૦બે૦ ॥૯॥ વળતાં મારગે મહિયારી મળી રે, માથા ઉપરીં ગોરસ માટ રે; થંભાણી પગ ભરિ ન શકે ખસી રે, દેખી શાલિકુમારનો ઘાટ રે....બ૦બે૦ ॥૧૦॥ લોચન વિકસ્યાં તનમન ઉલ્હસ્યાં રે, રોમાંચિત થઈ સારી દેહ રે; ઝરવા લાગ્યું ખીર પયોધરે રે, જાગ્યો પૂરવભવનો નેહ રે....બ૦બે૦ ॥૧૧॥ વહેરાવે ગોરસભાવે ચઢી રે, વિહરીને ચિંતે સવિનીત રે; કાનકાચલ પણ ચલે ચાલતો રે, ન ચલે

વીરવચન [1]સુવદિત રે....અ૦એ૦ ॥૧૨॥ જગગુરૂ ભાસઈ સંશય ટાળવાં રે, એ પણ પૂરવભવની માત રે; વિહ-રણ જાતાં આ જ કહી હુંતીરે, મેં પણ તુમને નીરતી વાત રે....અ૦એ૦ ॥૧૩॥ સંગમને ભવહુતી માંડીને રે, સઘલી વાત કહી જિનરાજ રે; સહુને મન અચરિજ ઉપન્યું રે, ઐ ઐ કર્મતણાં એ કામકાજ રે....અ૦એ૦ ॥૧૪॥

॥ દુહા ॥

શ્રી જિનવર મુખ સાંભળી, પૂરવભવ વિરતંત;
શાલિ વિચારે કરમગતિ, એણીપરે સાધુ મહંત ॥૧॥
વાછરૂઆં ચરાવતો, હું પાછલિ ભવેં દશ વીશ;
ઈણ ભવેં કરીઆણો કીયો, શ્રેણિક મગધાધીશ ॥૨॥
પાછલિ મનસા ખીરની, પૂરી હુંતી નીઠ;
નિરમાલ્ય થાતો કનક, ઈણ ભવેં સઘલે દીઠ ॥૩॥
ભવ પહેલે હું પહેરતો, માંગી પરની ખોલ;
ઈણભવે વહુએ પગ લૂહીને, નાંખ્યાં કંબલ સોલ ॥૪॥

## ॥ ઢાલ સત્તાવીશમી ॥

ચોપાઈની દેશી.

કીધું માસખમણ પારણું, તનુ અથામ જાણી આપણું; આગલ કરી શ્રી ગૌતમસ્વામી, તે પૂછે પ્રભુ અવસર પામી ॥૧॥ જિણ કારણ ભાડો દીજતો, હવે તે લાભ નથી દીસતો; અશનાદિક ચઉવિહ આહાર, તેહતણો કરવો પરિહાર ॥૨॥ પ્રભુ ભાખે થાયેં સુખ જેમ, દેવાણુપ્પિય ? કરવું તેમ; તહત્તિ વચન કરી બેહું ચલ્યા, ગૌતમ સ્વામી સખાઇ મિલ્યાં. ॥૩॥ મન

[1] સુવિદિત રે પા૦

વચન કાયાએ કરી, જે દૂષણ સંયમ આશરી; લાગ્યાં હુતાં તે સંભારી, આલોવે નિંદે તિણીવારી ॥૪॥ ચોરાશી લખ જોનિ ખમાવી, સબહુંશું કરી મૈત્રી સ્વભાવ; મન શુદ્ધે પ્રણમી સયલ જિનેશ, ધરમાચારજ વીર વિશેષ ॥૫॥ અણસણ લયે પાદપની પરે, ઇષ્ટ કંત કાયા પરિહરે; ચ્યાર ચતુઃશરણાં ઉચ્ચરીયાં, આપણપેં આપે ઉદ્ધરીયાં. ॥૬॥ હવે ધરતી મન અધિક જગીશ, આગલ કરી વહુઅર બત્રીશ; ભદ્રા ઋદ્ધિતણે વિસ્તાર, સમવસરણ પહોંચ્યા જિણવાર ॥૭॥ દે પ્રદક્ષિણ વીરજિણંદ, વાંદ્યા અવર મુનીશવૃંદ; નયણ ન દેખે શાલિમહંત, કર જોડી પૂછે ભગવંત ॥૮॥ ચઢી વૈભારશિખર મુનિરાય, આદરી અણસણ છોડી કાય; સા પ્રભુમુખ એમ વચન સાંભલી, ભદ્રામાતા ધરણી ઢળી ॥૯॥ વિવિધ વિલાપ તિસીપરી કીયા, જિણ ફાટે વિરહાતુર હીયાં; સાથે વહુપર લે ગિરિવર ચડી, પોઢયો સુત દેખી આરડી ॥૧૦॥ સાથે શ્રેણિક અભયકુમાર, તે સમજાવે વારંવાર; ગણીયઇ તાસ જનમ કયત્થ, જે વ્રત ધરે સાધે પરમત્થ ॥૧૧॥

॥ દુહા ॥

પેખી શીલાપટ ઉપરે, પોઢયો પુત્ર રતન;
હીયડાં તું જો ફુટતો, તો જાણુત ધન્ય ધન્ય ॥૧॥
રે હીયડાં! તું તો નિઠુર, અવર ન તાહરી જોડ;
એવડે વિરહે વિહસતો, જતન કરે લખ કોડ ॥૨॥
હીયડાં! તું ઈણ અવસરે, જો હોવત શતખંડ;
તો જાણુત હેજાલુઓ, બીજો સહુ પાખંડ ॥૩॥
મુજ હીયડું ગિરિશિલથી, કઠીન કીયું કીરતાર;
ઘણુ ઘાએ વિરહાંતણો, ભેદ્યં નહી લગાર ॥૪॥

## ॥ ઢાળ અઠ્ઠાવીશમી ॥

રાગ-કેદારો. મયણરેહા ગીતની દેશી
સરજણહારાં સાંભલો રે હાં........એ દેશી.

ઈતિરા દિન હું જાણતી રે હાં, મીલશેં વાર બે ચાર મેરે નંદના; હવે વત્સ મળવો દોહિલો રે હાં, જીવનપ્રાણ આધાર....મેરે નંદના૦ ॥૧॥ માયડી નયણે નીહાલ રે હા, બોલો બોલ બે ચાર મે૦; અણ બોલ્યા ઈણિવાર, થાએ કેમ કરાર....મેરે૦ મા૦ ॥૨॥ એણી અવસરના બોલડાં રે હાં, જે બોલીશ દશ વીશ મે૦; તે મુજ આલંબન હુશ્યે રે હાં, સંભારીશું નિશ-દીશ....મેરે૦ મા૦ ॥૩॥ તપ કરતો ગણતો નથી રે હાં, [1]કાયાનો લવલેસ....મે૦; સહુકો માણસ આવીને રે હાં, ઈમ કહેતાં સંદેશ....મેરે૦ મા૦ ॥૪॥ પણ હું સાચું ન માનતી રે હાં, [2]છે તો તેહિજ દેહ....મે૦; [3]પિંજરરૂપ નીહાલીનેં રે હાં, સાચ માનું હવે તેહ.... મેરે૦ મા૦ ॥૫॥ ભૂખ ખમી શકતો નહિં રે હાં, તરસ ન સહતો તેમ....મે૦; માસખમણ પાણીપખે રે હાં, તેં કીધાં છે કેમ ?....મેરે૦ માય૦ ॥૬॥ સુરત-રૂફલ આસ્વાદતો રે હાં, અન્નતણો આચાર....મે૦; તેં કેમ કીધું પારણે રે હાં, અરસ વિરસ આહાર.... મેરે૦ માય૦ ॥૭॥ હાથે ઉછેર્યો હતો રે હાં, લેતી તાહરી ઢાલ....મે૦; કહિને શ્યું છાનો હુવે રે હાં, મા હુંતી મોસાલ....મેરે૦ માયડી૦ ॥૮॥ વ્રત લેતાં છાંડી હુંતી રે હાં, તેં ભામિણી નિરધાર....મે૦; હમણાં વલી અણબોલવે રે હાં, ખંતી ઉપરે દે ખાર....મેરે૦ માયડી....

---

१ कायाने ही पा० २ दीठो तेहिज पा० ३ नजरें पा०

॥૯॥ ચલતો ઇણ ગામાંતરે રે હાં, લાંબો દીયે છેં છેહ....મે૦; થાશેં જન્માંતર હવેં રે હાં, હમ તુમ નવલ સનેહ....મેરે૦ માયડી૦ ॥૧૦॥ પાછલ વીતક વીતશ્યેં રે હાં, જાણે લોક રતાર....મે૦; જિમ તિમ [1]રોતાં [2]વોલીસે રે હાં, એ સારી જમવાર....મેરે૦ માયડી૦ ॥૧૧॥ ઇણ ડુંગર ચઢવાતણી રે હાં, આજપછી છે સીમ....મે૦; [3]હાડી લાવેં જો પંખીયા રે હાં, તો મન ભાંજે નીમ.... મેરે૦ માયડી૦ ॥૧૨॥ ઘરેં આવી આવી પાછાં વળ્યાં રે હાં, જંગમ સુરતરૂ જેમ....મે૦; તે દુઃખ વીસરે નહિં રે હાં, હવે કહો કીજે કેમ?....મેરે૦ માયડી૦ ॥૧૩॥ એકરસો ઘરઆંગણે રે હાં, સહી હાથે પ્રતિલાભંત.... મે૦; લાહ્યો નરભવ આપણો રે હાં, તો હું સફલ ગણંત....મેરે૦ માયડી૦ ॥૧૪॥ આજુણેં અણબોલણેં રે હાં, ભલો ન કહેશેં કોઈ....મે૦; પ્હડયો પેટ જે આંપણો રે હાં, તો કલિ ઉથલ હોઇ....મેરે૦ માયડી૦ ॥૧૫॥ એ સાજન મેલાવડો રે હાં, તે જાણો સહુ કૂડ.... મે૦; હવે લાલચ કીજે કીસ્યું રે હાં, આપ મૂઆં જગ બૂડ....મેરે૦ માયડી૦ ॥૧૬॥ તે વિરહીજન જાણશેં રે હાં, વીતક દુઃખની વાત....મે૦; નેહેં ભેદાણી હશેં રે હાં, જેહની સાતે ધાત....મેરે૦ માયડી૦ ॥૧૭॥ આશાવિલુદ્ધાં માણસાં રે હાં, જમવારો પણ જાય.... મે૦, દૈવે નિરાસ કીયા પછેં રે હાં; પાપી મરણ ન થાય....મેરે૦ માયડી૦ ॥૧૮॥ હું પાપિણી સરજી અછું રે હાં, દુઃખ સહેવાનેં કાજ....મે૦; દુઃખીયાંને ઉતાવલો રે હાં, મરણ ન ઘે મહારાજ.... મેરે૦ માયડી૦ ॥૧૯॥ મીઠાં બોલ ન બોલજ્યો

---

૧ મુઝનઇ પા૦ ૨ વોલશે=જશે, વોલસ્યેં પા૦ ૩ અસ્થિ

રે હાં, મત કરજ્યો કાસીશ....મે૦; નયણે નીહાલો ન્હાનડાં રે હાં, જિમ પાછી હું વીષ....મેરે૦ માયડી૦ ॥૧૯॥

॥ દુહા ॥

માતા વિવિધ વચનો કહ્યાં, ધરતી નિબિડ સનેહ;
પણ સમતારસમાં ઝીલતાં, નાણે મનમેં તેહ ॥૧॥
ભામિની બત્રીશે મળી, કીધાં કોડ વિલાપ;
પણ નાવ્યો મનઢુંકડો, તસ વિરહાનલનો તાપ ॥૨॥

## ॥ ઢાળ ઓગણત્રીશમી ॥

રાગ-ધન્યાશ્રી. ઈણુ અવસરેં ઈંદ્ર ચીંતવે....એ દેશી.

ઈણુ અવસર શ્રેણિક પરચાવે, ભદ્રા ફરી ઘર આવેજી; પડિલાભી ન શકી પ્રસ્તાવે, ગાઢી પછતાવેજી ॥૧॥ શાલિભદ્ર ધન્નો ઋષિરાયા, તાસ નમું નિત્ય પાયાંજી; જે તપ જપ ખપ કરી કસી કાયા, સુધાં સાધુ કહાયાજી ॥૨॥ નાનાં મોટાં દૂષણ ટાલી, કલિ-મલ પંક પખાલીજી; ચરમ સમય જિનવર સંભાલી, સુધાં અણસણ પાલીજી ॥૩॥ બાર વરસ સંયમ આરાધી, આપ સ્વારથ સાધીજી; સુરગતિ કર્મનિકાચિત બાંધી, સર્વારથ સિદ્ધ લાધીજી ॥૪॥ સુરસારે સુરભવન વિચાલેં, પણ નવિ નાથ નિહાલેજી; પોતાનો બોલ્યો સંભાલે, હરખિત હુવો તિણેં કાલેજી ॥૫॥ સરવારથસિદ્ધકુંતી ચવશેં, મુનિવર નરભવ લહેશેંજી; મહાવિદેહે વ્રત આદરશેં, અવિચલ શિવસુખ વરશેંજી ॥૬॥ પરતક્ષ દાનતણાં ફલ જાણી, ભાવ અધિક મન આણીજી; અઢલક દાન આપો ભવ્ય પ્રાણી, એ શ્રી જિનવર વાણીજી ॥૭॥ સાધુચરિત કહેવા મન તલસેં, નિગુ-

એ ભાસો હરખેંજી; [1]સોલસય અઠોત્તર વરસે, આસો વદિ છઠી દિવસેજી ॥૮॥ જિનસિંહ સૂરિશિષ્ય મતિ-સારે, ભવિયણને ઉપગારેજી; શ્રી જિનરાજ વચન અનુસારે, ચરિત કહ્યો સુવિચારેજી ॥૯॥ એણીપરે સાધુતણાં ગુણ ગાવેં, જે ભવિયણ મન ભાવેંજી; અલિયવિઘન તસ દૂર પલાવેં, મનવંછિત ફલ પાવેંજી ॥૧૦॥ એ સંબંધ ભવિક જે ભણશે, એકમના સાંભ-લશેજી; દુઃખ દોહગ તે દૂરે [2]ગમશે, મનવંછિત ફલ લહશેજી ॥૧૧॥ इतिश्री शालिभद्र धन्नारासचरित्रः समाप्तः॥

## ઇતિ શ્રી ધન્ના-શાલિભદ્રનો રાસ સંપૂર્ણ

શાસનકંટકોદ્ધારક પૂ. આ. શ્રી હંસસાગરસૂરિજી મ. હસ્તલિખિત જ્ઞાનભંડાર-ઠળીઆ (૧) પ્રત નં. ૪૭૮ પાના ૫૭ (૨) પ્રત નં. ૪૮૮ પાના ૧૪ (૩) પ્રત નં. ૫૨૯ પાના ૧૯ (૪) પ્રત નં. ૧૧૫૧ પાના ૧૯ની હસ્તલિખિત પ્રતિઓના આધારે આ અપ્રકટ રાસનું સંશોધન કરવા પૂર્વક પહેલી જ વાર પ્રગટ કરવામાં આવેલ છે.]

१ सोलहसें अठितरि पा० २ टलसें पा०

સનકંટકોદ્ધારકસૂરિજી જૈન જ્ઞાન મંદિરનું

## નવું પ્રકાશન

તાલધ્વજગિરિ–તલાજા તીર્થે વિ. સં. ૨૦૪૧ના
સુદિ ૫ને રવિવારે દીર્ઘસંયમી પ્રૌઢ સંયમમૂર્તિ
ાધ્વીજી શ્રી અંજનાશ્રીજી મહારાજ શ્રી ચતુર્વિધ
ની નિર્યામણા સાથે સમાધિ પૂર્વક સ્વર્ગવાસ પામ્યા
તેઓશ્રીના પુણ્ય સ્મારક રૂપે–

**પૂ. સાધ્વીજી શ્રી અંજનાશ્રીજી સ્મારક ગ્રંથમાળા**

તરફથી જુના અને અપ્રાપ્ય રાસાઓ છપાવવાની જયોતિ
ર્વિદ્ પૂ. પં. શ્રી નરેન્દ્રસાગરજી મ. તથા પૂ. સાધ્વીજી
શ્રી વિદ્યાશ્રીજી મ. ને ભાવના થતાં તેઓશ્રીની પ્રેરણાથી
અમોએ આ નવું પ્રકાશન શરૂ કર્યું છે. અને નીચે જણાવ્યા
મુજબ રાસમાલા સંગ્રહના બે ભાગ પ્રસિદ્ધ થયા છે. કોપી
મર્યાદીત હોવાથી તુરત વસાવી લેવા વિનંતિ છે.

**શ્રી રાસમાલા સંગ્રહ ભાગ ૧ લો–રૂા. ૫–૦૦**

૧–મહાસતી શ્રી અંજનાસુંદરીનો રાસ, ૨–શ્રી ગૌતમ
પૃચ્છા ચોપાઈ, ૩–કર્મવિપાક અથવા શ્રી જંબૂપૃચ્છાનો
રાસ, ૪–શ્રી લીલાવતી ... સ.

**શ્રી રાસમાલા સંગ્ર**ગ પ્રસિદ્ધ થયા છે. કોપી ...૦૦
લેવા વિનંતિ છે.

૧–શ્રી કયવન્ના શાહ ... ભદ્રનો રાસ.

**શ્રી રાસમાલા સંગ્રહ** લો–રૂા. ૫–૦૦

૧–શ્રી ચંદ્રશેખર રાજાનો રાસ. ૨ શ્રી ગૌ...

: પ્રાપ્તિ સ્થાન :

**શ્રી શાસનકંટકોદ્ધારક સૂરિજી જૈન જ્ઞાન મંદિર**

જી. ભાવનગર, વાયા–તળાજા, મુ. ઠળીયા